

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૮, ઓક્ટોમ્બર - ૨૦૧૪
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-






॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ
સહિત અમેરીકાની ભૂમિ પર...

# સત્સંગ વિચરણ

**22nd Nov. - 03rd Dec. 2014**



**22nd Nov. - 23rd Nov.**
Bhumi Pujan Mahotsav
Houston, Texas



**26th Nov. - 01th Dec.**
**Murti Pratishtha Mahotsav**
**Richmond, VA**



**03rd Dec. 2014**
**Divya Satsang Sabha**
**New Jersey**

For More Information
Please Contact
**732-930-1008**

For More Information &
Live broadcast Please
Visit : **www.svg.org**



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ : ૨, અંક : ૯, તા. ૨૦-૧૦-૧૪**

**પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**:: પ્રસિદ્ધ કર્તા ::**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્થ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

**લેખક :-** સાધુ અમૃતસ્વરૂપદાસ

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

www.sardhardham.com, www.svg.org

Email : srdharmandir@gmail.com


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | દેવભૂમિ હરિદ્વાર : એક અવલોકન | ૦૪ |
| ૨. | તપોભૂમિ ઋષિકેશ | ૧૬ |
| ૩. | હરિદ્વારમાં શ્રી નીલકંઠ વર્ણીવિશે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ | ૨૦ |
| ૪. | શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ | ૩૦ |
| ૫. | પ.પૂ. ૧૦૮ શ્રી આચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી | ૩૪ |
| ૬. | સત્સંગ સમાચાર પત્રિકા | ૩૮ |



**લવાજમ દર :-**

બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**



હમારા લક્ષ્ય
विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી આચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્ય અમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૯.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦



છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦ શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૯૯૫૫૧૩. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦




# દેવભૂમિ હરિદ્વાર : એક અવલોકન

સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



હિમાલય ભારતનું **મસ્તક** છે અને ઉત્તરાખંડ હિમાલયનું **હૃદય** છે. હિમાલયના બધા વિભાગોમાં **ઉત્તરાખંડ** મધ્યમાં છે. હિમાલય ભારતમાતાના મસ્તકનો **મુકુટ** છે અને ઉત્તરાખંડ તે **મુકુટ**નો **મણિ** છે. કાશ્મીર અને હિમાચલ પ્રદેશ ઉત્તરાખંડની પશ્ચિમમાં છે અને નેપાલ તથા પૂર્વાંચલ ઉત્તરાખંડની પૂર્વમાં છે. તિબેટ ઉત્તરાખંડની ઉત્તરે છે. ધર્મ, સંસ્કૃતિ, તીર્થસ્થાનો, નદીઓ અને પહાડોને દૃષ્ટિ સમક્ષ રાખીને વિચારીએ તોપણ ઉત્તરાખંડ હિમાલયનો સૌથી મહત્ત્વપૂર્ણ **ખંડ** છે.

એક દૃષ્ટિએ જોઈએ આખો હિમાલય ભારતનો ઉત્તર તરફનો ભાગ છે અને તે અર્થમાં આખો હિમાલય ઉત્તરાખંડ ગણાય. પરંતુ **'ઉત્તરાખંડ'** શબ્દ આખા હિમાલય માટે નહિ પણ હિમાલયના એક **ખાસ ખંડ** માટે વપરાય છે. આ શબ્દપ્રયોગ ઉત્તરાખંડનું **ગૌરવ** અને **મહત્ત્વ** સૂચિત કરે છે.

ગઢવાલ અને કુમાઉ સાથે મળીને ઉત્તરાખંડ બને છે. ગઢવાલ માટે પ્રાચીન નામ **કેદારખંડ** અને કુમાઉ માટે પ્રાચીન નામ **કૂર્માંચલ** છે. એટલે ઉત્તરાખંડમાં કેદારખંડ અને કૂર્માંચલ ખંડ સમાયેલા છે. આધુનિક પરિભાષામાં કહીએ તો ઉત્તરપ્રદેશના હિમાલયીન વિસ્તારને ઉત્તરાખંડ કહે છે.

ભારત દેશના **અતિ મહત્ત્વના તીર્થો** ઉત્તરાખંડમાં છે. યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, પંચકેદાર, સપ્તબદ્રી, સતોપથ, હેમકુંડ, ચૌદ પ્રયાગ, ઉત્તરકાશી, ગોમુખ, તપોવન, નંદનવન અને હરિદ્વાર આદિ મહત્ત્વના તીર્થો ગણાય છે. અને આ બધા હિમાલયીન તીર્થો ઉત્તરાખંડમાં છે. આપણી સૌથી પવિત્ર નદીઓનું ઉદ્‌ગમસ્થાન ઉત્તરાખંડમાં છે. યમુના, ભાગીરથી (ગંગા), મંદાકિની, અલકનંદા, નંદાકિની, સરયૂ, ગોમતી, રામગંગા, જાડગંગા, કાલીગંગા (શારદા), પિંડારગંગા, ધૌલીગંગા, આદિ નદીઓને **વિશેષ પવિત્ર નદીઓ** ગણવામાં આવે છે. અને આ બધી જ નદીઓ ઉત્તરાખંડમાંથી વહે છે. આપણાં નોંધપાત્ર અને વિશિષ્ટ મહત્ત્વના **પવિત્ર પર્વત શિખરો** પણ ઉત્તરાખંડમાં છે. નરપર્વત, નારાયણ પર્વત, નીલકંઠ, નંદાદેવી, દ્રોણાચલ, દ્રોણગિરિ, શ્રી કૈલાસ, શિવલિંગ, સતોપથ, સ્વર્ગારોહિણી, ભાગીરથ ૧-૨-૩, મેરુ, સુમેરુ, કેદારશિખર આદિ પવિત્ર પર્વત શિખરો આ જ વિસ્તારમાં છે.

ઉત્તરાખંડમાં **૧૦૮ પ્રયાગ** હોવાનું કહેવાય છે. તેમાંથી **પાંચ પ્રયાગ** પ્રધાન છે, જેમને ઉત્તરાખંડના પંચપ્રયાગ કહેવામાં આવે છે : ૧. દેવપ્રયાગ, ૨. રુદ્રપ્રયાગ, ૩. કર્ણપ્રયાગ, ૪. નંદપ્રયાગ અને ૫. વિષ્ણુપ્રયાગ.

ઉત્તરાખંડ તો **તીર્થભૂમિ** છે. અહીં અપરંપાર તીર્થો છે. તેમાંથી **મુખ્ય તીર્થો** આ છે :

હરિદ્વાર, ઋષિકેશ, દેવપ્રયાગ, યમુનોત્રી, ઉત્તરકાશી, ગંગોત્રી, ગોમુખ, બદ્રીનાથ, કેદારનાથ, જોષીમઠ, રુદ્રપ્રયાગ, ચંદ્રવદની દેવી, સપ્તબદ્રી, પંચકેદાર, હેમકુંડ, તપોવન, કાલીમઠ, કાલીશિલા, ગુપ્તકાશી, ઉખીમઠ, ગોપેશ્વર, જાગેશ્વર, બાગેશ્વર, બૈજનાથ, સોમેશ્વર, દ્વારાહાટ, દૂનાગિરિ, પૂર્ણાગિરિ, તારકેશ્વર, સતોપથ, બુઢ્ઢાકેદાર આદિ તીર્થસ્થાનો ઉપરાંત અન્ય દર્શનીય સ્થાનો પણ હિમાલયમાં પાર વિનાનાં છે. પ્રમુખ દર્શનીય સ્થાનો આ પ્રમાણે છે : દહેરાદૂન, મસૂરી, ઔલી (જોષીમઠ), ગોહના-તાલ, ડોડીતાલ, નૈનીતાલ, ભીમતાલ, રાણીખેત, પાતાલ-ભુવનેશ્વર, અલમોડા, વેલી ઓફ ફ્લાવર, રૂપકુંડ, હોમકુંડ, હરકીદૂન, પિંડારી હિમનદી, કણ્વાશ્રમ, કોરબેટ નેશનલ પાર્ક, રાજાજી નેશનલ પાર્ક, તપોવન, નંદનવન, માનાગ્રામ આદિ,

સામાન્ય જનસમાજમાં હિમાલયની તીર્થયાત્રા એટલે **ઉત્તરાખંડની તીર્થયાત્રા** એમ ગણાય છે. તેમને મન ઉત્તરાખંડ એટલે હિમાલય અને હિમાલય એટલે ઉત્તરાખંડ. ઉત્તરાખંડ સિવાયના હિમાલયમાં ઘણા તીર્થો છે અને મૂલ્યવાન તીર્થો છે પણ સામાન્યતઃ ઉત્તરાખંડને

વિશેષ રીતે તીર્થભૂમિ ગણવામાં આવે છે. તેનાથી ઉત્તરાખંડની વિશેષતા સૂચિત થાય છે. શાસ્ત્રોમાં વિધાન છે કે, સંન્યાસ ગ્રહણ કર્યા પછી નવસંન્યાસીએ ઉત્તરાખંડના તીર્થોની **પગપાળા યાત્રા** કરવી જોઈએ.

સૃષ્ટિ સૌંદર્યની દૃષ્ટિએ પણ આ વિસ્તાર **અત્યંત સમૃદ્ધ** છે.

હિમાલયના બધા ખંડોમાંથી કાશ્મીર અને હિમાચલ પ્રદેશ મુસ્લિમ આક્રમણનો ભોગ બન્યા છે. તેથી તે બંને વિસ્તારોમાં **મંદિરો**ની તોડફોડ ખૂબ થઈ છે. કાશ્મીર તો ધર્મ અને સંસ્કૃતિની દૃષ્ટિએ મહદ્ અંશે ઈસ્લામિક બની ગયું છે. હિમાચલ પ્રદેશ પર પણ કંઈક અસર જોવા મળે છે. હિમાલયના બાકીના ખંડોમાં મુસ્લિમ આક્રમણકારો પહોંચ્યા નથી. ઉત્તરાખંડ પણ મુસ્લિમ આક્રમણથી મુક્ત રહી શક્યો છે. તેથી આ વિસ્તારમાં મંદિરોની તોડફોડ થઈ નથી. તેમજ જનજીવન, ધર્મ અને સંસ્કૃતિ પર ઈસ્લામિક અસર ખાસ જોવા મળતી નથી.

મુસ્લિમ આક્રમણના કાળમાં પોતાના ધર્મને બચાવવા માટે લાખો લોકો મેદાની વિસ્તાર છોડીને હિમાલયના આ વિસ્તાર-ઉત્તરાખંડમાં આવીને વસ્યા છે. તેમના વંશજોથી આ વિસ્તાર ભરપૂર છે. હિમાલયના લગભગ બધા વિસ્તારોના ઉત્તરી વિભાગમાં બૌધ્ધોની વસ્તી છે. કાશ્મીર વિભાગમાં લડાખ બૌધ્ધ ધર્મી છે. હિમાલય પ્રદેશમાં લાહુલ, સ્પિતિ અને કિન્નર પ્રદેશ બૌધ્ધ ધર્મી છે. નેપાલનો ઉત્તરી વિસ્તાર બૌધ્ધ ધર્મીઓથી ભરપૂર છે. સિક્કીમ અને ભૂતાન તો બૌધ્ધ ધર્મી જ છે. અરુણાચલમાં પણ બૌધ્ધ ધર્મ છે. ઉત્તરાખંડ આમાં અપવાદરૂપ છે. ઉત્તરાખંડના ઉત્તરી વિસ્તારમાં છેક તિબેટની સરહદ સુધીમાં પણ ક્યાંય બૌધ્ધોની વસ્તી નથી. મુસ્લિમો પણ આ વિસ્તારમાં નથી. ઉત્તરાખંડ મહદ્ અંશે હિન્દુ વસ્તી ધરાવતો ખંડ છે.

પૌરાણિક વર્ણનની દૃષ્ટિએ વિચારીએ તો કોલ, કિરાત, યક્ષ, ગંધર્વ, કિન્નર, નાગ આદિ જાતિઓ હિમાલયના આ વિસ્તારમાં વસતી હતી. મહાકાવ્યોમાં પણ આવા અપરંપાર ઉલ્લેખો મળી આવે છે. કાલિદાસના 'મેઘદૂત'નો યક્ષ હિમાલયનો જ હતો. ત્યારપછી ઉત્તરાખંડના પ્રધાન નિવાસીઓ તરીકે કિરાત ઉપરાંત ખસ અને શક જાતિના ઉલ્લેખો જોવા મળે છે.

મૌર્ય, શુંગ, ગુપ્ત અને કુષાણ-વંશનું **શાસન** ઉત્તરાખંડમાં રહ્યું છે, પરંતુ તે શાસન કુલિન્દ આદિ સ્થાનિક શાસકોના માધ્યમ દ્વારા રહ્યું હતું. મધ્યયુગમાં ઉત્તરાખંડમાં અનેક રાજાઓનું અલગ-અલગ વિસ્તારોમાં શાસન રહ્યું છે.

ઉત્તરાખંડના બે **મુખ્ય વિભાગ** છે : ગઢવાલ અને કુમાઉ. ગઢવાલના પણ **બે વિભાગ** છે : ટિહરી ગઢવાલ અને પૌડી ગઢવાલ. એક છત્ર ગઢવાલ રાજ્યની રચના થઈ ત્યાર પહેલા આ વિસ્તાર અનેક નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાયેલો હતો. દરેક રાજા પોતાના વિસ્તારનો સાર્વભૌમ શાસક ગણાતો. નાનાં નાનાં અનેક રાજાઓ અને તેમના દ્વારા બંધાયેલા અનેક ગઢ આ વિસ્તારમાં હતા. ગઢની પ્રચુરતાને કારણે આ વિસ્તારનું નામ **ગઢવાલ** પડ્યું છે. પંવાર વંશના રાજા અજયપાલે આ બધા રાજાઓને જીતીને વિશાલ **ગઢવાલ રાજ્ય**ની સ્થાપના કરી. પ્રારંભમાં તેમની **રાજધાની** ચંદ્રપુર ગઢમાં હતી. આ કિલ્લો કર્ણપ્રયાગથી આદિબદ્રીના રસ્તાની બાજુના એક પહાડ પર છે. હવે ખંડેર હાલતમાં છે. ત્યાર પછી ગઢવાલની યથાર્થ પ્રથમ રાજધાની **શ્રીનગર** શહેરમાં થઈ.

આ ગાળામાં ગોરખાઓએ ગઢવાલ પર આક્રમણ કર્યું. ગઢવાલના રાજાએ અંગ્રેજોની મદદ માગી અને અંગ્રેજોની મદદથી ગોરખાઓને હાંકી કાઢ્યા. ગઢવાલના રાજા પોતાનું રાજ્ય તો સંભાળી શક્યા પણ રાજ્યનો કેટલોક વિસ્તાર તેમણે અંગ્રેજોને આપી દેવો પડ્યો. શ્રીનગર અંગ્રેજોના વિસ્તારમાં ગયું તેથી તેમણે નવી રાજધાની કીર્તીનગરમાં વસાવી. ત્યારપછી ટિહરી વસાવ્યું અને રાજધાની ટિહરીમાં બદલી. અંગ્રેજોએ

પોતાના વિસ્તારનું વડું મથક પૌડીમાં રાખ્યું. આ રીતે ગઢવાલના બે વિભાગ થયા. અંગ્રેજોના તાબાનું **પૌડી ગઢવાલ** અને ગઢવાલના ક્ષત્રિયરાજાઓનું **ટિહરી ગઢવાલ.** છેલ્લે ટિહરીના રાજાએ રાજધાની ટિહરીથી બદલીને નવા બાંધેલા નગર નરેન્દ્રનગરમાં બદલી. આમ, ગઢવાલની રાજધાની વારંવાર બદલાતી રહી.

ઉત્તરાખંડનો બીજો વિભાગ કુમાઉ છે. તેનું પ્રાચીન નામ **કૂર્માંચલ** છે. પૌરાણિક માન્યતા એવી છે કે, કુમાઉખંડના ચંપાવત વિસ્તારમાં કૂર્મભગવાનનો અવતાર થયો હતો. તેથી આ પર્વતીય વિસ્તારનું નામ કૂર્માંચલ પડ્યું છે. ખરેખર મૂળ કૂર્માંચલ તો આ ચંપાવત વિસ્તારનું નામ છે પણ કાળે કરીને આ નામ આખા ખંડ માટે પ્રચલિત બન્યું છે.

કુમાઉ રાજ્યનું મૂળ પાટનગર **ચંપાવત** છે. ત્યારપછી રાજા કલ્યાણચંદ્રે ઈ.સ. ૧૫૬૦માં અલમોડાની સ્થાપના કરી અને સત્તાનું કેન્દ્ર અલમોડામાં ફેરવાયું. કુમાઉ વિસ્તારમાં ૨૦૦૦૦ ફૂટથી અધિક ઊંચાઈના ૮૦ હિમશિખરો છે. મહાત્મા ગાંધીજી કુમાઉના **કૌશાની** નામના સ્થાનમાં રહ્યા હતા. અને કુમાઉના સૃષ્ટિ સૌંદર્ય અને હવામાનથી ઘણા પ્રસન્ન થયા હતા. કૈલાસ માનસરોવરની યાત્રા માટે અનેક પગપાળા માર્ગ છે. પરંતુ અત્યારે જે માર્ગે જવાય છે તે કુમાઉમાંથી પસાર થાય છે. તેથી વર્તમાન પરંપરા મુજબ કૈલાસ માનસરોવરના પદયાત્રીઓને આવતા-જતા કુમાઉમાંથી પસાર થવું પડે છે.

ઉત્તરાખંડના લોકો સરળ, પ્રામાણિક, ધર્મ પરાયણ અને મહેનતું છે. યાત્રીઓ તરફનો તેમનો વહેવાર ઘણો સારો છે. યાત્રીઓને તેઓ ઘણી રીતે ઉપયોગી થાય છે. ચોરી, છેતરપિંડી, લૂંટ આદિ પ્રસંગો બહુજ ઓછા પ્રમાણમાં બને છે. યાત્રિકો નિર્ભયતાથી ગમે તે વિસ્તારમાં ફરી શકે છે.

સમગ્ર હિમાલયની પ્રજાની જેમ ઉત્તરાખંડની પ્રજા પણ **ઉત્સવપ્રિય** અને **મેળા પ્રિય** છે. અહીં અનેક મેળાઓ ભરાય છે અને અનેક ઉત્સવો ઊજવાય છે. કોઈ ને કોઈ મેળો અને કોઈ ને કોઈ ઉત્સવ અહીં વર્ષભર ચાલતા જ રહે છે.

ઉત્તરાખંડ રાજ્યનું પાટનગર **દહેરાદૂન** છે. આ રાજ્યની વસ્તી અંદાજીત ૧ કરોડથી વધારે છે. ઉત્તરાખંડની **મુખ્ય ભાષાઓ** ત્રણ છે - ગઢવાલી, કુમાઉની અને હિંદી. આ ઉપરાંત બીજી થોડી તિબેટો-હિમાલયી બોલીઓ પણ બોલાય છે. ઉત્તરાખંડમાં અંગ્રેજી જાણનાર-બોલનાર લોકો પણ છે.

ઉત્તરાખંડ રાજ્યમાં **૧૩ જિલ્લાઓ** છે : ૧. ઉત્તરકાશી, ૨. ચમોલી, ૩. દહેરાદૂન, ૪. ટિહરી ગઢવાલ, ૫. પૌડી ગઢવાલ, ૬. રુદ્રપ્રયાગ, ૭. અલમોડા, ૮. પિથોરાગઢ, ૯. નૈનીતાલ, ૧૦. બાગેશ્વર, ૧૧. ચંપાવત, ૧૨. ઉધમસિંહનગર અને ૧૩. હરિદ્વાર.

હરિદ્વાર એક એવું **તીર્થ** છે કે જેનું દરેક લોકો માટે **અલગ-અલગ મહત્ત્વ** છે. કોઈના માટે હરિનો દ્વાર એટલે હરિદ્વાર. કોઈના માટે મોક્ષ પ્રાપ્તિનું સ્થાન, કોઈના માટે પિતૃઓની શાંતિનું સ્થાન, કોઈના માટે પર્યટન સ્થળ, કોઈના માટે નિવૃત્તિ પછીની પ્રવૃત્તિનું સ્થાન તો કોઈના માટે કમાણીનું સ્થાન છે **હરિદ્વાર.** ભૌગોલિક દૃષ્ટિએ જોઈએ તો શિવાલિક પર્વતમાળાઓની તળેટીમાં વચ્ચે આવેલું હરિદ્વાર ઉત્તરાખંડનું દ્વાર છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો હરિદ્વારનું પ્રાચીન નામ **'માયાપુરી'** હતું, પરંતુ આઠમી સદીમાં માયાપુરી ખંડેર બની ગઈ. ત્યારબાદ ત્યાં **ગંગાદ્વાર** નામે નવું નગર વસ્યું હતું અને ગંગા નદીના લીધે જ તે મહત્ત્વનું તીર્થધામ બન્યું. નામ ગંગાદ્વાર બાદ **'હરિદ્વાર'** રાખવામાં આવ્યું હતું અને તેની આસપાસ કનખલ અને જ્વાલાપુર નામના નગર હતા. હરદ્વાર યાત્રાળુઓનું નગર, જ્વાલાપુર પંડાઓનું ધામ અને કનખલ સંન્યાસીનો વાસ બન્યા. આ નગરોની વચ્ચે કોઈ સમાનતા હતી તો **ગંગા નદી.** આ ત્રણેય નગરની વચ્ચે સેતુ બાંધી એક મોટું નગર બનાવવામાં આવ્યું હતું જેનું



નામ રહ્યું 'હરિદ્વાર.'

શાસ્ત્રો લખે છે : 'काशीकाञ्ची च मायाख्या त्वयोध्या द्वारवत्यपि । मथुरावन्तिका चैताः सप्तपुर्योऽत्र मोक्षदाः ।।' - કાશી, કાંચી, માયાપુરી (હરિદ્વાર), અયોધ્યા, દ્વારિકા, મથુરા અને અવન્તિકા - આ **સાત પુરી** મોક્ષદાયિની છે.

હિમાલયના મહત્ત્વના તીર્થોમાં **'હરિદ્વાર'** ઉત્તરાખંડનું દ્વાર છે. હરિદ્વારને કોઈ **'હરદ્વાર'** પણ કહે છે. બદ્રીનાથ (હરિ)ની યાત્રા માટે આ દ્વાર છે તેથી તે 'હરિદ્વાર' છે અને કેદારનાથ (હર)ની યાત્રા માટે પણ આ દ્વાર છે તેથી તે 'હરદ્વાર' પણ છે. ભગવતી ભાગીરથી ગંગા અહીંથી હિમાલય છોડીને મેદાનમાં પ્રવેશે છે. તેથી **'ગંગાદ્વાર'** પણ કહેવાય છે.

ભારતનો સૌથી મોટા મેળો **કુંભમેળો** છે. કુંભમેળાના ચાર સ્થાનોમાં હરિદ્વાર પણ એક છે. હરિદ્વારમાં દર બાર વર્ષે કુંભમેળો અને કુંભમેળા પછીના છ વર્ષે **અર્ધકુંભમેળો** ભરાય છે. કુંભ મેળા દરમ્યાન હરિદ્વારમાં ભારતભરના સાધુ-સંતો તથા વિશાળ જનમેદની એકઠી થાય છે. આ કુંભમેળાની **કથા** અને **સ્વરૂપ** પણ સમજવા જેવા છે.

દેવો અને દાનવોએ સાથે મળીને **સમુદ્રમંથન** કર્યું. તેમાંથી અનેક રત્નો નીકળ્યાં. અને આખરે **અમૃતકુંભ** લઈને ભગવાન ધન્વંતરિ બહાર આવ્યા. અમૃત માટે દેવો અને દાનવો વચ્ચે વિવાદ શરૂ થયો. વિવાદે સંઘર્ષનું રૂપ ધારણ કર્યું. બ્રહ્માજીની સૂચનાથી ગરુડજી આ અમૃતકુંભ લઈને દોડ્યા. અસુરો તેમની પાછળ પડ્યા. આ ઝપાઝપી દરમ્યાન ચાર વખત અમૃતકુંભ પડી ગયો. જે ચાર સ્થાનોએ આ અમૃતકુંભ પડી ગયો તે **ચાર સ્થળો** - ૧. હરિદ્વાર, ૨. પ્રયાગરાજ, ૩. ઉજ્જૈન અને ૪. નાસિક. અમૃતકુંભ જે ભૂમિ પર થોડો વખત પણ રહ્યો તે ભૂમિનું એક **વિશેષ મહત્ત્વ** ઊભું થયું. એટલે આ ચારે પવિત્ર સ્થાનોમાં એક વિશિષ્ટ મુહૂર્ત વખતે સ્નાનનું ખાસ મહત્ત્વ છે. આવું મુહૂર્ત દરેક સ્થાનમાં દર બાર વર્ષે આવે છે. તેથી તે વખતે તે તે સ્થાને વિશાળ મેળો ભરાય છે. આ મેળાને **કુંભમેળો** કહે છે. ગુરુ અને સૂર્યની વિશિષ્ટ સ્થિતિ મુજબ કુંભમેળાનો સમય નિશ્ચિત થાય છે.

૧. હરિદ્વાર - કુંભ રાશિમાં ગુરુ અને મેષ રાશિમાં સૂર્ય. ૨. પ્રયાગરાજ - વૃષભરાશિમાં ગુરુ અને મકર રાશિમાં સૂર્ય. ૩. ઉજ્જૈન - સિંહ રાશિમાં ગુરુ અને મેષ રાશિમાં સૂર્ય. ૪. નાસિક - સિંહ રાશિમાં ગુરુ અને સિંહ રાશિમાં સૂર્ય.

ગુરુ બાર વર્ષમાં રાશિચક્ર પૂરું કરે છે. તેથી ઉપરોક્ત દરેક સ્થળે તે જ પ્રકારનું ગ્રહમાન બાર વર્ષે આવે છે. એટલે ચારેયમાંના દરેક સ્થળે બાર વર્ષે કુંભમેળો ભરાય છે. સૂર્ય એક વર્ષમાં રાશિ ચક્ર પૂરું કરે છે. એટલે કે એક રાશિમાં એક મહિનો રહે છે. એટલે કુંભમેળો એક મહિના સુધી ચાલુ રહે છે. ચારમાંના **બે સ્થાનો** - હરિદ્વાર અને પ્રયાગરાજમાં **અર્ધકુંભમેળો** પણ થાય છે. કુંભમેળા પછી બરાબર છ વર્ષે અર્ધકુંભ ભરાય છે.

ઐતિહાસિક રીતે જોઈએ તો કુંભમેળાનો **સમ્રાટ હર્ષ** સાથે સંબંધ છે. સમ્રાટ હર્ષ ઉપરોક્ત ચારેય સ્થાનોમાં વારાફરતી સમગ્ર ભારતના બધા સાધુઓને નિમંત્રણ આપતો અને તે વખતે સેના સિવાયની પોતાની તથા રાજ્યની સમગ્ર મિલકતનું દાન કરતો. પહેરલાં વસ્ત્રો સુધ્ધાં દાનમાં આપી દેતો અને પોતે પોતાની બહેન પાસેથી દાન માગીને એક વસ્ત્ર મેળવતો અને તે પહેરીને ફરીથી રાજ્ય વહીવટ શરૂ કરતો હતો. આ રીતનો ક્રમ ચાલુ જ રહ્યો. તે વખતથી સાધુઓના મહાસંમેલનની પરંપરા ચાલુ થઈ અને તે જ પરંપરા આજે કુંભમેળા રૂપે જોવા મળે છે.

કુંભમેળો મૂલતઃ સાધુઓનો મેળો છે પણ હવે તો સામાન્ય જનસમાજ પણ વિશાળ પ્રમાણમાં લાભ લે છે. ભારતભરના બધા સંપ્રદાયના લગભગ સમગ્ર સાધુ સમાજના એક જ સ્થળે દર્શન કરવા હોય અને સાધુસમાજનો પરિચય મેળવવો હોય તો કુંભમેળો

આદર્શ સ્થાન છે. ભારતભરના દૂર-દૂરના સ્થાનોમાં રહેતા સાધુઓ કુંભમેળામાં અવશ્ય આવે છે. હિમાલયની દૂરદૂરની ગુફામાં રહેતા અને ભાગ્યે જ બહાર નીકળનારા સાધુઓ પણ કુંભમેળામાં પધારે છે. વિરાટ જનમેદની અને ભીડને ભેદીને અંદર ઊતરતા આવડે તો દેખાય છે કે, કુંભમેળામાં સાત્ત્વિક, એકાંતપ્રિય અને સાધનપરાયણ સાધુઓ પણ આવે છે. કુંભમેળો બહારથી એક ભીડ જેવો લાગે છે. પરંતુ ભીડ તો કુંભમેળાનો બાહ્ય દેખાવ છે. આ ભીડમાં અનેકવિધ ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સામૂહિક અને વ્યક્તિગત સ્વરૂપે ચાલુ હોય છે. જેમને સત્સંગમાં જ રસ હોય તેમને તેવા સાધુઓ પણ કુંભમેળામાં મળી રહે છે. જેઓ ભારતના સાધુસમાજનો પરિચય મેળવવા ઈચ્છતા હોય તેમને માટે કુંભમેળો **ઉત્તમ તક** છે. કુંભમેળો ભારતનું એક **મહાન પર્વ** છે.

હરિદ્વાર એક તીર્થધામની સાથે સાથે એક સુંદર પર્યટક સ્થળ તરીકે પણ આકાર લઈ રહ્યું છે. હરિદ્વારની નજીક ઋષિકેશ, મસૂરી જેવા જોવાલાયક સ્થળ પણ આવેલા છે. હરિદ્વારમાં પણ અલગ-અલગ થીમને લઈને ભગવાનની ઝાંખી અને લીલાપ્રસંગો કંડારી લે તેવા મંદિરો અને મૂર્તિઓ બનાવવામાં આવી છે. હરિદ્વાર નાના નાના ઝરણાઓ અને પર્વતો દ્વારા પ્રાકૃતિક દૃષ્ટિએ પણ સુંદરતા ધરાવે છે

હરિદ્વારમાં આમ તો દેશ-વિદેશથી અસંખ્ય લોકો **યાત્રાળુઓ** આવતા હોય છે, પરંતુ જો એક સર્વે મુજબ જોઈએ તો તેમાં ગુજરાતીઓની સંખ્યા વિશેષ રૂપે અંકિત થાય છે. હરિદ્વારમાં ગુજરાતી ટુરીસ્ટરની સંખ્યા એટલી વધારે છે કે ત્યાંના નાના-નાના વેપારીઓથી લઈ રહેવાસીઓ અને ભિક્ષુકો સુધીના લોકોને ગુજરાતી ભાષા સમજતા-બોલતા આવડી ગઈ છે. ત્યાં સુધી કે અહીં ગુજરાતી થાળી અને ભોજનાલયોની સંખ્યા ૨૦૦થી વધારે છે. અહીં દર બીજી ગલીમાં ગુજરાતી નાસ્તા જેવા કે - થેપલા, ઢોકળા, ખાખરા, ગાંઠિયા, ફાફડા મળી રહે છે. અહીં ગુજરાતી ધર્મશાળાઓ-આશ્રમો અને ભવનો પણ ઘણા બધા છે. હોટેલ માલિકો અને ટ્રાવેલ એજન્સીના કહેવા મુજબ ૮૦ ટકા ધંધો ગુજરાતી ટુરીસ્ટ પર જ નિર્ભર છે. દેશના અન્ય રાજ્યોમાંથી પણ યાત્રાળુઓ આવે છે, પરંતુ ગુજરાતી તેમાં મોખરે છે.

ગુજરાતીઓ ખાસ કરીને શ્રાદ્ધ પક્ષમાં, દિવાળીમાં તથા ઉનાળું વેકેશનમાં આવવાનું વધારે પસંદ કરે છે. મધ્ય ઓગસ્ટથી નવેમ્બર સુધીમાં **ચારધામ યાત્રા** બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી પણ ખુલ્લા હોવાથી તે દરમ્યાન યાત્રિકોની સંખ્યા વધારે જોવા મળે છે. વિવિધ સમયે વર્ષ દરમ્યાન વિવિધ વાર-તહેવારો મુજબ અલગ-અલગ પ્રાંતના લોકો હરિદ્વારની તીર્થયાત્રા કરતા હોય છે. જેમ કે - નવરાત્રિ દરમ્યાન બંગાળી પ્રજામાં દુર્ગાપૂજા અને ગંગાસ્નાનનું મહત્ત્વ હોવાથી બંગાળી લોકો નવરાત્રિ દરમ્યાન હરિદ્વાર આવવાનું વધારે પસંદ કરે છે તો પંજાબી અને દેશના અન્ય પ્રાંતના લોકો શ્રાવણ મહિનામાં કાવડ મેળામાં, કુંભ મેળામાં અને ભાદરવી પૂનમે હરિદ્વારમાં વધારે આવતા હોય છે. તેમજ રાજસ્થાની, મારવાડી અને ગુજરાતી પ્રજા આસો માસમાં પિતૃતર્પણ, ગંગાપૂજન વગેરે કાર્યોના વિધાપન માટે હરિદ્વારમાં આવતા હોય છે.

હરિદ્વારથી યાત્રિકો ગરમ કપડાં ઉપરાંત તાંબાના લોટા, ડિશો, પિત્તળની આરતીની થાળીઓ, દીવા, ધૂપદાની જેવી વસ્તુઓ ખરીદતા હોય છે. તેમજ રૂદ્રાક્ષ, તુલસી અને સ્ફટીકની માળાઓ પણ ખરીદતા હોય છે. આ બધી વસ્તુઓ સરકારી **સર્ટીફાઈડ** કરેલ **ગેરેન્ટી કાર્ડ** સાથે વેચાણકેન્દ્રો પર મળી રહે છે, તેથી કોઈ છેતરાવવાનો ભય રહેતો નથી. જો તમે રોડ સાઈડ કે ફેરિયા પાસેથી આવા રત્નો, માળા કે રૂદ્રાક્ષ ખરીદો તો ખૂબજ ચકાસીને ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ. કેમ કે, અહીં છેતરામણીની તરકીબોનો તોટો નથી. એવું કહેવાય છે કે, ઓરીજિનલ રત્ન પરસ્પર અથડાતા સ્પાર્ક

થાય છે અને તેમાંથી તણખા ઝરે છે. પરંતુ વેપારીઓએ હવે તેનો પણ તોટો કાઢ્યો છે. હવે સારા કેરેટના એવા પથ્થરો પણ ઉપલબ્ધ છે જેની ઉપર કલર ચડાવીને રત્નો તરીકે બતાવવામાં આવે છે અને આ પથ્થરોની ખૂબી એ છે કે તે પણ ઓરીજિનલ રત્નોની જેમ સ્પાર્ક થાય છે. તેથી તેના પરીક્ષણ વિના સર્ટીફાઈડ ન હોય તેવા રત્નો ખરીદવા યોગ્ય નથી. એવું જ કંઈક રૂદ્રાક્ષમાં પણ જોવા મળે છે. એકમુખીથી ચૌદમુખી સુધીના રૂદ્રાક્ષ હરિદ્વારમાં મળે છે, જે મોટે ભાગે નેપાળથી લાવવામાં આવે છે અને તેમાં પણ ઠગાઈ થતી હોય છે. રૂદ્રાક્ષમાં દસમુખી રૂદ્રાક્ષને તોડીને ફરીથી ચોંટાડીને પાંચમુખી કે સાતમુખી દર્શાવવામાં આવે છે. કેટલીક જગ્યાએ તો પ્લાસ્ટિકના મણકાને રૂદ્રાક્ષના રંગરૂપ આપીને વેચવામાં આવે છે. હરિદ્વારમાં ફક્ત રત્નો કે રૂદ્રાક્ષ જ નહીં, પણ તાંબા-પિત્તળના વાસણો, અષ્ટ ધાતુમાં અને પૂજાની સામગ્રીમાં પણ ઠગાઈ થતી હોય છે. એ સિવાય અહીં મળતી જડીબુટી અને આયુર્વેદિક દવાઓમાં પણ ઠગાઈ થતી હોય છે.

હરિદ્વારમાં **કનખલ** એક એવી જગ્યા છે જ્યાં સંન્યાસીઓ વાસ કરે છે અર્થાત્ સંન્યાસીઓની નગરી તરીકે કનખલને ઓળખવામાં આવે છે. અહીં સંન્યાસ આશ્રમો, સંન્યાસિઓના તપ કરવા માટેના **મઠો** તેમજ **અખાડા** પણ આવેલા છે. હરિદ્વારમાં લગભગ ૫૦થી વધારે અખાડા આવેલા છે, જ્યાં વર્ષ દરમ્યાન દેશના અલગ-અલગ વિસ્તારથી હજારો સાધુબાવાઓ અને સંન્યાસીઓ આવે છે.

હરિદ્વારમાં વાંદરાઓની પણ કોઈ કમી નથી, તેથી તેનાથી પણ યાત્રિકોએ સાવધાની રાખવી જરૂરી છે. સ્થાનિક દુકાનવાળાઓએ આ વાંદરાઓને ટ્રેનિંગ આપીને તૈયાર કરેલા છે કે તમે જ્યારે દર્શન માટે લાઈનમાં ઊભા રહો ત્યારે તમારા હાથમાંથી પ્રસાદની થેલીઓ, તમે પહેરેલા ચશ્મા કે હાથમાં રહેલી અન્ય કીંમતી વસ્તુઓ આ વાંદરાઓ ખેંચી જાય છે અને જો દસની નોટ આપો તો જ તમારી વસ્તુ પાછી આપે છે. આમ, વાંદરાઓને તાલીમ આપી યાત્રિકો પાસેથી દુકાનવાળા દિવસ દરમ્યાન સારા એવા રૂપિયા કમાઈ લે છે.

ઉત્તરાખંડની **ચારધામ યાત્રા** બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી જવાનો **માર્ગ** હરિદ્વાર જ છે. આથી કહી શકાય કે, ઉત્તરાખંડના ચારધામની યાત્રા હરિદ્વારથી શરૂ અને હરિદ્વારમાં જ પૂરી થાય છે. આમ તો ગંગા નદી કાશી, પ્રયાગરાજ અને બિહારમાં પણ છે, પરંતુ હરિદ્વારમાં ગંગાનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ હોવાથી ગંગામાં ડૂબકી લગાવવા લોકો હરિદ્વારમાં વધુ આવતા હોય છે.

હરિદ્વારની પાવન ભૂમિ પર પગ મૂકતાવેંત, આધુનિક સંસારથી અલિપ્ત એવી કોઈ દિવ્યભૂમિમાં પ્રવેશ કર્યાનો હરકોઈ યાત્રિકને **સુખાનુભવ** થાય છે. હરિદ્વારનું દર્શન કરીને યાત્રિકોને લાગે છે કે, જાણે જુદી ને કંઈક અલૌકિક ભૂમિમાં આવી પહોંચ્યા. શિયાળાની સવારનો સમય હોય તો હિમાલયના પર્વતીય પ્રદેશમાંથી પતિતપાવની ગંગાના સ્પર્શ સાથે આવતો ઠંડો પવન દરેક યાત્રિકોનો સત્કાર કરે છે, ઉનાળો હોય તો તાપને દૂર કરીને તાજગી ભરે છે ને ચોમાસુ હોય તો તન-મનને પુલકિત કરે છે હરિદ્વાર એટલે **હિમાલયનું પ્રવેશદ્વાર.** હિમાલયની દૈવી ભૂમિમાં આવવાની ને પતિતપાવની ગંગામાં સ્નાન કરવાની ઈચ્છા લગભગ પ્રત્યેક ધર્મપ્રેમી ભારતીયના દિલમાં પેદા થતી હોય છે. જે અહીં આવવાથી તે પૂરી થાય છે.

હરિદ્વારમાં અજામિલે પોતાની પાછલી અવસ્થામાં સર્વત્યાગ કરી, સ્વાત્મ કલ્યાણની કામનાથી પ્રેરાઈને અહીં જ નિવાસ કરીને તપ દ્વારા પરમશાંતિની

પ્રાપ્તિ કરી હતી. સપ્તર્ષિઓએ દેવર્ષિ નારદજીને તથા મૈત્રેયે વિદુરજીને ભાગવતની કથા આ જ સ્થાનમાં સંભળાવી હતી. અધ્યાત્મમાર્ગના અનેક આરાધકોએ અહીં રહીને શાંતિ ને સિદ્ધિ મેળવી છે. ભર્તૃહરિએ અહીં જ તપસ્યા કરીને શાંતિ મેળવી હતી. એમના **'વૈરાગ્ય શતક'** ગ્રંથ પરથી એમના કાશીવાસની તથા હિમાલયવાસની પુષ્ટિ મળે છે. તેઓ લખે છે :

'गंगातरंगकणशीकरशीतलानि
विद्याधराध्युषितचारुशीलातलानि ।
स्थानानि किं हिमवतः प्रलयं गतानि
यत्सावमानपरपिण्डरता मनुष्याः ।।' -

'ગંગાના તરંગોના બિંદુઓ પડવાથી શીતળ થયેલા, વિદ્યાધર (ગાંધર્વ વિશેષ)થી સુશોભિત સુંદર પથ્થરના આસનવાળા હિમાલયના સ્થાનોનો શું નાશ થયો છે ? કે માણસો અપમાનપૂર્વક બીજાના અન્નને આરોગવામાં આનંદ માને છે ?'

આપણા માટે આ ધામનું વિશેષ માહાત્મ્ય તો એ છે કે, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ નીલકંઠવર્ણી વેશે તીર્થોમાં વિચરણ કરતી વખતે અહિં પધાર્યા હતા અને આ સ્થાનમાં હરકી પૈડી પર ગંગાસ્નાન કર્યું હતું. કુંભના મેળાને લીધે અપાર ગિરદી હતી એટલે શિવજી બ્રાહ્મણનું રૂપ લઈ વર્ણીને મંદિરમાં લઈ આવ્યા. વર્ણી ભૂખ્યા હતા તેથી પાર્વતીજીએ રસોઈ કરી જમાડ્યા, આમ શિવજી અને પાર્વતીએ પોતાના પરિવાર સહિત શ્રીજીમહારાજની સેવા તથા દર્શનનો લાભ લીધો. પંજાબ કેસરી રણજીતસિંહની વર્ણીપ્રભુ સાથે ઐતિહાસિક મુલાકાત પણ આ જ તીર્થમાં થઈ હતી. (સવિસ્તાર પ્રસંગો આગળના પ્રકરણમાં જોઈશું.)


હરિદ્વારમાં અનેક દર્શનીય સ્થાનો આવેલા છે. આપણે મહત્ત્વના **દર્શનીય સ્થાનો** વિષે માણીશું :

## હર કી પૈડી

ગંગાસ્નાન હરિદ્વાર તીર્થયાત્રાનું સૌથી મહત્ત્વનું અંગ છે. ગંગાસ્નાન માટે ગંગાજીના કિનારે અનેક ઘાટ બાંધવામાં આવ્યા છે. હર કી પૈડી ગંગાજીનો મુખ્ય ઘાટ છે. હર કી પૈડી વિશાળ ઘાટ છે એટલે બહુ મોટી સંખ્યામાં યાત્રિકો અહીં એક સાથે સ્નાન કરી શકે છે. હર કી પૈડીમાં પગથિયાં ઊતરીને ગંગા કિનારે પહોંચાય છે. પૈડી એટલે પગથિયાં. પગથિયાંને લીધે જ તેને 'પૈડી' કહે છે. શિવજી હિમાલયના અધિષ્ઠાતા દેવ છે તેથી આ ઘાટનું નામ 'હર કી પૈડી' પડ્યું છે. હર કી પૈડીના પગથિયાં ઊતરીએ એટલે **'બ્રહ્મકુંડ'** આવે છે. આ બ્રહ્મકુંડમાં સ્નાનનું માહાત્મ્ય છે. ગંગામૈયા આ બ્રહ્મકુંડમાંથી પસાર થાય છે. એક બાજુથી ગંગાજીનો પ્રવાહ આ બ્રહ્મકુંડમાં આવી બીજી બાજુથી બહાર નીકળે છે. તેથી કુંડ હોવા છતાં અહીં વહેતી ગંગા છે. હરિદ્વારના કુંભમેળા દરમ્યાન સાધુઓનું મુખ્ય સ્નાન અહીં બ્રહ્મકુંડમાં થાય છે. ભારતભરમાંથી લોકો પોતાના મૃત સ્વજનનાં અસ્થિ ગંગાજીમાં પધરાવા માટે અહીં આવે છે અને અસ્થિ વિસર્જન આ બ્રહ્મકુંડમાં થાય છે. ગંગાસ્નાન તો હરિદ્વારમાં અનેક સ્થળે થઈ શકે છે તેમાં **હર કી પૈડી** પર ગંગાસ્નાનનું વિશેષ મહત્ત્વ છે. હર કી પૈડી પર પણ ગંગાસ્નાન અનેક સ્થળે થઈ શકે છે તેમાં બ્રહ્મકુંડમાં સ્નાન સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે.

સંધ્યા આરતી સમયે ગંગાનું દૃશ્ય ખૂબજ રમણીય અને હૃદયસ્પર્શી જાય તેવું આકર્ષક હોય છે. હરિદ્વારમાં હર કી પૈડી પાસે **ગંગામાતાનું** એક સુંદર **મંદિર** બનાવવામાં આવ્યું છે. જ્યાં દરરોજ સાયંકાળે **એકવીશ આરતીથી** ગંગા માતા મંદિર અને ગંગા નદીની આરતી ઉતારવામાં આવે છે. આ સાથે હજારો યાત્રિકો પણ શ્રદ્ધાના દીવડાઓ પ્રગટાવી આ આરતીનો લાભ લે છે. ત્યારે ગંગા નદીનું દૃશ્ય પણ ખૂબજ

અલૌકિક અને અદ્‌ભુત હોય છે. આ હરકી પૈડીની સંધ્યા એટલે નાસ્તિકને પણ આસ્તિકતા અર્પે એવી ઐતિહાસિક દિવ્ય ક્ષણો. જ્યારે સંધ્યા આરતી થાય છે ત્યારે ગંગાજીનું પાણી ત્યાં ઘૂમરી લઈ જાણે કે સ્થિર થઈ ગયું હોય તેવી એક અનુભૂતિ થાય છે. આરતીને પ્રજ્વલિત કરવા માટે ગંગાજીનું જળ લઈ આરતી ઉપર નાખવામાં આવે છે. પાણી નાંખતાની સાથે જ આરતી પ્રજ્વલિત થાય છે. જ્યારે આરતી પૂર્ણ થાય ત્યારે એ જ ગંગાજીના જળથી આરતીના અગ્નિને બુજાવવામાં આવે છે. એવું એક ઐશ્વર્યકારી દિવ્યતાનું વાતાવરણ સંધ્યા આરતીમાં સર્જાય છે.



હર કી પૈડી

હર કી પૈડીને જ **ગંગાદ્વાર** પણ કહે છે : 'गङ्गाद्वारे कुशावर्ते, बिल्वके नीलपर्वते । स्नात्वा कनखल तीर्थे पुनर्जन्म न विद्यते ।।' - આ પાંચેય તીર્થો હરિદ્વારમાં છે અને તેમાં સ્નાન કરવાનું વિશેષ માહાત્મ્ય છે.




મનસાદેવી મંદિર

પૌરાણિક કથા મુજબ શિવજીએ ગંગાના પ્રવાહને રોકવા પોતાની જટામાં બાંધી લીધી હતી. ત્યારબાદ અયોધ્યાના સગર રાજાના પૌત્ર ભગીરથે મહાદેવજીની તપશ્ચર્યા કરીને પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કરવા ગંગાની એક ધારને વહેવડાવાની માગણી કરી અને ભગીરથ રાજાની કઠોર તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ગંગાની ધાર વહેવડાવી અને ભગીરથ રાજાની રથની પાછળ ગંગા વહેવા લાગી અને ભગીરથ રાજા આ રીતે ગંગાને હરિદ્વારની એ જગ્યા સુધી લઈ ગયા જ્યાં તેમના પૂર્વજોની અસ્થિ વિખરાયેલી હતી. ગંગાના વહેણમાં આ અસ્થિ અને રાખ ભળી જવાથી તેમના પાપ ધોવાયા. આથી આ સ્થળે અસ્થિ વિસર્જન ઘાટ બનાવવામાં આવ્યો અને હવે લાખો લોકો પોતાના પિતૃઓની અસ્થિ વિસર્જન કરવા માટે આ હરિદ્વારમાં ગંગાના આ કિનારે આવે છે. ત્યારબાદ રાજા શ્વેતે આ સ્થાને ઉગ્ર તપસ્યા કરી હતી અને બ્રહ્માજીએ તેનાથી પ્રસન્ન થઈ વરદાન આપ્યું હતું કે, આ જગ્યાએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સાથે નિવાસ કરશે. તેથી આ સ્થાન બ્રહ્મકુંડના નામે પણ ઓળખાય છે. તેથી ત્યાં **સ્નાન કરવાનું માહાત્મ્ય** વિશેષ છે. ત્યારબાદ રાજા વિક્રમાદિત્યના ભાઈ ભર્તૃહરિએ અહીં તપશ્ચર્યા કરી અમરપદ મેળવ્યું હતું. તેથી રાજાએ ભર્તૃહરિના નામે આ કુંડ પાસે પાથરીઓ બંધાવી તેથી તેનું નામ 'હર કી પૈડી' પડ્યું. આમ, સમયના અલગ-અલગ કાળે હરિદ્વારના ગંગાઘાટનું મહત્ત્વ બદલાતું રહ્યું છે.



દક્ષ પ્રજાપતિ - કનખલ

## ગૌઘાટ



શ્રી સ્વામિનારાયણ મંદિર
(અમદાવાદ ગાદીસ્થાન તાબાનું)

બ્રહ્મકુંડની દક્ષિણ તરફ આ ઘાટ છે. અહીં સ્નાન કરવાથી ગૌહત્યાના પાપમાંથી મુક્તિ મળે છે. એવી પરંપરાગત માન્યતા છે. પૂર્વે અહીં ગૌહત્યા

કરનારની શુદ્ધિ થતી. આ શુદ્ધિક્રિયાના ભાગરૂપે અહીં ગૌહત્યા કરનારને ભંગી પોતાના જોડાથી મારતા, પછી બ્રાહ્મણો મંત્રોચ્ચાર પૂર્વક ગંગાજીમાં સ્નાન કરાવતા. ત્યારપછી પ્રાયશ્ચિત્ત વિધિ થતી. એટલે તે વ્યક્તિ ગૌહત્યાના પાપમાંથી મુક્ત થઈ તેમ માનવામાં આવતું. આ વિશેષતાને લીધે આ ઘાટને **'ગૌઘાટ'** કહે છે.

## કુશાવર્તઘાટ

ગૌઘાટની દક્ષિણે આ ઘાટ છે. આ ઘાટને ભગવાન શ્રી દત્તાત્રેયની **તપોભૂમિ** ગણવામાં આવે છે. આ ઘાટે ભગવાન દત્તાત્રેયે દશ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું. એકવાર તેઓ તપમાં સંલગ્ન હતા ત્યારે ઘાટ પર મૂકેલા એમના વસ્ત્ર, કુશ, દંડ તથા કમંડલને ગંગા તાણી ગઈ. દત્તાત્રેયના તપનો પ્રભાવ એવો ભારે હતો કે એ બધી વસ્તુઓ ગંગાની ધારામાં વહેવાને બદલે એમની આજુબાજુ ગોળગોળ ફરતા ગંગાજળમાં ફરવા લાગી. એમની સમાધિદશા પૂરી થતાં દત્તાત્રેય ભગવાને એ જોયું તો ક્રોધે ભરાઈને એ ગંગાને શાપ આપવા માટે કે ભસ્મ કરવા માટે તૈયાર થયા. એ વખતે બ્રહ્મા તથા બીજા દેવતાઓએ આવીને એમની પ્રસન્નતા માટે સ્તુતિ કરી. ત્યારે દત્તાત્રેયે કહ્યું : "તમે આ સ્થાને નિવાસ કરો. ગંગાએ મારી કુશ જેવી વસ્તુઓને અહીં ચક્કર ફેરવી હોવાથી હવેથી આ સ્થળ **'કુશાવર્ત'** કહેવાશે. આ સ્થળમાં પિતૃઓને પિંડદાન દેવાથી એમની મુક્તિ થશે એમનો પુનર્જન્મ નહિ થાય." અહીં પિતૃતર્પણ કરવાના વિશેષ મહત્ત્વને લીધે મેષ સંક્રાતિ વખતે અહીં પિતૃતર્પણ માટે ભારે ભીડ થાય છે.

## નીલધારા અને નીલેશ્વર

ગંગાજીના સામેના કિનારાની બાજુએ રહેલા પહાડને **'નીલપર્વત'** કહે છે. આ નીલપર્વતની બાજુમાંથી વહેતી ગંગાજીની ધારાને **'નીલધારા'** કહે છે. આ નીલધારા જ ગંગાજીની **મૂળધારા** છે. હરિદ્વારમાં હર કી પૈડી પાસે વહેતી ગંગા તો નહેર બનાવીને તેમાં વહેતી ધારા છે. અલબત્ત, તે પણ ગંગાજીના પટમાં જ વહેતી ધારા છે. અને એ પણ સત્ય છે કે પ્રાચીનકાળમાં ગંગાજી બ્રહ્મકુંડના સ્થાન પાસેથી જ વહેતા હતા, ગંગા-યમુના જેવી વિશાળ નદીઓનો પટ ઘણો વિશાળ હોય છે. કોઈક સ્થળે આ મૂળ પટમાં પણ અનેક ધારાઓ વહેતી હોય છે અને કાળાંતરે આ ધારાઓમાં ઘણા પરિવર્તનો પણ આવતા હોય છે. નીલધારાની સામે પાર, નીલપર્વતની નીચે **નીલેશ્વર મહાદેવ**નું મંદિર છે. ઘણું પ્રાચીન મંદિર છે. બહુ ઓછા યાત્રિકો અહીં પહોંચે છે. પહાડની ગોદમાં ગંગાજીના કિનારે વનરાજીથી ઘેરાયેલું આ રમણીય સ્થાન છે. નીલેશ્વર મંદિરની બાજુમાં ગૌરીશંકર મહાદેવનું મંદિર પણ છે. નીલપર્વતની ટોચ ઉપર જંગલની વચ્ચે ચંડીદેવીનું મંદિર છે. અહીં જંગલી પ્રાણીઓનો ભય રહે છે. તેથી સામાન્યતઃ રાત્રે અહીં કોઈ રહેતું નથી. નીલપર્વતની પાછળના ભાગમાં ગાઢ જંગલ છે. આ જંગલમાં હાથીઓના ટોળાઓ જોવા મળે છે. વાઘ તથા દીપડાની વસ્તી પણ છે.

## બિલ્કેશ્વર મહાદેવ

હરિદ્વાર રેલ્વે સ્ટેશનથી હર કી પૈડી તરફ જતાં રસ્તામાં **લલતારો** નદીનો પુલ આવે છે. આ પુલ પાસેથી ડાબી બાજુએ એક રસ્તો જાય છે. આ રસ્તા પરથી બિલ્કેશ્વર મહાદેવ જવાય છે. રેલવે લાઈનની બાજુમાં બિલ્વ નામનો પહાડ દેખાય છે. આ પહાડની ગોદમાં બિલ્કેશ્વર મહાદેવનું મંદિર છે. પહેલા અહીં બિલીનું મોટું વૃક્ષ હતું. આ ઝાડના મૂળ પાસે બિલ્કેશ્વરનું શિવલીંગ છે. મંદિરથી થોડે આગળ જતાં ગૌરીકુંડ નામનું સુંદર જલસ્રોત છે. અહીં સ્નાનનું માહાત્મ્ય છે. 'કેદારખંડ' અધ્યાય ૧૦૭માં આ સ્થળનો ઉલ્લેખ કરતા

કહ્યું છે : ''પર્વત પરની કલ્યાણકારી શિવધારામાં સ્નાન કરનાર શિવસદંશ બની જાય છે. ત્યાં બિલ્વવૃક્ષની નીચે શિવલિંગ છે. હે નારદ ! એની દક્ષિણે અશ્વતર નામનો મહાનાગ રહે છે. એનું મસ્તક મણિવાળું છે. પાતાળગામી બિલ્વવૃક્ષની મદદથી એ પાતાળમાં આવ-જા કરે છે. અને કોઈવાર હરણ તો કોઈવાર મુનિનું રૂપ લઈને તીર્થોમાં સ્નાન કરે છે.''

## મનસાદેવી મંદિર

હર કી પૈડી પાસે એક ઊંચો પહાડ દેખાય છે. તેના પર મનસાદેવીનું મંદિર છે. એવી માન્યતા છે કે, આ દેવી દર્શનાર્થીની મનોકામના પૂર્ણ કરે છે. તેથી તેમને **મનસાદેવી** કહે છે. અહીંથી ગંગાજીનો વિશાળ પટ અને તેની બધી જ ધારાઓ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. તેમજ હરિદ્વારના નીલપર્વત વગેરે અનેક સ્થાનોનું વિહંગમ દૃશ્ય અહીંથી જોવા મળે છે. ગંગાજીના પ્રવાહની રચના સમજવા માટે આ સ્થાનથી ગંગાનું દર્શન કરવું જોઈએ. મનસાદેવી જવા માટે રોપવેની વ્યવસ્થા છે.

## દક્ષ પ્રજાપતિ - કનખલ

ગંગાનહેરની સામેના વિસ્તારને **કનખલ** કહે છે. કનખલ શાંત વિસ્તાર છે. યાત્રિકોની ભીડ અહીં ખૂબ ઓછી છે. આ વિસ્તારમાં દક્ષ પ્રજાપતિ, ગુરુકુળ કાંગડી, ઋષિકુલ વગેરે અનેક સ્થાનો આવેલા છે. આ ઉપરાંત કનખલમાં અનેક મઠો-આશ્રમો-ભવનો પણ છે.

દક્ષ પ્રજાપતિમાં દક્ષેશ્વર મહાદેવનું મંદિર, દક્ષયજ્ઞકુંડ અને પાર્વતીજીનું મંદિર છે. અહીંનું પાર્વતી મંદિર, મનસાદેવી અને ચંડીદેવી - આ ત્રણેય મળીને હરિદ્વારનો શક્તિ ત્રિકોણ મનાય છે. પુરાણ પ્રસિદ્ધ દક્ષ પ્રજાપતિના યજ્ઞનું અને દેવી પાર્વતીજીના દેહ વિસર્જનનું આ સ્થાન ગણાય છે. પુરાણ કથા મુજબ અહીં દક્ષ પ્રજાપતિએ એક **મહાન યજ્ઞ**નો આરંભ કર્યો. શિવજી પોતાના જમાઈ હોવા છતાં, તેમના પ્રત્યેના દ્વેષભાવથી પ્રેરાઈને દક્ષ પ્રજાપતિએ શિવજીને તથા પોતાની પુત્રી પાર્વતીજીને યજ્ઞમાં નિમંત્રણ આપ્યું નહિ તેમજ યજ્ઞમાં શિવજીનો ભાગ પણ રાખ્યો નહિ. શિવજીની અનિચ્છા છતાં પાર્વતીજી પિતાના યજ્ઞમાં ગયા. યજ્ઞમાં બધા જ દેવતાઓનો ન્યાયોચિત ભાગ હતો. પરંતુ શિવજીનો ભાગ ન હતો. એથી એમનું મન ઘણું દુઃખી થઈ ગયું. શિવજીના અપમાન અને અનાદરની જાણ થતા પાર્વતીજીએ યોગાગ્નિથી પોતાના **શરીરનો ત્યાગ** કર્યો. આ સમાચાર સાંભળીને ક્રોધાયમાન શિવજીએ વીરભદ્રને યજ્ઞનો વિધ્વંસ કરવાની આજ્ઞા આપી. એટલે તેમણે દક્ષ પ્રજાપતિના યજ્ઞનો નાશ કર્યો. દક્ષ પ્રજાપતિનું મસ્તક કાપીને અગ્નિકુંડમાં નાખી દેવામાં આવ્યું. પાર્વતીના વિરહથી શોકાતુર શિવજી દેવીના શબને લઈને ઉન્મત્તવત્ ભ્રમણ કરવા માંડ્યા. શિવજીને આ અવસ્થામાંથી મુક્ત કરવા માટે ભગવાન વિષ્ણુએ પોતાના સુદર્શન ચક્રથી દેવીના શરીરના એકાવન ટુકડા કરી નાખ્યા. આ ટુકડાઓ જ્યાં જ્યાં પડ્યા ત્યાં ત્યાં શક્તિપીઠો બની છે. પછી વિષ્ણુ ભગવાનની કૃપાથી બકરાના શિરને દક્ષના ધડ સાથે જોડી દેવાથી દક્ષ જીવંત થયા. આ બધું માયાને લીધે થયું હોવાથી આ ક્ષેત્ર **'માયાક્ષેત્ર'** કહેવાય છે. દક્ષયજ્ઞની ઘટના જે સ્થળે બની તે સ્થળ તે જ આજનું કનખલનું દક્ષપ્રજાપતિનું સ્થાન છે, તેમ માનવામાં આવે છે.

આ પ્રાચીના સ્થાનના દર્શનથી યાત્રિક આજે પણ પ્રેરણા મેળવે છે છે. એના અંતરમાં એ બધી કથાની સ્મૃતિ કરીને પેલી કવિતાપંક્તિ ગૂંજી ઊઠે છે કે :- **'ગર્વ કિયો સોઈ નર હાર્યો સીયારામજીસે, ગર્વ કિયો સોઈ નર હાર્યો....'**

સત્ય વાત એ છે કે, પરમાત્મા સાથે વિરોધ કરનાર, અહંકારનો આશ્રય લેનાર, અનીતિ અને અધર્મમાં આનંદ માનનાર છેવટે હારે છે. એને દુઃખના ભાગી બનવું પડે છે. હિરણ્યકશિપુ, કંસ, રાવણ ને દક્ષ પ્રજાપતિ એના ઉત્તમ ઉદાહરણરૂપ છે. એ પ્રસંગોને યાદ રાખીને પોતાના જીવનને સુખી કરવા માટે મનુષ્યે ન્યાય, નીતિ, નમ્રતા ને નિર્મળતાના માર્ગે ચાલવાની દીક્ષા લેવાની છે.

## શ્રી સ્વામિનારાયણ મંદિર
### (અમદાવાદ ગાદીસ્થાન તાબાનું)

અમદાવાદ શ્રી નરનારાયણ ગાદીસ્થાન તાબાનું શંકરાચાર્ય ચોકમાં શ્રી સ્વામિનારાયણ મંદિર આવેલું છે. આ મંદિરમાં અમદાવાદ ગાદીના પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પ્રતિષ્ઠિત ભગવાન શ્રી સ્વામિનારાયણનું કિશોરસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણ દેવ મૂર્તિરૂપે બિરાજમાન છે. અહીં હરિભક્તો માટે ઉતારાની સુંદર વ્યવસ્થા છે. મંદિરમાં સંતો નિવાસ કરીને સત્સંગ-કથાવાર્તા તેમજ ઠાકોરજીની સેવાપૂજા કરીને આગંતુક ભક્તોની સગવડતા માટે તત્પર રહે છે.

## ગુરુકુલ કાંગડી અને ઋષિકુલ

કનખલ વિસ્તારમાં કાંગડી નામનું મોટું ગુરુકુલ આવેલું છે. સ્વામી શ્રદ્ધાનંદજીએ આ કેન્દ્રની સ્થાપના કરી હતી. હવે તો આ શિક્ષણ કેન્દ્ર **કાંગડા વિશ્વ વિદ્યાલય** બની ગયું છે. અહીં પ્રાચીન વૈદિક પદ્ધતિ અનુસાર શિક્ષણ અપાય છે. વેદવેદાંગ આદિ સંસ્કૃતવિદ્યાઓ અહીં શીખવાડવામાં આવે છે. સાથે સાથે આયુર્વેદનું શિક્ષણ પણ અહીં અપાય છે. ઋષિકુલ પણ પ્રાચીન ભારતીય સંસ્કૃતવિદ્યાનું વૈદિક પદ્ધતિથી શિક્ષણ આપતી **સંસ્થા** છે.

## ભીમગોડા


હર કી પેડીથી ઋષિકેશ જતાં રસ્તા પર આ સ્થાન આવેલું છે. પંડાઓનું કહેવું છે કે, આ સ્થાનમાં ભીમસેને તપશ્ચર્યા કરી હતી. અહીં જે કુંડ છે તે પણ ભીમસેને તૈયાર કર્યો હતો. ગોડા એટલે ઘૂંટણ. ભીમસેનના ઘૂંટણના ટેકાથી આ કુંડ બની જવાથી તેને **ભીમગોડા** કહેવામાં આવે છે.

## સપ્તધારા - સપ્ત સરોવર

ભીમગોડાથી લગભગ એકાદ માઈલ દૂર **'સપ્ત સરોવર'** આવ્યું છે. અહીં ગંગાજીની સાતધારાઓ જોવા મળે છે, તેથી આ સ્થાનને **'સપ્તધારા'** પણ કહે છે. આ સ્થાનને સપ્તર્ષિનું સાધનાસ્થળ માનવામાં આવે છે. તેથી 'સપ્તર્ષિ' પણ કહેવાય છે. અહીં સપ્તર્ષિ આશ્રમ છે. જ્યારે ગંગાએ હિમાલય ઉપરના પર્વતીય પ્રદેશમાંથી વહેતાં વહેતાં આવીને આ શાંત સ્થળમાં પ્રવેશ કર્યો ત્યારે સાત મહાન ઋષિઓ તપ કરતા હતા. એથી ગંગાજીને થયું કે, કોઈ એક ઋષિના આશ્રમ સમક્ષથી વહીશ તો બીજા ઋષિઓને અન્યાય થશે તેમને દુઃખ થશે. એટલે ગંગાજીએ બધા ઋષિઓના આશ્રમની પર્ણકુટિ પાસેથી એકી સાથે વહેવાનો વિચાર કર્યો. અને એના પરિણામે ગંગાજીએ પોતાના પ્રવાહને **સાત વિભાગો**માં વહેંચી દઈને સાતેય ઋષિઓના આશ્રમ પાસેથી એકીસાથે વહેવા માંડ્યું. આ આશ્રમો ઘણા **પ્રાચીન આશ્રમો** માનવામાં આવે છે. ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીના અગ્નિમાં બળીને **દેહ વિલય** થયાની **કથા** ભાગવતમાં છે તે ઘટના આ સ્થળે બની હતી તેવો **ઉલ્લેખ** છે.

# તપોભૂમિ ઋષિકેશ





**'ઋષિક્'** એટલે ઈન્દ્રિય. **'ઈશ'** એટલે સ્વામી. જ્યાં ઈન્દ્રિયો ઉપર સંયમન સહેજે કેળવાય એવું સ્થાન એટલે ઋષિકેશ ! આ ઋષિકેશ ઋષિઓની તપોભૂમિ હતી. પૂર્વે અહીં રાક્ષસોનો સંહાર કરીને આ ભૂમિ ઋષિઓને સાધના કરવા માટે અર્પણ કરી હતી. સદીઓથીઋષિકેશભારતદેશનીસાધનાભૂમિગણાયછે.ઋષિકેશ આપણા દેશનું એક મહત્ત્વનું આધ્યાત્મિક કેન્દ્ર છે. આજે પણ ઋષિકેશ-હરિદ્વારની આજુબાજુના જંગલોમાં અને ગંગાકિનારે અનેકસાધનાપરાયણસંતોવસેછે.

ભગવાન શ્રીરામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન - આ ચારેય ભાઈઓએ અહીં **તપશ્ચર્યા** કરી હતી એવું માનવામાં આવે છે. તેથી ઋષિકેશમાં ચારે ભાઈઓના મંદિરો પણ છે. ઋષિકેશની ચારેબાજુ શિવાલિક પહાડો અને ગાઢ જંગલો પણ છે. આ જંગલોમાં જંગલી હાથીઓ,વાઘ,દીપડાઆદિપ્રાણીઓપણવસેછે.

બંનેબાજુવૃક્ષાચ્છાદિતપહાડોવચ્ચેથીવહેતી**ભાગીરથીગંગા**નું દૃશ્યઅહીંઘણુંનયનરમ્યલાગેછે.લક્ષ્મણઝૂલાતરફથીવેગથીવહી આવતી ગંગા અહીં હિમાલયના દ્વારમાંથી બહાર નીકળતી હોય તેવું સ્પષ્ટદેખાયછે.

ઋષિકેશમાં અનેક આશ્રમો, મંદિરો, તીર્થો, સાધના કેન્દ્રો અને ધાર્મિક સંસ્થાઓના મથકો છે. એકાંતસેવી સાધકો, વાનપ્રસ્થો અને નિવૃત્તજીવન ગાળવા માટે આવેલા ગૃહસ્થો પણ અહીં ઘણા છે. આપણા સૌના મનમાં **'ઋષિકેશ'** શબ્દ જ **અધ્યાત્મવાચક** બની ગયોછે.

ઋષિકેશના **બે વિભાગો** છે : ૧. ચંદ્રભાગાથી દક્ષિણે **ઋષિકેશ શહેર** છે અને ૨. ચંદ્રભાગાથી ઉત્તરે **મુનિકી રેતી**નો વિસ્તાર છે. મોટાભાગનાઆશ્રમોમુનિકીરેતીવિસ્તારમાંછે.શહેરવિસ્તારમાં પણ અનેક મઠો-આશ્રમો છે. ઋષિકેશ આશ્રમોનું જ નગર છે એટલે આશ્રમો તો અહીં સર્વત્ર હોય તે સ્વાભાવિક છે. ઋષિકેશ ખરેખર તો પ્રાચીન ઋષિકુલનું જ અર્વાચીન સ્વરૂપ છે અને મુનિકી રેતી મુનિઓનાનિવાસસ્થાનનુંઅર્વાચીનસ્વરૂપછે.

ઋષિકેશ હરિદ્વારથી ૨૪ કી.મી. દૂર છે. વાહનમાર્ગ અને રેલ્વેપથથી હરિદ્વાર સાથે જોડાયેલું છે. હરિદ્વારથી ઋષિકેશ જતા રસ્તામાં મોતીચુરનું ગાઢ જંગલ આવે છે. આ ઉપરાંત હરિદ્વાર અને ઋષિકેશવચ્ચેસત્યનારાયણનુંમંદિરઅનેબંગાળીઆશ્રમદર્શનીય છે. ઋષિકેશ અને હરિદ્વાર વચ્ચે રાયવાલા નામનું શહેર છે. અહીંથી એકરસ્તોદહેરાદૂનતરફજાયછે.

ઋષિકેશમાં અસંખ્ય દર્શનીય તીર્થસ્થાનો છે, પરંતુ



તેમાંથીઆપણેમહત્ત્વનાતીર્થસ્થાનોનેજાણવા-માણવાનો પ્રયત્નકરીશું:

## ત્રિવેણીઘાટ

ગંગાસ્નાન માટે ઋષિકેશનું આ **મુખ્યસ્થાન** છે કે ઘાટછે. અહીં ગંગાની**ત્રણધારાઓ** છૂટી પડેછે.તેથીઆ સ્થાનને મુક્ત ત્રિવેણી કહે છે. જે સ્થાને ત્રણ નદીઓના સંગમ થાય તે સ્થાનને 'ત્રિવેણી સંગમ' કહે છે અને જે સ્થાને એક જ નદીમાંથી ત્રણ ધારાઓ છૂટી પડે તે સ્થાનને મુક્ત ત્રિવેણી કહે છે. ઋષિકેશનો આ ત્રિવેણી ઘાટ **મુક્તત્રિવેણી** છે. પ્રથમ દૃષ્ટિએ ગંગાની આ ત્રણ ધારાઓ નજરે ચડતી નથી. પણ કોઈ જાણકારની મદદથી ઝીણવટથી જોઈએ તો ત્રણ ધારાઓ સ્પષ્ટ થાય છે. ખાસ કરીને વર્ષાકાળમાં જ્યારે ગંગામાં પૂર આવે ત્યારે મુક્ત ત્રિવેણીના સ્પષ્ટ દર્શન થાય છે.

ત્રિવેણીઘાટ સુંદર રીતે બાંધેલો ઘાટ છે. ગંગાવતરણ રૂપે શિવજીની સુંદર મૂર્તિ બનાવવામાં આવી છે. પિતૃતર્પણ માટે ઘાટ પર પીપળાનું વૃક્ષ પણ છે. ત્યાં યાત્રિકો સ્નાન પછી પિતૃને પાણી આપે છે. અહીં ત્રિવેણીઘાટે સાંજે ગંગાજીની આરતી થાય છે. ત્રિવેણીઘાટ પર શ્રી રઘુનાથજીનું મંદિર છે. ઋષિકેશમાં ભગવાન શ્રીરામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન - આ ચારે ભાઈઓના જુદાં જુદાં ચાર મંદિરો છે તેમાંનું આ પ્રથમ રઘુનાથ મંદિર છે.

## ❖ ભરત મંદિર

ભરતમંદિર ઋષિકેશનું **મુખ્ય મંદિર** ગણવામાં આવે છે. અહીં ભરતમંદિરમાં ભરતજીની મૂર્તિ છે. ભગવાને રૈભ્યમુનિને ભરતરૂપે દર્શન દીધાં હતાં એટલે ભરત મંદિરમાં ભરતજીની મૂર્તિપ્રતિષ્ઠા કરી હશે. સત્તરમાં મન્વંતરમાં **રૈભ્યમુનિ** આ સ્થળે આંબાના વૃક્ષ નીચે તપ કરતા હતા. તેઓ કુબડા હોવાથી, આ સ્થળનું નામ **કુબ્જામ્રક** પણ છે.

## લક્ષ્મણ ઝૂલા અને લક્ષ્મણ મંદિર

લક્ષ્મણઝૂલાના પૂલ પાસે જ લક્ષ્મણજીનું મંદિર છે. આ સ્થાનને **લક્ષ્મણઝૂલા** અથવા **લછમનપુર** પણ કહે છે. અહીં લક્ષ્મણજીએ બાર વર્ષ સુધી તપ કર્યું હતું. તપના સ્થાન ઉપર લક્ષ્મણજીનું મંદિર છે જેમાં લક્ષ્મણજીની તથા ધ્રુવજીની મૂર્તિઓ છે. લક્ષ્મણઝૂલા ઊતરીને પૂર્વ તરફ જ્યાં ઘાટ બાંધ્યો છે ત્યાંથી જ બદ્રિનાથ તથા કેદારનાથનો પગ રસ્તો શરૂ થાય છે. આજુબાજુ ગીચ વન છે, જ્યાં પુરાણકાળમાં ઋષિમુનિઓએ તપ કર્યું હતું. ગંગાનો તોફાની વેગવાન પ્રવાહ એમને ધ્યાનાદિ માટે વિક્ષેપરૂપ લાગતો. ઋષિમુનિઓએ ગંગાને શાંત થઈ જવાની સૂચના કરી. તેથી ગંગાએ એ સૂચનાનો અમલ કર્યો. ત્યારથી છેક આજ સુધી ગંગાનો પ્રવાહ ઋષિવચનની મર્યાદાને માન આપતો હોય તેમ શાંત રહે છે. પરંતુ એટલી જગ્યાને પસાર કરીને આગળ વધતા ફરી પાછો ગંગાનો પ્રવાહ વેગવાન બની જાય છે અને ભારે અવાજ પણ કરે છે.

લક્ષ્મણઝૂલા એક પુલનું નામ છે. લોખંડના તારનો બનાવેલો આ એક ઝૂલતો પુલ છે. જેના પરથી માણસો પસાર થઈ શકે છે. પણ વાહન પસાર થઈ શકતાં નથી. લક્ષ્મણજીના નામ પરથી આ પુલને **'લક્ષ્મણઝૂલા'** નામ આપવામાં આવ્યું છે. પ્રાચીનકાળમાં અહીં દોરડાનો પુલ હતો અને યાત્રિકોને ટોપલામાં બેસાડીને દોરડાથી ખેંચીને સામે કિનારે પહોંચાડવામાં આવતા. જ્યારે વાહનવ્યવહાર નહોતો ત્યારે પગપાળા યાત્રાઓ થતી તે વખતે બદ્રીકેદારના યાત્રિકો આ પુલ દ્વારા ગંગા પાર કરીને આગળ વધતા.

સદીઓ સુધી ઋષિકેશમાં ગંગાના આ બંને કિનારાને જોડનારો આ એક જ પુલ હતો. પરંતુ શિવાનંદ આશ્રમ પાસે બીજો ઝૂલતો પુલ બન્યો છે. જેને લોકો **'રામઝૂલા'** કહે છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે વર્ણીવેશે તપોવનમાંથી ચાલતાં આવી અહીં **લક્ષ્મણજીનાં દર્શન** કર્યાં હતાં. પૂર્ણ પુરુષોત્તમનારાયણનાં દર્શન પામીને લક્ષ્મણજીને અતિ આનંદ થયો અને રામાવતાર યુગની વાત સંભારી, પોતાના સહોદર ભગવાન શ્રી રામચંદ્રજી દર્શન દેવા પધાર્યા એમ જાણી, શ્રીજીમહારાજને વારંવાર



નમસ્કાર કરવા લાગ્યા. વળી મેવા, મીઠાઈ તથા ફળાદિકથી સેવા કરી, જે મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ ગ્રહણ કરી, પૂર્વની સ્મૃતિ કરાવી અને કહ્યું : "તમે તો ઉત્તમ ભક્ત છો." એમ અનેક પ્રકારે લક્ષ્મણજીની **પ્રશંસા** કરીને ભગવાન શ્રીહરિ ગંગાકિનારે પહોંચ્યા. અહીં ગંગાજી સ્ત્રીનું રૂપ ધરી મહારાજની સેવાના અતિ મોટા આશયથી સામાં આવ્યા. શ્રીજીમહારાજે તેમનું પણ કલ્યાણ કરવા તેમની સેવા અંગીકાર કરી અને ત્યાંથી કેદારનાથને રસ્તે પધાર્યા હતા.

## સ્વર્ગાશ્રમ

લક્ષ્મણઝૂલાથી એક રસ્તો સ્વર્ગાશ્રમ તરફ જાય છે. સ્વર્ગાશ્રમ ઘણો વિશાળ છે. બાબા કાલીકમલીવાલા (સ્વામી વિશુદ્ધાનંદ સરસ્વતી)એ આ આશ્રમની સ્થાપના કરી હતી. બાબા કાલીકમલીવાલા એક ઉચ્ચકોટિના વિરક્ત સંત હતા તેઓ કાળી કામળી ઓઢતા તેથી તેઓનું નામ **'બાબા કાલીકમલીવાલા'** પડી ગયું. પહેલાના જમાનામાં હિમાલયની યાત્રા કરનાર યાત્રિકોને ઘણા કષ્ટો સહન કરવા પડતા. ઉતારા-ભોજન-ચિકિત્સા આદિનો પ્રબંધ બહુ ઓછો હતો. યાત્રિકોના કષ્ટથી દ્રવિત થઈને કાલીકમલીવાલા બાબાએ યાત્રિકોની સુવિધાઓ માટે મોટા પાયા પર ભગીરથ પ્રયત્નો કર્યા. તેમના પ્રયત્નોને પરિણામે ઠેર-ઠેર ધર્મશાળાઓ, અન્નક્ષેત્રો, ચિકિત્સાલયો, કામળા, ગરમ વસ્ત્રો આદિ પ્રબંધો ઊભા થયા. આ ઉપરાંત તેમણે સ્વાર્ગાશ્રમ જેવા વિશાળ આશ્રમની સ્થાપના કરી. સ્વર્ગાશ્રમ તરફથી ગંગાકિનારે સાધકો માટે અનેક સુંદર કુટિયાઓ બનાવવામાં આવી છે, જેમાં વિરક્ત સાધનપરાયણ સાધકો શાંતિથી રહીને સાધનામાં રત રહી શકે છે. આ ઉપરાંત સ્વર્ગાશ્રમમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, યાત્રિ નિવાસગૃહ, અન્નક્ષેત્ર, સંસ્કૃત પાઠશાળા વગેરે વિભાગો પણ છે. સ્વર્ગાશ્રમની આગળ ગંગાજીનો પાવન પ્રવાહ છે અને પાછળ લીલાછમ પહાડો છે. વૃક્ષોની ઘટાની વચ્ચેથી પસાર થતાં લક્ષ્મણઝૂલા તરફના રસ્તા પર એકબાજુ ગંગાજી તથા બીજી બાજુ લીલાછમ પહાડોના છેક સુધી દર્શન થાય છે.

## નિર્મલી આશ્રમ

ઋષિકેશના માયાકુંડ વિસ્તારમાં આ **આશ્રમ** આવેલો છે. ત્રિવેણીઘાટથી બહુ દૂર નથી. નિર્મલી પરંપરા મૂળ શીખોની જ એક **પરંપરા** છે. નિર્મલી પરંપરાના શીખોનો આ આશ્રમ છે. આ પરંપરાના સાધુઓ ભગવા કપડાં પહેરે છે. સામાન્યતઃ શીખોમાં ભગવા કપડાં પહેરવાની પરંપરા નથી. નિર્મલી પરંપરા શીખોની પરંપરા હોવા છતાં તેઓ કેટલીક બાબતોમાં જુદા પણ પડે છે. આ પરંપરા પાછળનો **ઈતિહાસ** એવો છે કે, શીખોના દશમા ગુરુ ગુરુગોવિંદસિંહજીના સમયમાં શીખ પરંપરાએ એક અલગ સંપ્રદાયનું રૂપ ધારણ કર્યું તે વખતે ગુરુ મહારાજે પોતાના પાંચ શિષ્યોને વેદાંતાદિ સંસ્કૃત વિદ્યાના અભ્યાસ માટે વારાણસી મોકલ્યા. આ પાંચે શિષ્યોએ વેદાંતનું અધ્યયન કર્યું. એટલું જ નહિ પણ તેઓએ સંન્યાસ ધારણ કર્યો અને ભગવા વસ્ત્રો પણ ધારણ કર્યાં. આમ છતાં તેઓએ ગુરુ મહારાજ તેમજ શીખ પરંપરા છોડી નહિ. આ ભગવાધારી પાંચ સંન્યાસી શિષ્યોની પરંપરા એ જ આજની નિર્મલી પરંપરા છે. આ પરંપરામાં ભગવાધારી સાધુઓ હોય છે. તેમજ શીખોનો કેટલોક વર્ગ આ પરંપરાનો અનુયાયી વર્ગ છે. આ પરંપરા વેદાંતની જ્ઞાન પરંપરાને કોઈક સ્વરૂપે અનુસરે છે. આ પરંપરાના અનુયાયી શીખો શાંત અને સૌમ્ય હોય છે. સાધુઓ જ્ઞાનમાર્ગને અનુસરે છે અને સાધન પરાયણ હોય છે. જ્ઞાનમાર્ગની સાધન પરંપરા, પવિત્ર જીવનપદ્ધતિ, સમાજસેવા અને શાંતિપૂર્ણ જીવનશૈલી એ નિર્મલી પરંપરાની **લાક્ષણિકતાઓ** છે.

ઋષિકેશમાં ચંદ્રભાગા નદી ગંગાજીને મળે છે. ચંદ્રભાગાની ઉત્તરનો વિસ્તાર તે **'મુનિ કી રેતી'** તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં મોટે ભાગે આશ્રમો છે. જેમાં **કૈલાશ આશ્રમ,** જે ઋષિકેશનો એક પ્રાચીન આશ્રમ છે. અહીં સંન્યાસીઓ માટે પ્રાચીન વૈદિક પરંપરા મુજબ વેદાંત શિક્ષણની વ્યવસ્થા છે. ઘણા




સંન્યાસીઓ આશ્રમમાં રહીને વેદાંતનું અધ્યયન કરે છે. તેમજ **શિવાનંદ આશ્રમ** - જેમાં પણ સંન્યાસીઓ રહીને સાધનપરાયણ જીવન જીવે છે. **પરમાર્થ નિકેતન** આશ્રમ પણ વિશાળ છે. અહીં પણ અનેક સંન્યાસીઓ રહીને સાધનપરાયણ જીવન જીવે છે. આ બધા જ આશ્રમોમાં નિત્ય સત્સંગ-ભજન-કીર્તન થાય છે.

## ❖ ગીતા ભવન

શ્રી હનુમાનપ્રસાદ પોદાર અને જયદયાલ ગોયંદકા આદિ મહાનુભાવોએ આ ગીતાભવનની સ્થાપના કરી છે. અહીં રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા થાય છે. આ ગીતાભવનમાં **આધ્યાત્મિક ધોરણ** ઉચ્ચકોટિનું છે. અહીં પહેલા ઘણા સમર્થ કોટિના **અધ્યાત્મપુરુષો** આવીને રહેતા અને યાત્રિકોને સત્સંગ-કથાવાર્તાનો ઉત્તમ લાભ આપતા. શ્રી હનુમાનપ્રસાદ પોદાર, જયદયાલ ગોયંદકા, સ્વામી શરણાનંદજી, શ્રી રામસુખદાસજી મહારાજ, સ્વામી અખંડાનંદજી વગેરે ઉચ્ચકોટિના મહાપુરુષો અહીં અવારનવાર આવતા. ગીતાપ્રેસ અને ગીતાપ્રેસની આધ્યાત્મિક પ્રવૃત્તિનું ભારત દેશમાં બહું મોટું નામ છે. ગીતાભવન આશ્રમ **ગીતાપ્રેસ**ની જ એક **પ્રવૃત્તિ** છે. સાધનપરાયણ સાધુઓ, સાધકો કે નિવૃત્ત ગૃહસ્થોને અહીં રહેવા દેવામાં આવે છે. ગીતાભવન પણ ગંગાજીના કિનારા પર જ છે. અને ગંગાજી તથા પર્વત અને જંગલોનું સાનિધ્ય પણ અહીં છે.

(શ્રી ભાણદેવજી કૃત 'હિમાલય દર્શન' તથા 'હિમગિરિ વિહરણ' પુસ્તક તથા બ્રહ્મલીન શ્રી યોગેશ્વરદાસજી (સ્વર્ગારોહણ સંસ્થા - ભાવનગર) કૃત લેખમાળા તેમજ ઈન્ટરનેટ પરથી આલેખન...)

આમ, ઋષિકેશ હરિદ્વારની જેમ **આશ્રમો** અને **મંદિરો**નું નગર છે. ઋષિકેશ અને મુનિકી રેતી વિસ્તારના ગંગાજીના બંને કિનારા ઉપર ભારતભરના વિભિન્ન સંપ્રદાયો, પંથો કે માન્યતાઓના અનેક આશ્રમો-મંદિરો-મઠો બનેલા છે. આ આશ્રમોમાં કાયમી ધોરણે સાધુઓ અને સાધકો રહેતા હોય છે. હરિદ્વારથી ઋષિકેશ આવતા રસ્તામાં ગંગાજી, કલકલરવે વહી જતા ઝરણાં તથા વનરાજીથી વીંટળાયેલી સુંદર **પર્વતમાળા** ને વૃક્ષોથી ભરેલા ઘોર **જંગલ**નું દર્શન થાય છે. એ દર્શન એટલું બધું આનંદદાયક, આકર્ષક અને મંગલમય હોય છે કે વાત ન પૂછો !! એ બધા નયનાભિરામ દૃશ્યોની વચ્ચેથી પસાર થતી વખતે એમ લાગે કે, આપણે આ મૃત્યુલોકના અત્યાર સુધીના વિસ્તારને મૂકીને જાણે કોઈ જુદી જ દિવ્ય અનુભૂતિના પ્રદેશમાં યાત્રા કરી રહ્યા છીએ. આ પ્રદેશની ધરતી અને એની હવામાં જે અસાધારણતા છે એ આપણા અંતરને સ્પર્શી જાય છે. પ્રાચીનકાળના પ્રાતઃસ્મરણીય ઋષિઓએ અહીં કરેલી **તપશ્ચર્યા**ના જે **પવિત્ર સ્પંદનો** વાતાવરણમાં ગુંજી રહ્યા છે એ આપણને એકધારી અસર કરે છે, અંતરને **અવનવો આહ્લાદ** ધરે છે ને પ્રાણમાં પ્રેરણા પૂરે છે.





# હરિદ્વારમાં
# શ્રી નીલકંઠ વર્ણી
# વેશે
# સર્વાવતારી ભગવાન
# શ્રી સ્વામિનારાયણ

'धर्मं संस्थापयन् यो वनगमनपरः संस्तुतो देवसङ्घैः
प्राप्तोऽरण्यं निशायां पवनसुतसमालोकितस्वप्रतापः ।
शैलेन्द्रादिष्टमार्गो वनभुवि पुलहस्याश्रमं प्राप्य
सूर्यश्लाघामूलं तपस्तत्रिरुपममतनोत्स श्रिये स्ताद्धरिर्नः ।।'

એકાંતિક ધર્મનું સ્થાપન કરવા પ્રકટ થયેલા ભગવાન શ્રીહરિ વનગમન કરવાનો નિશ્ચય કરી નીકળ્યા હતા, જેમની બ્રહ્માદિક દેવોએ સ્તુતિ કરી હતી, જેમણે અરણ્યમાં પવનપુત્ર હનુમાનજીને પોતાનો પ્રતાપ બતાવ્યો હતો અને ગિરિરાજ હિમાદ્રિએ જેમને વનભૂમિમાં માર્ગ બતાવ્યો હતો. પુલહાશ્રમમાં સૂર્યની શ્લાઘા કરવા માટે જ જેમણે તીવ્ર તપ કર્યું હતું તે સાક્ષાત્ શ્રીહરિ અમારું કલ્યાણ કરો. (શ્રીહરિદિગ્વિજય : ઉલ્લાસ - ૧૩)

આજથી લગભગ ૫૧૦૦ વર્ષ પૂર્વે ભગવાન **શ્રીકૃષ્ણ,** ધર્મનું સ્થાપન કરી આ પૃથ્વી પરથી વિદાય લઈ **સ્વધામ** પધાર્યા ત્યારથી, એનો હજી એકાદ સદી જેટલો સમય માંડ ગયો હશે ત્યાં કળિયુગે ભારતવર્ષમાં **દુષ્પ્રભાવ** પાથરવાનું શરૂ કરી દીધું. જ્યારે પણ અધર્મનું સામ્રાજ્ય ભારતવર્ષ પર હાવિ થતું જણાય ત્યારે કૃપાળુ પરમાત્મા કોઈને કોઈ **મહાપુરુષ**ને આ ધરા પર મોકલતા રહ્યા છે. યોગ્ય સમયે આ ભૂમિ પર પધારી પુરુષોત્તમનારાયણે આપેલ **સામર્થ્યાનુસાર** ધર્મની **રક્ષા** કરતા રહ્યા. પરંતુ તે બધા **આચાર્યો-મહાપુરુષો** જ્યારે પોતાનું યથાશક્તિ કાર્ય પૂર્ણ કરી આ લોકમાંથી વિદાય લે એટલે તરત જ કળિ **પુનઃ** પોતાનું **સામ્રાજ્ય** બિછાવી દેતો હતો. પરિણામે કરી, અધર્મ, અત્યાચાર, પાખંડ, ક્રૂરતા વગેરેથી પૃથ્વી ધ્રૂજી ઊઠતી...!! પ્રકૃતિ કંપી ઊઠતી...!! વરુણદેવ રૂઠી જતા અને પ્રજામાં **હાહાકાર** મચી જતો. ક્યાંક ધરતીકંપ - અનાવૃષ્ટિ, ક્યાંક અતિવૃષ્ટિ, તો ક્યાંક જંગલોમાં **દાવાનળ** ફાટી નીકળતા.

આમ, સમગ્ર વિશ્વની પ્રજા દુઃખથી પીડાતી. પુનઃ પુનઃ આવા પાપાચારથી સ્વયં પૃથ્વી પણ **ત્રાહિમામ્ ત્રાહિમામ્** પોકારી ગઈ. એવા સમયે યુગો પહેલા અનેક શાસ્ત્રોના માધ્યમથી આ બ્રહ્માંડના જીવાત્માઓને પરબ્રહ્મ પરમાત્માએ જે વચન આપ્યું હતું કે, કળિયુગમાં હું **સ્વયં** જન્મ ધારણ કરીને અનેક જીવાત્માઓને મારું **સ્વરૂપજ્ઞાન** કરાવીશ અને **આત્યંતિક કલ્યાણ** કરીશ. તે વચનને સત્ય કરવા માટે યોગ્ય સમય જાણી, બદ્રિકાશ્રમમાં દુર્વાસામુનિના શાપને નિમિત્ત બનાવી સં. ૧૮૩૭ ચૈત્ર સુદ - ૯ને દિવસે ઉત્તર કોશલ દેશ (ઉત્તર પ્રદેશ)માં અયોધ્યાથી ૩૦ કિ.મી. દૂર નાનકડા એવા **છપૈયા** ગામમાં અતિ પવિત્ર, ધર્મનિષ્ઠ સરવરિયા બ્રાહ્મણ ધર્મદેવ અને ભક્તિદેવી થકી સ્વયં સર્વનિયંતા, સર્વકારણ, સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ આ

ભૂમંડળ પર પ્રાગટ્ય પામ્યા.

બાળપ્રભુ શ્રી ઘનશ્યામે છઠ્ઠીના દિવસે કાલિદત્ત દ્વારા મોકલાયેલ અસંખ્ય કોટરાઓને હનુમાનજી દ્વારા નાશ કર્યો. ત્રણ વર્ષ સુધી છપૈયામાં અનેક **બાળચરિત્રો** કરી, કાળીદત્તનો વધ કરી, માતા-પિતા અને મોટાભાઈ રામપ્રતાપજીની સાથે અયોધ્યામાં પધાર્યા. અયોધ્યામાં પણ અનેક બાળલીલાઓ કરી. ૭ વર્ષની ઉંમરે **યજ્ઞોપવીત** ધારણ કરી. ૮ વર્ષની ઉંમરે પિતા ધર્મદેવની પાસેથી જ વેદ, ઉપનિષદ, ન્યાય-મીમાંસા, ભાગવત, રામાયણ, મહાભારતાદિક સર્વ શાસ્ત્રોનો **તલસ્પર્શી અભ્યાસ** પૂરો કરી દીધો. ગુણગ્રાહી બાળપ્રભુએ **શાસ્ત્રઅધ્યયન** પછી મહાભારતમાંથી વિષ્ણુસહસ્રનામ, વિદુરનીતિ અને ભગવદ્ ગીતા, સ્કંદપુરાણમાંથી વાસુદેવ માહાત્મ્ય, શ્રીમદ્ ભાગવતમાંથી દશમ અને પંચમ સ્કંધ અને ધર્મશાસ્ત્રોના સારરૂપે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનું આલેખન કરી **સુંદર પુસ્તક** તૈયાર કર્યું. (જે નિરંતર પોતાની પાસે જ રાખ્યું. તે સંપ્રદાયમાં **'ગુટકો'** તરીકે પ્રસિદ્ધ છે) ને દશમે વર્ષે કાશીમાં ભરાયેલી પંડિત પરિષદમાં પ્રકાંડ પંડિતોને તત્ત્વજ્ઞાનની ચર્ચામાં મહાત કરી, **ઝળહળતો વિજય** મેળવી સૌને અચંબામાં મૂકી દીધા!

દિવ્ય ચરિત્ર કરતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે પોતાનો અવતાર હેતુ સિદ્ધ કરવા માટે વનગમન વિષે વિચાર્યું. ભક્તિમાતાને સાંખ્ય જ્ઞાન આપીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવી. ત્યાર પછી ધર્મપિતાને દિવ્ય જ્ઞાન આપીને અક્ષરધામમાં નિવાસ કરાવી દુર્વાસાના શાપથી મુક્ત કર્યા. હવે બાળપ્રભુ શ્રી ઘનશ્યામે વનમાં તપ કરીને શાશ્વત ધર્મનું સ્થાપન કરવા માટે ગૃહ ત્યાગ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈ તથા ભાભી સુવાસિનીબાઈ તથા નાનાભાઈ ઈચ્છારામને અટૂલા મૂકીને ૧૧ વર્ષની કુમળી વયે હિમાલયનો માર્ગ પકડ્યો. વનમાં જવા નીકળેલા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે હાથમાં જળપાત્ર, પાણી ગાળવા માટે કપડાનો ટુકડો તથા શાલિગ્રામને વીંટીને ગળામાં ધારણ કરેલો બટવો તથા પોતે બનાવેલો શાસ્ત્રજ્ઞાનનો સારરૂપ ગુટકો સાથે લીધો.

**'કંઠી માળ કમંડળુ વળી ધર્યો, સત્શાસ્ત્રનો ગુટકો;**<br>
**શાલિગ્રામ તથા સુપાત્ર જમવા, પાસે ન પૈસો ટકો.**<br>
**પાણી ગાળણ વસ્ત્ર કૌપીન તથા, બીજુ બહિર્વાસ છે;**<br>
**કૂવેથી જળ કાઢવા સુતરની, દોરી હરિ પાસ છે.'**

જટાઓથી શોભાયમાન મસ્તકવાળા, ભાલમાં તિલક કરવાથી અને કટિ ભાગમાં કૌપીન ધારણ કરતાં, સુંદર લાગતા ઘનશ્યામ હવે નીલકંઠ બ્રહ્મચારી નામ ધારણ કરી તપ કરવા માટે વનમાં ગયા. વનમાં તપ કરીને ગોપાળયોગી પાસેથી યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ જેવા અષ્ટાંગ યોગનું જ્ઞાન મેળવ્યું. વનમાં તપશ્ચર્યા બાદ નીલકંઠવર્ણીએ ભારત ભૂમિમાં પ્રત્યેક નગરોમાં ફરીને પ્રજાને સદુપદેશ દ્વારા ભગવત્ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો.

નભોમંડલમાંથી અષાઢી મેઘની **વર્ષા** સમગ્ર ભારતની ભૂમિ પર છવાઈ રહી હતી. એક તરફ હિમાલયને છોડીને વિશાળ મેદાનોમાં વહેતી **સરયુ નદી** બેઉ કાંઠે ગાંડીતૂર બનીને **સમુદ્ર તરફ** ધસમસતી વહેતી હતી. ચાતુર્માસની **ભક્તિભરી મોસમ**નાં મંડાણ થવામાં માત્ર **એક જ દિવસની વેળા** બાકી હતી.

અષાઢ સુદી દશમની વહેલી પ્રભાતે **બ્રાહ્મમુહૂર્ત** થયું ત્યારે અયોધ્યાના બરહટ્ટા વિસ્તારમાંથી એ ફૂલસમી કોમળકાયા, મેઘની વરસતી ઝડીઓને ખુલ્લા શરીરે ઝીલતી ઉતાવળે સરયુ તરફ ધસી રહી હતી. કોઈ પોતાનો પીછો ન કરે એટલે એ માસુમ બાળકે **સાહસભર્યો રસ્તો** લીધો. ગાંડીતૂર બનેલ સરયુ નદીમાં ઝંપલાવીને એ બાળયોગીએ સમયની રેત પર ડગલાં માંડ્યા.

વહેલી સવારે સર્વ વસ્ત્ર-અલંકારો ઉતારી, આચ્છાદન વસ્ત્રે સહિત કૌપીન, મૃગચર્મ, પલાશનો દંડ અને શ્વેત યજ્ઞોપવીત ધારણ કરી. જટા, મુંજની મેખલા, જપમાળા, કમંડલું, પાણી ગાળવા માટે વસ્ત્રનો ટુકડો, શાલીગ્રામ અને પોતાની નિત્યપૂજાના બાલમુકુંદ અને સત્શાસ્ત્રનો ગુટકો એટલી વસ્તુ લઈ પોતાના સંબંધીઓ અને મિત્રોને સૂતા મૂકીને માત્ર ૧૧ વર્ષની વયે ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો, ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા, ન કશું અન્ન, ન કોઈ ફળ, કંઈપણ આશા નહિ ને વનની ગહરી વાટે, અનેક સાધકોને યુગોની સાધનાના ફળરૂપે સ્વદર્શન દેવાને કાજે, તીર્થોને તીર્થાટન દેવાને કાજે ગૃહત્યાગ કરી ચાલી નીકળ્યા. હવે ઘનશ્યામ **નીલકંઠ** બની ગયા.

અયોધ્યાનો ત્યાગ કરી બાળપ્રભુ અમરપુર, લોધેશ્વર, જેતપુર, ધથેપુર, ખેરિલાપુર, સહેજાપુર, બરેલી થઈને નારદવનમાં પધાર્યા. આ વન જોઈ નીલકંઠ વર્ણીજીના અંતરમાં અતિ આનંદ થયો. આકાશને આંબતા આ વનના વૃક્ષો, તે ઉપર લચી પડતા ફળ અને ફૂલો, વિવિધ પ્રકારનો કિલકિલાટ અવાજ કરતા જાત જાતના પંખીઓ , વેર અને દ્વેષભાવ રહિત આમતેમ ફરતા પ્રાણીઓ, આ બધું વર્ણીરાજને અતિ સુંદર લાગ્યું. આ વનમાં નારદજીએ

બચપણમાં તપ કર્યું હતું. હાલમાં અન્ય ઋષિમુનિઓ અહીં તપ કરીને સાધનાપરાયણ હતા. તેથી વર્ણીરાજને આ વન બહુ ગમ્યું. તેજસ્વી વર્ણીરાજને જોઈને જ ઋષિમુનિઓ દોડીને ચરણોમાં પડ્યા. તેમના મનમાં ઘણો જ આનંદોત્સવ થયો. વર્ણીરાજ તે સિદ્ધોની પાસે બેઠા. તેમના દર્શન કરીને તેઓ પણ આનંદોલ્લાસ પામ્યા. ફળ-ફૂલ આદિ વર્ણીરાજને જમાડીને ઋષિમુનિઓ અંતરમાં અતિ પ્રસન્ન થયા. વર્ણીરાજ આ નારદવનમાં દશ દિવસ સુધી રહ્યા અને મુનિઓના સર્વ મનોરથો પૂર્ણ કરીને ત્યાંથી આગળ ચાલતા થયા.

**❖ ગંગાજી દ્વારા વર્ણીરાજ શ્રી નીલકંઠ મહાપ્રભુની સ્તુતિ તથા આરતી**

વર્ણીરાજ નીલકંઠ મહાપ્રભુ વિચરણ કરતા કરતાં **બહાદુરપુર**નામના શહેરમાં આવ્યા. અહીં ફક્ત એક દિવસ રહ્યાં. પુરવાસીઓને દર્શન દઈને તેમના અન્નજળ સ્વીકારીને તેઓને આશીર્વાદ આપી આગળ ચાલીને ગંગાકિનારે પધાર્યા. પરબ્રહ્મ પરમાત્માના પાદસ્પર્શથી ગંગાજી પતિતપાવની બન્યા હતા તે વામનજીના મૂળ સ્વરૂપના આજે ગંગાજીને દર્શન થયા એટલે તેમને હર્ષનો પાર નહોતો. પોતાના લહેરાતા તરંગોથી ગંગાજીએ વર્ણીરાજનું સ્વાગત કર્યું. ગંગાને પોતાના ચરણોથી પવિત્ર થયેલી જાણીને તેના ઉપર હૃદયમાં ઘણું હેત થયું. અને તેનો દોષોને (મળને) દૂર કરવાને માટે વર્ણીરાજે ગંગામાં સ્નાન કર્યું.

પોતાના ઉપર વર્ણીરાજને ઘણું હેત છે, તે દેખીને ગંગા વર્ણીજી પાસે આવી વિનંતી કરીને બોલ્યા : ''હે પ્રભુ ! મને આપના ચરણોમાં નિરંતર વાસ આપજો. હું આપના ચરણકમળથી ઊપજી છું. મને શિવજીએ પોતાને મસ્તકે રાખી છે. તે પછી તો ભગીરથ રાજા મને ભાગીરથીના રૂપમાં લઈ આવ્યા. આમ ધીરે ધીરે ઘણા યુગો વીતી ગયા. મેરુના શિખર ઉપર હું આવી અને આપની ઈચ્છાથી મેરુ પર્વતની ચોતરફ મારી ધારાઓ ચાલી. આપે વામન અવતાર લીધો. પછી બલિનો ઉદ્ધાર કરવા તેની પાસે ગયા. તે સમયે મને આપે પ્રકટ કરી. તે આપના ચરણોની સેવા કરવાની મારા મનમાં ખૂબ અભિલાષા છે. આપ તો દેવોના પણ દેવ છો. મને આપના ચરણોની સમીપે રાખો.''

આમ, બે હાથી જોડીને ગંગાજીએ ઘણી જ **સ્તુતિ-પ્રાર્થના** કરી. વિવિધ પ્રકારનો પૂજાપો લાવ્યા. ફૂલો અને ફળોનો તો કોઈ પાર ન હતો. ગંગાના હૃદયમાં અતિ ઉમંગ ભર્યો હતો. વર્ણીરાજના અંગો ઉપર કેસર ચંદનની અર્ચા કરી. સુંદર ફૂલોનું સિંહાસન લાવીને તેના ઉપર વર્ણીરાજ પ્રભુને બિરાજમાન કર્યા. અનેક પ્રકારના ફૂલોના આભૂષણ લાવીને સુંદર રીતે પહેરાવ્યાં. ધૂપ અને દીપ પ્રકટાવીને પ્રસન્ન ચિત્તે **આરતી** કરી :

**'જય દેવ જય દેવ, જય જન સુખકારી;**
**શ્રીહરિકૃષ્ણ નારાયન, અતિ કરુણા ધારી...જય૦**
**પૂરન બ્રહ્મ પુરુષોત્તમ, પ્રગટે બહુનામી;**
**ભકતવત્સલ સુખદાયક, સુરનરમુનિ સ્વામી...જય૦**
**મછ કછ વારાહ, વપુ વામન ધારે;**
**નૃસિંહ રામરઘુવીર, દઈત અનંત મારે...જય૦**
**બુદ્ધ કલ્કિ વપુ ધરી, પાપ સકલ હરતા;**
**અધર્મ મૂલ ઉખારી, ધર્મકુલ દૃઢ કરતા...જય૦**
**કલ્પતરુ ચિંતામનિ, મૂર્તિ તુમારી;**
**સિદ્ધાનંદ મન ચિતવત, ફલ મિલત ભારી...જય૦'**

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨/૧૧/૨૩ - ૨૭)

ગંગાજીએ આ પ્રમાણે આરતી ઉતારી **પ્રદક્ષિણા** કરી. વર્ણીરાજના ચરણકમળને પોતાના મસ્તક ઉપર ધાર્યા. વારંવાર વંદન કર્યા. ભાવાકુળતાને લીધે આંખોમાંથી આંસુઓની ધારા ચાલી. ઘણા દિવસના વિયોગને લીધે ગંગાજી ઘણું રડ્યા. પછી તેઓ વર્ણીરાજને કહે : ''હવે મને પળવાર પણ છેટે ન રાખો. આપ જ્યાં રહો, ત્યાં મને પાસે રાખો.'' ગંગાનો અતિ પ્રેમ જોઈને **વર્ણીરાજ** વિચાર કરી બોલ્યા : ''તમારા જે જે મનોરથ હશે તે હું પૂરા કરીશ.'' ત્યારે ગંગાજી ખૂબ આનંદમાં આવી ગયા. પછી ગંગાજીએ અનેક પ્રકારના ભોજન બનાવીને વર્ણીરાજને જમાડ્યા.

વર્ણીપ્રભુ ત્યાં એક રાત રોકાયા. બીજે દિવસે પ્રભાતે નાવમાં બેસીને ત્યાંથી સં. ૧૮૪૯, શ્રાવણ સુદ એકાદશી (તા. ૨૯-૭-૧૭૯૨)એ **દેવભૂમિ 'હરિદ્વાર'** પધાર્યા.

**'ઉલંઘી મોટું વન વાટકેરું, ક્ષુધાદિ સંકષ્ટ સહી ઘણેરું;**
**વીતી ગયા વાસર કૈંક જ્યારે, ગયા હરદ્વાર દયાળુ ત્યારે.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૩/૪૯)

## હરિદ્વારમાં વર્ણીરાજ શ્રી નીલકંઠ મહાપ્રભુને શિવ-પાર્વતીએ રસોઈ કરીને જમાડ્યાં

એક મોટો પહાડ ચઢીને વર્ણીરાજ **હરિદ્વાર** આવ્યા. હરિદ્વારથી ઉત્તર તરફ ગંગાજી **અગાધ જળથી** વહે છે. અહીં સુંદર **રમણીય ઘાટ** બાંધ્યો છે. યાત્રિકો અહીંથી જ ગંગાજીમાં સ્નાન કરે છે. આ ઘાટની ઉત્તરે

મહાદેવજીનું શિખરબધ્ધ મંદિર પૂર્વમુખનું છે. તે ઝગમગ ઝગમગ ચમકતું હતું. અહીં સ્નાન કરવા માટે બાર વર્ષે **કુંભમેળો** ભરાય છે. આ કુંભમેળામાં અસંખ્ય લોકો આવે છે ત્યારે ઘાટ ઉપર **સ્નાન** કરવા ખૂબજ **ભીડ** થાય છે તેથી ઘાટ ઉપર જગ્યા જ નથી રહેતી. કેટલાંય ભેખધારીઓ કુંભમેળામાં આવે છે. તેનો ગણતા પાર ન આવે. ભેખધારીઓ પોતાના જૂથ સાથે નિશ્ચિત સમયે સ્નાન કરવા માટે આયુધોને સજીને આવે છે. પહેલા સ્નાન કરવા માટે તો પરસ્પર એકબીજા લડે છે. જેનું જોર વધારે હોય તે પહેલા સ્નાન કરે છે. તેમાં અપાર લડીને મરી જાય છે. તેની ગણતરી કરીએ તો પાર આવે તેમ નથી. આવું વિચારીને નીલકંઠ વર્ણીના દિલમાં બહુ દયા આવી.

વર્ણીરાજે પણ અહીં સ્નાન કર્યું, પરંતુ યાત્રિકો અને ભેખધારીઓની અહીં ભેગી થયેલી જમાતને લઈને તેઓને **એકાંત સ્થળ** મળ્યું નહિ. એકાંત સ્થાન શોધવા તેઓ આમતેમ ફરી રહ્યા હતા. એટલામાં એક વિપ્રે તેમનું કાંડું પકડ્યું. વર્ણીપ્રભુ ચમક્યા. તેમણે વિપ્રની સામું જોયું એટલે વિપ્રે તેઓને કહ્યું : "બ્રહ્મચારી ! અહીં યાત્રિકોની અને આ ભેખધારીઓની ખૂબ ભીડ છે. વળી, આ ભેખધારીઓ આયુધધારી છે, તેથી જ્યારે અંદરોઅંદર ઝઘડે છે ત્યારે કેટલાયને પાણીમાં નાખી દે છે. માટે અહીં રહેવામાં જોખમ છે. આપ મારી સાથે પધારો."

વર્ણીપ્રભુને એકાંત સ્થાન જ ખપતું હતું. તેથી તેઓ તે વિપ્રની સાથે ચાલ્યા. વિપ્ર તેમને ઉત્તર તરફના શિવાલયમાં લઈ ગયા. આ એકાંત સ્થાન જોઈ વર્ણી મહાપ્રભુને અત્યંત આનંદ થયો. પછી વિપ્રે હાથ જોડી બ્રહ્મચારીને પૂછ્યું : "બ્રહ્મચારીજી ! આપને ક્યા નામે સંબોધવા ?"

વિપ્રનો પ્રશ્ન સાંભળીને વર્ણીરાજે હસીને કહ્યું : "અનેક તીર્થોના અને બદરિકાશ્રમમાં નરનારાયણ ઋષિના દર્શન કરવા સારું જઈએ છીએ. મને લોકો **નીલકંઠ વર્ણી** કહે છે." વિપ્રને બ્રહ્મચારીની વાત સાંભળી હસવું આવ્યું. તેમણે તરત જ કહ્યું : "નીલકંઠ તો મહાદેવનું નામ છે." એટલે વર્ણીએ પ્રત્યુત્તર આપતા કહ્યું : "તે મહાદેવને અમારી સાથે એકતા છે."

આ સાંભળી વિપ્ર વર્ણીરાજના પગમાં પડી ગયા. વર્ણીએ તેમના મસ્તક ઉપર હાથ મૂકી કહ્યું : "કહ્યા વિના સમજાય નહિ અને પૂછ્યા વિના કહેવાય નહિ." ત્યારે વિપ્રે કહ્યું : "આપ કોઈ જીવ નથી, આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. અહીંયા તો આપ દર્શન દેવા પધાર્યા છો. હું બ્રહ્મપુત્ર છું. આપને મેં ક્યારેય જમાડ્યા નથી, તો હું રસોઈ બનાવું છું તો આપ પ્રેમથી તે જમો."

પછી વિપ્રે વર્ણીરાજ માટે રસોઈ કરવાની તૈયારી કરી. એટલામાં વિપ્રની સ્ત્રી ત્યાં આવી. તેણે વિચાર્યું કે, 'પોતાથી પણ કોઈ બહુ જ મોટા હોય તો જ આ વિપ્ર સેવા કરે. માટે આ બ્રહ્મચારી જરૂર કોઈ મોટા ઈશ્વર હશે.'

તેણે વિપ્ર પાસે આવીને પૂછ્યું : "હે વિપ્ર ! ઘણા યુગોથી આપ અહીં વસો છો. મોટા મોટા શુક-સનકાદિક સિદ્ધો અહીં આવી ગયા. બીજા પણ અનંત અહીં આવે છે, પરંતુ તમે જાતે કોઈની આ રીતે સેવા કરી નથી. માટે આ વર્ણી કોણ છે તે મને કહો." એટલે વિપ્રે તેને કહ્યું : "તમે ધ્યાનમાં બેસો તો જણાશે કે આ બ્રહ્મચારી કોણ છે."

વિપ્રના પત્ની ધ્યાનમાં બેઠા. ધ્યાનમાં જ તેમને જણાયું કે પોતાના પતિથી પણ વર્ણીરાજ બહુ જ મહાન છે. તરત જ તે વર્ણીના ચરણોમાં પડી ગયા ! એ જ ધ્યાનસ્થ સ્થિતિમાં તેમણે વર્ણીરાજને હાથ જોડીને કહ્યું : **'તબ યહ સતી બોલી કર જોરી, ત્રિગુન પર ગતિ ન રહાયે મોરી; હરિ કહે કચ્ચે જોગી રહેઉ, બડે કી સેવા ન કિયેઉ.'** - "હે વર્ણીરાજ ! ત્રણ ગુણથી પર મારી ગતિ નથી." તે સાંભળી વર્ણીપ્રભુએ હસીને કહ્યું : "તમારો જોગ કાચો છે. તમે કોઈ મોટાપુરુષની સેવા કરી નથી. આ વિપ્ર અમને મોટા જાણીને અમારી સેવા કરે છે."

પછી નીલકંઠ વર્ણીએ તેના ઉપર દૃષ્ટિ કરી તેથી સત્ત્વ, રજ અને તમ એ માયાના ત્રણ ગુણથી પર વર્ણીરાજનું સ્વરૂપ તેને દેખાયું. આ દિવ્ય દર્શનથી તે અત્યંત આનંદવિભોર બની ગયા.

પછી તેણે વર્ણીરાજને કહ્યું : "આ વિપ્રને આપ જમો તેવી રસોઈ બનાવતા નથી આવડતી. જો આપની મરજી હોય તો હું જઈને રસોઈ બનાવી લાવું."

ત્યારે વર્ણી મંદ મંદ હાસ્ય કરીને કહે : "અમો પતિ-પત્નીની વાતમાં પડતા નથી. અમો કોઈને કાંઈ કહેતા નથી. તમે અને વિપ્ર પરસ્પર સમજીને કરો. અમારે તો જમવાનું કામ છે. બીજું કાંઈ કામ નથી."

પછી સતી તુરંત વર્ણીરાજ માટે કેરીનો રસ અને રોટલી બનાવી લાવ્યા. તે જમતા જમતા વર્ણી બોલ્યા : "તમે દંપતી કોણ છો ? હું આ વાત જાણતો નથી. તમે તમારી સાફ વાત કહો. જો કહેશો તો હું અહીં રાત રોકાઈશ. જો સ્પષ્ટ નહિ કહો, તો હું અહીંયા રહીશ નહિ."

ત્યારે સતીએ કહ્યું : "હે બ્રહ્મચારીજી ! અમે તો ત્રણ ગુણથી પર નથી, પરંતુ તમે ત્રણ ગુણથી પર હોવા છતાં ત્રણ ગુણમાં આવી કેમ અજાણ્યા બની જાઓ છો ?" વર્ણીરાજે

આનો કોઈ જવાબ દીધો નહિ એટલે વિપ્રના પત્ની બોલ્યા : “હે પ્રભુ ! આ તીર્થનું જેમના ઉપરથી નામ પડ્યું છે તે ‘હર’ (મહાદેવ) આ પોતે જ છે અને હું તેમની પત્ની પાર્વતી છું. પૂર્વે અમે અહીંયા આવીને તપ કર્યું હતું, તેના ઉપરથી આ સ્થાન હરદ્વાર થયું છે. તેમના દર્શન કોઈને થતાં નથી. આ સ્થાનનો મહિમા ઘણો જ મોટો છે.”

ત્યારે વર્ણીરાજે કહ્યું : “હે સતી ! તમે જે અહીંયા **તપ** કર્યું તે કયા **ફળ**ની ઈચ્છા રાખીને કર્યું હતું ? તે વાત મને કહો.” સતીએ કહ્યું : “હું તે વાત જાણતી નથી. વિપ્રને બોલાવીને પૂછો.” તેટલામાં વિપ્ર રસોઈ બનાવીને લઈ આવ્યા. સતી તે જોઈને મંદ મંદ હસ્યા. વર્ણીએ કહ્યું : “મને તો ઘણી ભૂખ લાગી હતી. રસોઈ બનાવવામાં તમને ઘણી વાર લાગી. મારું પેટ વાયુથી ભરાઈ ગયું છે. હવે તેનો ઉપાય શો કરવો ?” વિપ્રે કહ્યું : “તમે જમવા લાગશો એટલે વાયુ દૂર થઈ જશે.” પછી વર્ણીરાજે ઓડકાર ખાઈને વાયુને બહાર કાઢી નાખ્યો. વર્ણી તો ભક્તોના મનને રાજી કરનારા છે એટલે પછી જમવા લાગ્યા.

પછી પોતે જમીને પ્રસાદી શિવ-પાર્વતીને આપી. તેમણે તેના પરિવારને બોલાવી આ વર્ણીપ્રભુના દર્શન તેમને કરાવ્યાં, તેઓના આશીર્વાદ લીધા. શિવજીએ અનેક પ્રકારની પૂજાની સામગ્રીથી વર્ણીરાજનું પૂજન કર્યું. પોતાનો અપૂર્વ **ભક્તિભાવ** બતાવ્યો.

શિવજીના પરિવારને જોઈને વર્ણીરાજ મંદ મંદ હાસ્ય કરીને બોલ્યા : “હે વિપ્ર ! આ બધા તમારી સાથે કોણ આવ્યા છે ? તમે તો ઘણા જ મોટા જણાઓ છો, તો તમે તમારી બધી વાત મને કહો.” પછી શિવજીએ કહ્યું : “હે પ્રભુ ! આપ બધું જાણો છો. આપને હું શું કહું ? આ બધા તો આપના સેવક છે. મારું નામ શંભુ છે. મારી સાથેના આ બધા મારો પરિવાર છે. આપને પ્રસન્ન કરવા માટે અમે બધા અહીંયા રહીને તપ કરીએ છીએ.”

પછી શિવજીએ પોતાના કુટુંબ સાથે વાત કરતા કહ્યું : “જેને હું ચાહતો હતો તે યોગ આજ આવી ગયો. **‘બહુત જુગ જબ તપ ઈહા કીને, તાકે ફલ તબ આજ હી લીને....’** ઘણા યુગોથી અહીંયા તપ કરીએ છીએ, તેનું ફળ આજ આપણને મળ્યું છે. બીજી બધી અનંત સમૃદ્ધિ મળી શકે છે. ઘણું મોટું ઐશ્વર્ય પણ પ્રાપ્ત થઈ શકે છે. તે બધું દુર્લભ નથી. પરંતુ વર્ણીનો જે યોગ થયો એ જ સહુથી દુર્લભ છે, તેમાં રંચમાત્ર સંદેહ નથી. તપ તપીને, યોગ સાધીને અને વ્રત કરીને મરી જઈએ તોપણ આ વર્ણીના દર્શન ક્યારેય મળતા નથી. ઘણા યુગોથી **નરનારાયણ દેવ** પાપોને નાશ કરનારું **મહા ભારે તપ** કરે છે. આવું ઉગ્ર તપ નરનારાયણ દેવ **આ વર્ણીરૂપ શ્રીહરિની પ્રસન્નતા પામવા** કરે છે. આ વર્ણીરાજની રીત તો અલૌકિક છે. આવા બ્રહ્માંડો તો વારંવાર ઉત્પન્ન થયા જ કરે છે. પરંતુ આ વર્ણીના દર્શનની વાત ઘણી દુર્લભ છે.

**‘યાકે દરશન અબ હિ પાયે, ઐસી એહિ બાત જો રહાયે;**
**હમકુ સેવા મિલિ અબ જોઉ, એહિ તપ કે ફલ મિલે સોઉ.**
**ઈનસે અધિક ન ફલ રહે ઓરા, ઐસે હિ ફલ મિલે યહ ઠોરા;**
**તપ કરે સે અધિક ફલ દીના, ઐસે હે હરિભક્ત આધીના.**
**પલ ભર યાકે જોગ હિ જેહા, કોટિ કલ્પ તપ મિલે ન તેહા;**
**એહિ સંગ રાત દિન હિ રેના, તાકો ફલ મુખ આત ન કેના.’**

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨/૧૨/૩૫-૩૭)

આ વર્ણીરાજના **દર્શન** આપણે અત્યારે પામ્યા છીએ તથા અત્યારે આપણને તેમની **સેવા** કરવા રૂપ **લાભ** મળ્યો છે તે જ આપણને **તપનું ફળ** મળ્યું છે. આનાથી કોઈ અધિક ફળ બીજું છે નહિ. એવું ફળ આ જગ્યાએ વર્ણી મળ્યા તેથી આપણને મળ્યું છે. ભગવાન તો ભક્તને આધીન છે. તેથી આપણે તપ કર્યું હતું તેનાથી પણ અધિક ફળ આપ્યું છે. આ વર્ણીનો જે એક પળવાર જેટલો યોગ થયો છે તેવું ફળ તો કરોડો કલ્પ પર્યંત તપ કરવાથી પણ મળતું નથી. વર્ણીરાજની સાથે રાત-દિવસ રહેવાનું જે ફળ છે તે તો મુખેથી કહી શકાય તેમ નથી. વર્ણીપ્રભુના સમાગમના ફળને જે ન સમજી શકે, તેના જેવો તો બીજો કોઈ અજ્ઞાની (અધમ) ન જાણવો. દર્શનરૂપી ફળને છોડીને જે અન્ય પદાર્થને ચાહે છે તે તો પોતાના મનુષ્ય જન્મને જ નિરર્થક કરી રહ્યો છે. વર્ણીરાજના દર્શન કર્યા હોય અને તેમની થોડી એવી પણ જો સેવા કરવામાં આવી હોય તો તેનું ઘણું જ મોટું ફળ મળે છે. સેવા કરવાથી તેમનો રાજીપો કાયમને માટે રહે છે.

ભગવાનને પ્રસન્ન કરવાના જે જે સાધન કહ્યાં છે તે બધામાં સેવાને મુખ્ય કહી છે. સેવવાને યોગ્ય એવા પરમેશ્વરની મરજીને અનુસારે સેવા કરવી જોઈએ અને તેમાં દૃઢપણે ધર્મને ધારી રાખવો જોઈએ. આજના દિવસને ધન્ય છે. આજે આપણા ભાગ્યને પણ ધન્ય છે. કારણ કે, આજે આપણને પરબ્રહ્મના સહેજે જ દર્શન થયા છે. વારે વારે આવો લાગ આવતો નથી. પૂજાની સામગ્રી વિવિધ પ્રકારની લાવો. જઈને વર્ણીરાજની સહુ પૂજા કરો. ફરી ક્યારેય આવો સુભગ દિવસ નહિ આવે. નહિતર પાછળથી પસ્તાવો થશે”

મહાદેવજીના આવા વચનો સાંભળીને તેમના બધા પરિવારજનો તત્કાળ વર્ણીરૂપ શ્રીહરિની પૂજા કરવા માટે સોનાના થાળમાં બધો પૂજાનો સામાન લઈને મોટા રાજાની જેમ બની કરીને આવ્યા. હરિદ્વાર નગરના સમગ્ર લોકો તે પૂજાના દર્શન કરવા માટે આવ્યા. આકાશમાં વિવિધ પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા. બ્રહ્મા ઈત્યાદિ દેવતાઓ

વિમાનોમાં બેસીને વર્ણીરાજના દર્શન કરવા આવ્યા. તેઓ વર્ણીપ્રભુ ઉપર પુષ્પોની અને ચંદનની વૃષ્ટિ કરવા લાગ્યા. મહાદેવજીએ કોઈ રાજાના જેવું રૂપ ધારણ કર્યું. તેઓ પણ વર્ણીરાજની પૂજા કરવા લાગ્યા. કેસર મિશ્રિત ચંદન લઈને વર્ણીરાજના અંગ ઉપર તેની અર્ચા કરી. અત્તરની ફોરમ ચારે બાજુ સભામાં ફેલાઈ રહેતી હતી. તે પછી ભાત-ભાતના ફૂલોના ઘરેણા વર્ણીપ્રભુને પહેરાવ્યા. તે પછી પ્રેમથી આરતી ઉતારી. પૂજા કરવા ઘણા જ ઉપચારો લાવ્યા હતા. ધ્યાન કરવા માટે વર્ણીના અંગોની વારંવાર ધારણા કરવા લાગ્યા. પ્રદક્ષિણા કરીને દંડવત્ પ્રણામ કર્યા. ખૂબજ ભાવભરી સ્તુતિ કરી. વર્ણીરાજ અનંત શક્તિઓને ધારનારા છે, એમ સમજીને સહુએ અલૌકિક પરિપૂર્ણ લહાવો લીધો. મહાદેવજીના બધા કુટુંબે પણ અપાર પ્રેમથી વર્ણીરાજની પૂજા કરી. તેમની ભક્તિથી વર્ણીરાજ પણ તે સહુના ઉપર ઘણું પ્રસન્ન થઈને ત્યાં **પાંચ દિવસ** રહ્યા. અને છઠ્ઠે દિવસે હરખભર ચાલતા થયા.

## તપોવનમાં વર્ણીરાજ શ્રી નીલકંઠ મહાપ્રભુએ મુનિઓની પૂજા સ્વીકારી અને ધ્રુવના આશ્રમમાં પધરામણી કરી

વર્ણીરાજ હરિદ્વારની બાજુમાં આવેલ **તપોવનમાં** આવ્યા. વનને દેખીને વર્ણીરાજને આનંદ થયો. તેમાં અનેક જાતના વૃક્ષો હતા. મેઘ મંદ મંદ ગર્જના કરતો હતો. અનેક જાતિના પંખીઓ મધુર શબ્દ બોલતા હતા. માનો ભગવાનના ગુણોનું ગાન કરતા હતા અને ઠેર-ઠેર નાચતા હતા. અનેક પ્રકારના પહાડો હતા. તેના ઉપરથી ઝરતા ઝરણાંઓ પણ શોભી રહ્યા હતા. પશુની અનેક જાતિઓ - હાથી, ઘોડા, સિંહ અને વાઘ વગેરે તેમજ હરણની પણ ઘણી જાતિઓ ઘૂમતી-ફરતી દેખાતી હતી. જાતજાતના વાંદરા પણ બોલતા હતા. રીંછ, ભીંછ, સાબર અને સુરા ગાયો (ચમરી ગાય) વનમાં અનેક પ્રકારની ભમતી હતી. વિવિધ જાતિના પશુઓ વનમાં વિચરતા હતા. પરસ્પર કોઈ પ્રાણીઓને એકબીજા સાથે વેર ન હતું. બધા ભેળા જ વિચરતા હતા. વન ઘણું શોભતું હતું. પૂર્વે રૈભ્ય મુનિએ અહીં આમ્રવૃક્ષ નીચે તપ કર્યું હતું. રૈભ્ય મુનિ કૂબડા હોવાથી આ સ્થાનને **કુબ્જામ્રક** પણ કહે છે. અહીં ઉત્તાનપાદના પુત્ર ધ્રુવજીએ પણ તપ કર્યું હતું. ધ્રુવજીનો આશ્રમ પણ અહીં છે.

આ વનમાં ઘણા ઋષિમુનિઓ ભગવાન શ્રીહરિની પ્રસન્નતા માટે તપ કરતા હતા. તે બધા વનમાં થયેલા ફળોનો આહાર કરતા અને વરસતા વરસાદની ધારાઓ માથા ઉપર સહન કરતા હતા. પ્રત્યક્ષ આમ્રવૃક્ષ નીચે પથ્થરની વેદિકા હતી. તેના ઉપર ઋષિમુનિઓ બેઠેલા હતા. વર્ણીરાજ પધાર્યા એટલે દરેક યોગીઓ તેમની પાસે આવવા લાગ્યા. સહુ આવીને વર્ણીરાજના ચરણોમાં નમ્યા અને વિનયભર્યા વચન બોલ્યા : "હે પ્રભુ ! આપનું વર્ણિસ્વરૂપ અનુપમ અદ્દ્ભુત છે. અમને તો તે દર્શનમાત્રથી જ પ્યારું લાગે છે. આપના તપસ્વી શરીરમાં અપાર તેજ રહ્યું છે. તેનાથી આખું વન છાઈ ગયું છે. અમારી વૃત્તિ આપ સિવાય બીજું કાંઈ જોતી નથી. આપે દર્શનમાત્રથી અમારા દિલને ચોરી લીધું છે. આપની મૂર્તિમાં અત્યારે જેવું તેજ દેખાય છે તેવું તેજ અમે અમારા દિલમાં પણ ક્યારેય દેખ્યું નથી. આપ અહીં પધાર્યા અને અમને કૃતાર્થ કરી દીધા."

વર્ણીરાજ તેમની વચ્ચે બેસી ગયા. તેમના ભાવથી પ્રસન્ન થઈને ઋષિમુનિઓને સંબોધતા બોલ્યા : "હે મુનિઓ ! જેવી રીતે તમે મારું ચિંતવન કરો છો તે જ પ્રમાણે તમારું પણ ચિંતવન કરતો કરતો હું અહીં તમને દર્શન દેવા આવ્યો છું. અનેક યુગના તમારા તપથી તમારા ઉપર પ્રસન્ન થઈ તમારું આત્યંતિક કલ્યાણ કરવા અને આ લોકમાં એકાંતિક ધર્મની સ્થાપના કરવા હું આ સમયે પ્રગટ થયો છું."

વર્ણીપ્રભુની મીઠી વાણી અને દર્શનથી સૌ મુનિઓ તૃપ્ત થઈ ગયા. તે તૃપ્તિના આનંદમાં સૌ ભાન ભૂલી ગયા. એટલામાં વર્ણીરાજે પોતાનું તુંબીપાત્ર હાથમાં લીધું. તે જોઈ સૌ મુનિઓ સમજી ગયા. સૌ દોડ્યા. કોઈ ગંગાજળ લાવવા, કોઈ ફળ લાવવા, કોઈ ઘણી જાતના મેવા લાવવા - એમ વર્ણીરાજ પ્રત્યેની પોતાની ભક્તિ કરી લેવાના ભાવથી સૌ સેવામાં પ્રવૃત્ત થઈ ગયા. થોડીવારમાં તો વર્ણી પાસે ભાતભાતના ફળોના ઢગલા થઈ ગયા. બધા ગંગાકિનારે રહેતા હતા તેથી કોઈક ઋષિ વર્ણીરાજ માટે ગંગાજળ ગાળીને ભરી લાવ્યા.

મુનિઓએ જે ફળ-ફૂલ-મેવા વગેરે અર્પણ કર્યા હતા તે વર્ણીરાજે તે તમામ સામગ્રી પોતાની પાસે રાખેલા બાલમુકુંદને ધરાવી. પછી પોતે થોડી ગ્રહણ કરી. તે જોઈ મુનિઓને આશ્ચર્ય થયું. તેમણે વર્ણીને પૂછ્યું : "તમે જ સ્વયં ભગવાન છો તો પછી આ બાલમુકુંદ લાલજીની પ્રતિમાને પૂજવાનો શો અર્થ ?"

મહાપ્રભુ વર્ણીરાજે આ સાંભળી મંદ મંદ હાસ્ય કરતા કહ્યું : "ભગવાન જ્યારે મનુષ્યરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે ત્યારે તે સ્વરૂપમાં, મૂળ અજ્ઞાનથી આવૃત્ત થયેલા મનુષ્યો

મોહ પામે છે. તેથી ભગવાને પ્રતિમાને પોતાનું સ્વરૂપ બનાવી મંદિરોમાં તેની પ્રતિષ્ઠા કરી. તેથી સામાન્ય જનોને પણ તે પ્રતિમામાં ભાવ થાય. ભગવાન તો પૃથ્વી ઉપર આવી પાછા અંતર્ધાન થઈ જાય છે, પરંતુ પ્રતિમા અચળ રહે છે. તેથી પ્રભુ પણ મનુષ્ય સ્વરૂપ ધારી, તે પ્રતિમાના સ્વરૂપમાં મનુષ્યોને ભગવાનના સાક્ષાત્ પ્રગટ સ્વરૂપનો ભાવ આવે તે માટે તે પ્રતિમાને સેવે છે. તેમાં જે જ્ઞાની છે તેને તે યોગ્ય લાગે છે. જે માણસ ખળ હોય, નાસ્તિક હોય અને આસુરી હોય તે તો કોઈ રીતને માનતો નથી. તે લોકોને માટે તો કોઈ અવતાર નથી. તેઓ તો મરીને જમપુરીમાં જાય છે.

**'દૈવી આસ્તિક સરલ ચિત્ત, તા હિત હરિ અવતાર;**
**વાર વાર હિ ધરત હૈ, કરન જન ઉદ્ધાર.**
**અસુરી દૈવી હોત હૈ, નાસ્તિક આસ્તિક હોત;**
**ખલ હોવત સરલ ચિત્ત, નિજ દોષ જબ જોત.'**

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨/૧૩/૨૫-૨૬)

જે જીવ દૈવી હોય, આસ્તિક હોય અને સરળ ચિત્તવાળા હોય, તેના માટે જ ભગવાનનો અવતાર છે. અને તેવા લોકોનો ઉદ્ધાર કરવા માટે જ ભગવાન વારંવાર અવતારોને ધારણ કરે છે. જ્યારે માણસ પોતાના દોષોને જુવે છે - ઓળખે છે ત્યારે તે આસુરી હોય તોપણ દૈવી થઈ જાય છે, નાસ્તિક હોય તો તે આસ્તિક થાય છે અને ખળ હોય તો તે સરળ ચિત્તવાળો થાય છે. જેના પાપોનો નાશ થાય તે પોતાના દોષોને જાણી શકે છે. જેમાં પાપ રહ્યા હોય તેને પોતાના દોષ દેખાતા નથી. જેના પાપનો નાશ થયો હોય ત્યારે તેમાં મુમુક્ષુતાનો ઉદય થાય છે, જો વિચારવામાં આવે તો આ દેખાય છે; પરંતુ વગર વિચારે દેખાતું નથી.''

વર્ણીરાજની આટલી વાત સાંભળીને સૌ મુનિઓ ખુશ થઈ ગયા. સહુએ હાથ જોડીને કહ્યું : ''હે પ્રભુ! અમને બધાને આપ પોતાની સાથે લઈ લો. હવે અમારું તપ પૂર્ણ થઈ ગયું છે. આપ મળ્યા એટલે કાંઈ અધુરું રહ્યું નથી. આપના સમાન સમર્થને મેળવવા માટે અમે તપસ્યા કરતા હતા. હવે મહાસમર્થ એવા આપ અમને મળી ગયા છો આવું અમે અમારા દિલમાં વિચારી લીધું છે. આવો સુયોગ ફરીને મળી શકે નહિ. મનુષ્યનું શરીર તો એક પળવારમાં જ ટળી જાય એવું છે. માટે જો આ મનુષ્ય શરીર છૂટી ગયું તો મોક્ષનો કાંઈ ઉપાય સફળ થઈ શકે નહિ. પછી તો મનમાં કેવળ પશ્ચાતાપ જ રહે.''

વર્ણીપ્રભુ સૌ મુનિઓનો ભાવ જોઈ અત્યંત પ્રસન્ન થયા.

સર્વ મુનિઓ પૂજાની સામગ્રી લાવ્યા. ફૂલના ગજરા, બાજુબંધ, હાર અને ટોપી પણ લાવ્યા. હૃદયમાં અતિશય ઉત્સાહવાળા મુનિઓએ વર્ણીરાજનું પૂજન કરી તે સર્વ શણગાર તેમને પહેરાવ્યા. છાતી ઉપર ફૂલહાર પહેરાવ્યા. ભુજાઓમાં ફૂલના અપાર બાજુબંધ બાંધ્યા. ફૂલોની ટોપી અને તોરાઓ મસ્તકે ધરાવ્યા. ગુલાબના ગુચ્છ કાન ઉપર રાખ્યા. લલાટમાં કેસરી તિલક કર્યું, ધૂપ કર્યો, દીપ પ્રકટાવ્યો અને પછી આરતી ઉતારી. વર્ણીરાજે અત્યંત **અદ્‌ભુત શોભા** ધારણ કરી હતી.

સૌ મુનિઓએ દંડવત્ પ્રણામ કરીને ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરી. અને તે મુનિઓએ વર્ણીપ્રભુના ચરણોને વારંવાર પોતાની છાતીએ ચાંપ્યા. પછી વર્ણી તરત જ ઊઠ્યા. સૌ તેમની સાથે જવા તૈયાર થયા પરંતુ તેમની મરજી ન હતી તેથી અટકી ગયા. જતાં જતાં વર્ણીએ મુનિઓને કહ્યું : ''સહુ ચાલો, વન જોવા જઈએ.'' એટલે સૌ મુનિઓ વર્ણીરાજની સાથે વન જોવા નીકળ્યા. ધ્રુવજીનો આશ્રમ તપોભૂમિ જાણીને ત્યાં આવ્યા. ધ્રુવે જ્યાં તપસ્યા કરી ત્યાં પહોંચ્યા. તપમાં પ્રવીણ નીલકંઠ વર્ણીએ પૂર્વમુખે એક પગે ધ્રુવની જેમ ઊભા રહીને સૌ મુનિઓને **અલૌકિક દર્શન** દીધા. અહીં તપોવનમાં વર્ણીરાજ **દશ દિવસ** રહીને જન્માષ્ટમી ઉત્સવ કર્યો. પછી ત્યાંથી ચાલતા થયા.

## લક્ષ્મણઝૂલાએ લક્ષ્મણજીની પૂજા સ્વીકારતા મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણી

તપોવનથી નીકળીને વર્ણીરાજ ગંગાજીના કિનારે ચાલીને **લક્ષ્મણઝૂલા** પધાર્યા. અહીં ગંગાના કિનારા ઉપર લક્ષ્મણજીએ બાર વર્ષ સુધી તપ કર્યું; તેમના તે સ્થાન ઉપર જ સુંદર મોટું મંદિર છે. જેમાં લક્ષ્મણજીની તથા ધ્રુવજીની મૂર્તિઓ પધરાવેલી છે. અહીં ગંગાજીનો પટ વધારે પહોળો અને ઊંડો છે. લક્ષ્મણઝૂલા ઊતરીને પૂર્વ તરફ જ્યાં ઘાટ બાંધ્યો છે ત્યાંથી જ બદરીનાથ તથા કેદારનાથનો **કઠિન માર્ગ** શરૂ થાય છે.

વર્ણીરાજ **મંદિર**ની પાસે પહોંચ્યા ત્યારે લક્ષ્મણજીએ તેમને જોયા. વનવાસ દરમ્યાન રામચંદ્રજીના જેવા સ્વરૂપને દેખીને લક્ષ્મણજી અતિ આનંદિત થયા. લક્ષ્મણજી સુંદર રાજાના જેવું રૂપ લઈને એકદમ દોડીને વર્ણીપ્રભુના ચરણોમાં સ્નેહભાવથી પડ્યા. ત્યારે વર્ણીરાજે તેમને ઉઠાડ્યા અને કુશળતાથી બાથમાં લઈને ભેટ્યા. લક્ષ્મણજી વર્ણીરાજનો હાથ પકડીને પોતાના મંદિરમાં લઈ ગયા અને સુંદર

ઉતારો આપ્યો.

પછી લક્ષ્મણજીએ બે હાથ જોડીને સન્મુખ ઊભા રહીને પૂછ્યું : "હે સ્વામી ! આપ અત્યારે ક્યાંથી પધાર્યા છો ? હે બહુનામી ! આપણે મળ્યા તેને ઘણા યુગ વીતી ગયા." ત્યારે વર્ણીરાજે કહ્યું : "ભાઈ ! તમે ગંગાને કિનારે તપ કરો છો, તે સાંભળીને હું અહીં આવ્યો છું. તમે તપ કરો છો તેમ હું પણ તપ કરું. આવો દૃઢ વિચાર મેં મારા અંતરમાં કર્યો. તે સિવાય અત્યારે ભૂમિ ઉપર અસુરોનો ભાર વધી ગયો છે, તેને ઉતારવો છે. એટલા માટે હું આજ ફરીથી ભૂમિ ઉપર પ્રગટ થયો છું. અત્યંત ઊંચા કુળના વિપ્ર ધર્મદેવને ઘેર આ વખતે મેં અવતાર ધાર્યો છે. અનંત અસુરોનો સંહાર કરવા મેં પહેલા બે અવતાર ક્ષત્રિય જાતિમાં લીધા છે. સહસ્રાર્જુનના સમયમાં મેં ઋષિકુળમાં અવતાર ધાર્યો હતો. ત્યારે તે ક્ષત્રિયો અત્યંત ઉન્મત્ત થઈ ગયા હતા. તેઓ ઋષિઓની મર્યાદા રાખતા નહિ. બધા જ ક્ષત્રિય રાજાઓ ઘણા ઉદ્ધત થઈ ગયા. ઋષિઓ પાસેથી પણ કર લેવા માંડ્યા અને તેમને મારવા માંડ્યા. ત્યારે તેમના અધર્મને દેખીને મેં પ્રલય સમયનો ગુણ ધાર્યો. હાથમાં ફરસી લીધી. એકવીશ વખત ભૂમિ ઉપર ફરીને ક્ષત્રિયોનો નાશ કર્યો હતો.

આ વખતે તો મેં બ્રાહ્મણના કુળમાં અવતાર લઈને સાધુઓના ગુણોને સ્વીકાર્યા છે. માટે સાધુતામાં રહીને હું અધર્મનો ઉચ્છેદ કરી દઈશ. કોઈ રાજાના હાથે હું અસુરોનો વિનાશ કરાવીશ, તેમાં વાર નહિ લાગે. હવે ન્યાયવાળો રાજા થશે. હવે જે કોઈ ન્યાય-નીતિના ગુણને નહિ રાખે, તેને વારંવાર દુ:ખ આવશે. અત્યારે મારો એક એવો સંકલ્પ છે કે, અન્યાયીનો વિનાશ થશે જ. જે અન્યાયીને બચાવે નહિ, જે અન્યાયીને અણસમજુ કહીને છોડી દે નહિ. એટલા માટે કોઈ એક એવો રાજા થશે કે તેને હાથે અન્યાયીના વંશનો નાશ થશે. જે અન્યાય કરશે તે ગાંડો ગણાશે અને તેનું ક્યાંય ઠેકાણું રહેશે નહિ. જે વિચાર કરીને - સમજીને ચાલશે-વર્તશે તેની શુભ કીર્તિ લોકમાં વધશે."

વર્ણીરાજ નીલકંઠ પ્રભુના મુખથી બધું સાંભળીને લક્ષ્મણજી અતિશય ખુશ થયા. વર્ણીરાજની મરજી વિચારીને બોલ્યા : "આપ આજ્ઞા કરો તેવી હું સેવા કરું. હું સેવક છું અને આપ તો મારા મોટા દેવ છો." આ વાત ચાલે છે ત્યારે ત્યાં ગંગાજી મૂર્તિમાન પ્રકટ થયા અને વર્ણી પાસે આવીને બોલ્યા : "હું રસોઈ બનાવીને લાવું છું. તમે મનમાં કાંઈ ચિંતા કરશો નહિ. મારા ઘરમાં અન્નનો કોઈ પાર નથી. અને મને કોઈ રોકનાર કે ટોકનાર નથી." આમ કહીને ગંગા રસોઈ તૈયાર કરવા ચાલ્યા ગયા. લક્ષ્મણજી તો મનમાં વિચારતા જ રહ્યા. પછી તે વખતે તેમણે અપરંપાર મેવા અને મીઠાઈઓ લાવીને મૂક્યા. વર્ણીરાજે દેવને નૈવેદ્ય ધરાવ્યું. પછી તે પ્રસાદીને પ્રેમથી જમ્યા. લક્ષ્મણજીનો પૂર્વનો સ્નેહ વિચારી પછી તેમને પ્રસાદી આપી. લક્ષ્મણજી તુરંત ગાળેલું પાણી લઈ આવ્યા. તે વર્ણીરાજે હેતથી પીધું. આમ, લક્ષ્મણજી વર્ણીપ્રભુની સેવા કરવા લાગ્યા.

પછી વર્ણીરાજે પ્રેમ લાવીને ભાવથી લક્ષ્મણજીને પૂછ્યું : "આપણે બાર વરસ સુધી વનમાં સાથે રહ્યા. વનમાં જાનકીજી પણ સાથે હતા ત્યારે તમે મારી ઘણી સેવા કરી હતી. દિન-પ્રતિદિન અધિક અધિક આવતા દુ:ખોને ખૂબજ સહન કર્યાં. છતાં તમે ક્યારેય મારો સાથ છોડ્યો નહિ. મેં તમને ઘણું દુ:ખ દીધું હતું તોપણ તમે ક્યારેય મારો અવગુણ લીધો નહિ. તે તમારા મોટા ગુણને હું સમજું છું. ઝાઝાં હેત સિવાય આવું થાય નહિ. મનુષ્યને જ્યારે દુ:ખ આવી પડે છે ત્યારે કોઈ મદદ કરતું નથી. દુ:ખને સમયે આવીને જે મદદ કરે છે તેના સમાન બીજો કોઈ મિત્ર કહેવાય નહિ. તેથી જ તમારો યશ ચૌદ લોકમાં પ્રસિદ્ધ છે. જગતમાં ભક્ત તો ઘણા થયા છે પણ તમારા જેવો બીજો કોઈ સેવક થયો નથી. હું રાત-દિવસ તમને સંભારું છું. તેમાં વનવાસને જ્યારે સંભારું છું ત્યારે તો હું રડી પડું છું. મને પ્રસન્ન કરવા માટે તો આ લોકના સુખનો બધો સમાજ ઘણા ભક્તોએ છોડી દીધો હતો. પ્રિયવ્રત અને પ્રહ્લાદના જેવા અનંત રાજાઓ થઈ ગયા છે. અને હરિશ્ચંદ્ર, મયૂરધ્વજ, રંતિદેવ અને ચિત્રકેતુ પણ એવા રાજાઓ થયા છે. પ્રારબ્ધને વશ થઈને તો માણસ એટલા અનંત, અપાર દુ:ખો સહન કરે છે કે તેનો છેડો જ આવતો નથી. તોપણ તે કષ્ટોને સહન કરવાથી હું તેના ઉપર ક્યારેય રાજી થતો નથી. ઊલટાનું મર્યા પછી તે બધાને જમપુરીમાં જાવું પડે છે.

**'જીવ જાતિ કહાવત જેતે, તાકે શિર દુ:ખ રહે હૈ તેતે;**
**મોય તજી ઓર સુખ કી આશા,**
**તા લગ દુ:ખ કો ન હોવત નાશા.**
**ઓર આશ કર જીવ કહાવે, મરી મરીકે જમપુર જાવે;**
**લખ ચોરાશી મિટત ન તાકુ,**
**વાર વાર દુ:ખ હોવત વાકું.'**

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨/૧૪/૩૪-૩૫)

જીવ-પ્રાણી માત્રના શિર ઉપર કર્મવશ દુ:ખો તો રહ્યા જ છે. મને તજી દઈને જીવ જે અન્ય સુખની આશા રાખે છે ત્યાં સુધી તેના દુ:ખોનો સદંતર નાશ થતો જ નથી. જે જીવ પરમાત્મા સિવાય અન્યની આશા રાખે છે તે મરીને જમપુરીમાં જાય છે. તેના ઉપરથી ક્યારેય લખચોરાશી મટતી નથી. તે વારંવાર દુ:ખ ભોગવ્યા કરે છે."



પછી ચાર ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે ગંગાજી **વિવિધ પ્રકારના ભોજન** લઈને આવ્યા. તેની સાથે અપાર સેવકો હતા. ગંગાને કિનારે ખુલ્લી જગ્યામાં ઘણો સારો ચોક હતો તેમાં ચોકી ઢાળી. તે ઉપર વર્ણીરાજ જમવા બેઠા. અનંત પ્રકારના ભોજનોને દેખીને વર્ણીપ્રભુ મંદ મંદ હસવા લાગ્યા. સુખનું મૂળ શ્યામસુંદર વર્ણીરાજ શ્રીહરિ અત્યંત ભાવથી તે બધું જમ્યા. વર્ણીરાજે થાળ જમી રહ્યા પછી ચળુ કરીને જળપાન કર્યું. પછી એક થાળ પીરસીને લક્ષ્મણજીને આપ્યો અને બાકીનું બધું ગંગાએ લીધું. તે વખતે ગંગાએ પોતાના સેવકોની સાથે નીલકંઠ વર્ણીપ્રભુની **પૂજા** કરી. તેઓના ચરણોને કેસર-ચંદન ચર્ચીને પછી પોતાની છાતી ઉપર લીધા. યતિ એવા લક્ષ્મણજીએ પણ અનેક પ્રકારનો પૂજાપો લાવીને વર્ણીપ્રભુના અંગો ઉપર કેસર-ચંદનની ચર્ચા કરી. પુષ્પોના આભૂષણ અત્યંત પ્રેમથી પહેરાવીને આરતી ઉતારી. પછી વર્ણીરાજને **પ્રાર્થના** કરતા કહ્યું : "હે પ્રભુ ! આપ આવા ને આવા નિરંતર મારી સમીપે રહો." લક્ષ્મણજીનો નિર્મળ પ્રેમ જોઈને વર્ણીપ્રભુ તેના પર પ્રસન્ન થઈને **વરદાન** આપ્યું. અહીં વર્ણીરાજે સામશ્રાવણીએ ઉપવીત બદલી. પછી લક્ષ્મણજીના મંદિરમાં એક રાત રોકાયા. બીજે દિવસે ઝૂલા ઊતરી પૂર્વ તરફ બદરીનાથના રસ્તે **પ્રયાણ** કર્યું.

**❖ હરિદ્વારમાં પંજાબના રાજા રણજીતસિંહને વર્ણીરાજ શ્રી નીલકંઠ મહાપ્રભુના પુનઃદર્શન**

વર્ણીરાજ લક્ષ્મણઝૂલા-ઋષિકેશથી નીકળી માર્ગમાં અનેક કઠિનાઈઓ, વર્ષાની મુશળધારાઓ, નદીઓના પ્રચંડ પૂરો અને હિંસક પ્રાણીઓથી નિર્ભય થકા શ્રીપુર, ગુપ્તકાશી, ઉત્તરકાશી, ગુપ્તપ્રયાગ, ત્રિયુગીનારાયણ, ગૌરીકુંડ, કેદારનાથ, બદરીનાથ, ત્યાંથી નરનારાયણના આશ્રમ બદરિકાશ્રમ, બર્ફીલી પહાડીઓ પર એકલપંડે માનસરોવરથી નીકળી સં. ૧૮૪૯ના વૈશાખ સુદ -૩ (અખાત્રીજ)ના શુભ દિવસે પુનઃ **બદરીનાથ**માં આવ્યા. અહીં આવી મંદિરમાં દેવના દર્શન કર્યા. પૂજારીએ તેમને ઓળખી લીધા અને તરત જ સન્મુખ જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. વર્ણીરાજ મહાપ્રભુનો હાથ પકડી કહ્યું : "પ્રભુ ! થાળ તૈયાર છે. જમવા પધારો."

વર્ણીરાજ તેમનો ભાવ જોઈ હસ્યા. પછી કહ્યું : "અહીંથી અન્ન જમીને ગયા હતા તે આજે અન્ન જમીએ છીએ." એટલામાં જોષીમઠના બ્રહ્મચારી પણ ત્યાં આવ્યા. નીલકંઠ વર્ણીના દર્શન કરી તેમને પણ ખૂબ આનંદ થયો. જમતાં જમતાં વર્ણીરાજે તેમને પોતાની યાત્રાની વાત કરી. હાડ ગાળી નાખે તેવી હિમગિરિની કારમી ઠંડીમાં પોતે કેવી રીતે બદરિકાશ્રમ પહોંચ્યા, ત્યાં નરનારાયણ ઋષિનું અપાર તપ, તેમનો પોતાના પ્રત્યે ભક્તિભાવ, તપથી પવિત્ર બનેલી બદરિકાશ્રમની ભૂમિ, જ્યાં સર્વે સંકલ્પ સિદ્ધ થાય છે, નિરન્ન રહેવાય છે, ફળનો આહાર સૌને તૃપ્ત કરે છે. વર્ણીપ્રભુ બોલ્યે જ જતા હતા. જાણે એ ભૂમિમાંથી વૃત્તિને પાછી વાળવી તેમને ગમતી જ ન હતી. ત્યાંનો પ્રતાપ જ એવો છે કે ત્યાં કળિયુગનો પ્રવેશ લેશમાત્ર પણ થઈ શકતો નથી. જેવું પોતે સાક્ષાત્ જોયું હતું તે રીતે માનસરોવરની બધી વાત પણ કહી. તે સાંભળીને સૌને આશ્ચર્ય થયું અને સહુએ વર્ણીપ્રભુના ચરણમાં મસ્તક નમાવ્યા. બધા એમ બોલતા હતા કે, "આવી આશ્ચર્યકારી વાત તો અમે ક્યારેય સાંભળી નથી. આ કાંઈ કોઈ જીવનું કામ નથી. પરબ્રહ્મ પરમાત્મા સિવાય હિમાલયમાં

જવાની કોઈથી હિંમત જ થાય નહિ. આપણાં પણ ધન્ય ભાગ્ય છે કે આપણને આવા મહાપુરુષના દર્શન થયા છે. ભાગ્ય વિના આવા મહાપુરુષના દર્શન થાય નહિ. એ વાત ચોક્કસ છે.''

અહીં આજે પંજાબના રાજા **રણજીતસિંહ** દર્શને આવ્યા હતા. જેના સૈન્યમાં બે લાખ ઘોડે સવારો હતા. ઘણા કોશોમાં તેનું રાજ્ય હતું. તેમણે નીલકંઠ વર્ણીને ત્યાં જોયા. જોતાં જ તેમની દૃષ્ટિ એ દિવ્ય સ્વરૂપમાં સ્થિર થઈ ગઈ. તે એક ડગલું પણ આગળ ચાલી શક્યા નહિ. વર્ણીરાજે તેના તરફ જોયું. એટલે તરત જ તે બદરીનાથના નિજમંદિર તરફ જવાને બદલે વર્ણીપ્રભુ તરફ ચાલ્યા. તેણે વર્ણીપ્રભુના ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. સૌને આશ્ચર્ય થયું. નીલકંઠ વર્ણી બદરીવનની વાત પોતાની પાસે બેઠેલા શ્રોતાઓને એકધારી કરતા હતા. વર્ણીરાજનું સ્વરૂપ જોઈને તેમની વાણી સાંભળી રાજાનું મન ખેંચાયું હતું. રાજા નીલકંઠ પ્રભુના ચરણોમાં આળોટી પડ્યા. પછી સ્તુતિ કરતા બોલ્યા : ''આપ કરોડો ઉપાય કરો તોપણ હવે હું આપને છોડવાનો નથી. હું આપનો દાસ છું. અને દાસભાવે જ આપની આગળ વિનંતિ કરું છું. આપ જેમ કહો તેમ હું કરું. અત્યારે લોકોનો ઉદ્ધાર કરવા આપે અવતાર ધાર્યો છે. હું પોકાર કરીને વિનંતિ કરું છું કે મને શરણે આવેલાને આપ તજી દેશો નહિ.'' એમ કહી રાજા ગદ્‌ગદ થઈ ગયા.

વર્ણીન્દ્રે તેમનો ભાવ જોયો પણ તેની અંગ સજાવટમાં તેમને રાગ દેખાયો. નીલકંઠ વર્ણીએ તરત જ રાજાને કહ્યું : ''અમે તો ભક્તાધીન છીએ. તમે ભક્ત થાઓ તો આધીન થઈએ. અમે આકાશમાં વિહાર કરનારા છીએ અને તમે જમીન ઉપર ફરનારા છો. અમે બધા ભોગથી વિરક્ત છીએ અને તમે ભોગ વૈભવોમાં રસબસ આસક્ત છો. આપણી સંગતિ કઈ રીતે થાય ? અમારે કોઈપણ પ્રકારનું વ્યસન નથી અને તમારે તે બધાં જ વ્યસન હોય છે. અમે સ્ત્રીની આસક્તિમાં દોષ બતાવીએ છીએ અને તમને તે કહીએ તો રોષ ઉપજે છે. બ્રહ્માદિક પર્યંતના શરીર, ઘર, સુખ-સંપત્તિ એ બધામાં અમે જમપુરીથી પણ વધારે દુઃખ માનીએ છીએ અને તેનાથી પોતાની ખુવારી થાય છે આવું સમજીએ છીએ. તમે તો તે બધા સુખોને મેળવવાને માટે તીર્થયાત્રા કરવા નીકળ્યા છો. અને તે માયિક સુખો મેળવવા માટે જ અમને યોગી જાણીને અમારી સેવા કરો છો. અમારે અને તમારે હેત-પ્રેમ થાય નહિ. આ સંસારમાં લેશમાત્ર પણ સુખ નથી. પહેલા કે છેલ્લે દુઃખનું દુઃખ જ છે. જે દુઃખમાં પણ સુખ માને છે તેને તો પશુના જેવો જાણવો. આ લોકનું અલ્પ સુખ પણ દુઃખથી ભરેલું હોય જ છે. એવા દુઃખ ભર્યાં સુખમાં મનુષ્ય ખૂંત્યો રહે છે. છાણનો કીડો હોય તે છાણમાં જ સુખ માને છે. આવી આ જગતની રીત છે. તેથી તેની સાથે અમને હેત થતું નથી.''

વર્ણીરાજની વાત સાંભળી રાજા રણજીતસિંહ ઉદાસ થઈ ગયા. પરંતુ તેમનામાં મુમુક્ષુતા હતી. તેથી તેમણે તરત જ હાથ જોડીને કહ્યું : ''હે ભગવન્ ! આપ જે કહેશો એ નિયમ હું રાખીશ. પણ આપ મારા અંતરમાં અખંડ રહો.'' રાજાને વિષે વર્ણીરાજે ભક્તિભાવ જોયો તેથી તેમને કહ્યું : ''રાજન્ ! અમે ગંગોત્રી તીર્થ કરવા જવાના છીએ, ત્યાંથી અમે તમે જ્યાં હશો ત્યાં તમને મળીશું. હમણા તો તમે જાઓ.'' વર્ણીપ્રભુની આજ્ઞા સાંભળી રાજાને દુઃખ થયું. તેઓ ત્યાંથી નીકળ્યા તો ખરા, પરંતુ શરીરમાં જ્વર વ્યાપી ગયો. વર્ણીરાજની સ્મૃતિ કરતા રાજાએ યાત્રાની મજલ શરૂ કરી.

વર્ણીપ્રભુ ગંગોત્રી તીર્થ કરીને પાછા **હરિદ્વાર** પધાર્યા. રાજા રણજીતસિંહ પણ આ સમયમાં આવી ગયા હતા. નીલકંઠ વર્ણીના વિયોગથી તેનું અંતર વલોવાઈ ગયું હતું. રાજાને સંકલ્પ થયો કે, હરિદ્વારમાં કદાચ નીલકંઠ પ્રભુ આવ્યા હોય તો ! તેમણે તરત જ તપાસ કરી અને નીલકંઠ વર્ણીપ્રભુ તેને મળી ગયા ! તેમના આનંદનો પાર ન રહ્યો. રાજાશાહી સાજનો તેમણે ત્યાગ કરી દીધો. તે પગે ચાલીને એકલા નીલકંઠ વર્ણીના દર્શને ઉતાવળા ઉતાવળા ગયા.

હર કી પૈડી ઉપર વર્ણીરાજના તેમને દર્શન થયા. મૃગચર્મ ઉપર પદ્માસન વાળી પ્રભુ બિરાજમાન હતા. નેત્રો બિડાયેલા હતા. બંને હાથો બંને ગોઠણો ઉપર સ્થિર હતા. માથે જટાનો મુગટ શોભતો હતો. રાજા દોડીને નીલકંઠ વર્ણીના ચરણોમાં પડી ગયા. જેમ એકવાર નીકળી ગયેલા પ્રાણ પાછા આવે તેમ તે વખતે રાજાને થયું. કંઠ અત્યંત ગદ્‌ગદ થઈ ગયો અને આંખોમાંથી આંસુઓની ધાર થવા લાગી. વર્ણીન્દ્રના સ્પર્શથી જ તેમને શાંતિ થઈ ગઈ. જ્વર પણ ઊતરી ગયો. વર્ણીરાજે નેત્રો ખોલ્યાં અને રાજા ઉપર તેઓની દૃષ્ટિ પડી. રાજાના અંતરમાં દિવ્ય શાંતિનો અનુભવ થવા લાગ્યો. તેને તેનું રાજ્ય, સાહ્યબી બધું મિથ્યા લાગ્યું. વર્ણીરાજના ચરણમાં સર્વસ્વ અર્પણ કરી દેવાનું તેને મન થઈ ગયું. વર્ણીપ્રભુ રાજાને જોઈ પ્રસન્ન થયા. તેની સેવા ગ્રહણ કરવા તેને કહ્યું : ''અમે ભૂખ્યા છીએ, જમવાનું તૈયાર હોય તે હમણાં જ લાવો.''

આ સાંભળી રાજાને આનંદ થયો. તરત જ તેમણે

અનુસંધાન પેજ - ૩૭ પર...



દેવભૂમિ **હરિદ્વાર**માં પૂ. સ.ગુ. સ્વામી

**શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૨૫મી**

# શ્રીમદ્ સત્સંગિજીવન
## કથા પારાયણ

'अयोध्या मथुरा माया काशी काञ्ची अवन्तिका ।
पुरि द्वारावती चैव सप्तैता मुक्तिदायिका: ।।'

મુક્તિ ભુક્તિનું **પરમ દ્વાર** એટલે હરિદ્વાર, તીર્થગૌરવ અને ભક્તિ સૌરભનું **દિવ્ય સ્થાન** એટલે હરિદ્વાર, હરિશરણ એવં ન્યાલકરણનું શ્રીચરણઅંકિત ધામ એટલે **હરિદ્વાર.**

શ્રદ્ધા અને આસ્થાનું દ્વાર એટલે હરિદ્વાર... જ્યાં ઉછળતી કુદતી પવિત્ર કલ્યાણકારી ભાગીરથી ગંગા સ્થિર થઈને વહે છે... જ્યાંની હવામાં સંગીત છે - નિર્મળ ગંગાજળનું..., સાધુ-સંતોના મુખે ગવાતા ભજનોની મિઠાશનું... જ્યાં દરરોજ સંધ્યાકાળે ગંગાઆરતીના દર્શનથી માનવનું મન થઈ જાય છે સ્થિર અને શાંત... હર કી પૈડી, બ્રહ્મઘાટ, ગંગામંદિર જેવા કેટલાય પવિત્ર તીર્થસ્થાનોથી સુશોભિત દિવ્યભૂમિ એટલે હરિદ્વાર... જ્યાં ભવ્યતા અને દિવ્યતા છે આભને ચૂંબતા હિમાલયના શિખરોની.... સાધનાને સાધતા તપસ્વીઓની..., જોગીઓની..., ગંગાની સપ્તધારાઓની...,

શાસ્ત્રોમાં વર્ણન કરેલ તીર્થોના પ્રત્યેક ગુણ-લક્ષણોથી યુક્ત સર્વ સૌભાગ્ય મંગલપ્રદાતા ભગવાન શ્રીહરિ ચરણકમલાંગિની **પુનીત ભૂમિ અર્થાત્ શ્રીહરિદ્વાર ભૂમિ.** જે ભૂમિ પર ઋષિમુનિઓ-સાધુ-સંતો-મહાપુરુષો-આચાર્યશ્રીઓએ સેંકડો વર્ષો સુધી ભગવદારાધના ઉપાસનાના તપબીજ આરોપીત કરી આ ભૂમિને પાવન કરીને ચોમેર **પુણ્યપુંજ** કરી છે. જે સાધનાની સુવાસ આજે પણ હરિદ્વારની ભૂમિમાં અણુએઅણુ વ્યાપી પોતાના યોગમાં આવેલ સાધકોને અધ્યાત્મ પથદર્શિકાના રૂપમાં સુવાસીત કરે છે.

'नमामि गंगे तव पादपङ्कजं सुरासुरैर्वंदित दिव्य रूपम् ।
मुक्तिं च भुक्तिं च ददाति नित्यं भावानुसारेण मनोहराणाम् ।।'

ઉપરોક્ત સુચારુ માહાત્મ્યને ધારણ કરનારી ભાગીરથી ગંગાજીના ભક્તિપ્રવાહમાં ભાવનાની ડૂબકી મારી પોતાના તન-મનના મેલને દૂર કરતા ગંગાપુત્રોને ભાગીરથી પોતાની વાત્સલ્યતા ભરેલી ગોદીમાં ઝૂલાવી, પ્રેમ-પીયુષ જળ દ્વારા ભાવામૃત અભિષેકથી ભીંજવી, ખડ-ખડ કલરવ ધ્વની કરતી જાણે સાધુ-શૂરા-યોગી-તપસ્વી-સાધકો-ભક્તોના સ્વાગતનું ગીત ગાતી દૃષ્ટિગોચર થાય છે.

ભક્તોના વિશ્વાસ એવં શ્રદ્ધાની કેન્દ્રસ્થાન સમી ભૂમિ હરિદ્વાર અનેક દેવતાઓની રમણવિહાર ભૂમિ છે. આવી સુપુનિત તીર્થભૂમિનો યોગ સકલ જીવાત્માનો **પુણ્યોદય યોગ** ગણાય છે. જે ભૂમિના કણ-કણમાં ભગવાન શ્રીહરિ વસેલા હોય, જે ભૂમિના દ્વારે-દ્વારે શ્રીહરિ બિરાજતા હોય, જે ગંગાના

ઘાટે-ઘાટે સહસ્ત્રકોટિ સંતો-ભક્તો-સાધકો સ્નાનવિધિ આચરતા હોય, જે ભૂમિના મંદિરે-મંદિરે દેવપ્રતિમા હાલતી-ચાલતી ને ભક્તોની સાથે વાતો કરતી હોય, જે તીર્થના ક્ષેત્રે-ક્ષેત્રે શ્રીહરિ કથારસની નિર્મળ સરિતા સદુપદેશના સિદ્ધાંતોનો ગુંજરાવ કરતી હોય એવી શ્રેષ્ઠ દેવભૂમિ એટલે આપણા ભારત દેશની ભૂધરાનું ગૌરવ શ્રી હરિદ્વાર ધામ.

જેમ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણના અવતારોના સર્વે તીર્થોમાં હરિદ્વાર **ઉત્તમ** છે, જેમ સર્વ નદીઓમાં ગંગા નદી ઉત્તમ છે, જેમ પૂર્ણિમામાં શરદની પૂર્ણિમા શ્રેષ્ઠ છે તેમ સર્વ સાધનોમાં સત્સંગ-કથારૂપ **સાધન** સર્વોત્તમ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૫૪મા તથા અંત્ય પ્રકરણના ૨જા વચનામૃતમાં કહે છે : "અષ્ટાંગયોગ તથા સાંખ્યવિચાર તથા શસ્ત્રપઠન તથા તપ, વ્રત, ત્યાગ, યોગ, યજ્ઞ, તીર્થ અને દાનાદિકે કરીને હું તેવો વશ થતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું. માટે સર્વે સાધન કરતા **સત્સંગ અધિક** થયો."

સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી એક **કીર્તનપદ**માં કહે છે : 'સત્સંગના ચંદરવા તળે થાય એ જ ખરી દિવાળી...' - દિવાળી એક દિવસ માટે આનંદ પ્રસરાવે છે, પરંતુ સત્સંગનો ચંદરવો હૈયે **કાયમનો આનંદ** આપે છે. ઉનાળાનો ધોમધખતો તાપ હોય, સર્વત્ર લૂ વાતી હોય તે વખતે વડલાની ઘટાનો **ચંદરવો** શરીરને **ઠંડક** આપે છે. તેમ ત્રિવિધ તાપ જીવપ્રાણીમાત્રને દઝાડે છે, અંતર બાળે છે, તેમાં **સત્સંગનો ચંદરવો** જ **શાંતિ** આપે છે.

સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથ **'શ્રી સત્સંગિજીવન'**માં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી 'સત્સંગ' શબ્દનો અર્થ શ્રીમુખ વચનોથી જણાવે છે : "સત્ એવા ભગવાન, તેમના સમાશ્રિત સાચા સંતપુરુષો, પરમાત્મા અને સાધુપુરુષોની પરાવાણીરૂપ ભાગવત ધર્મ અને એ ત્રણેના સ્વરૂપનું જેમાં નિરૂપણ કર્યું હોય તેવા સત્શાસ્ત્રો. - આ ચારેય સત્ય સ્વરૂપનો સંગ તે **'સત્સંગ'** એમ જણાવેલું છે."

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી કૃત **'શ્રીહરિચરિત્રામૃત સાગર'** ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે : "મોક્ષના જેટલા સિદ્ધાંત છે કે જેટલા ગ્રંથમાં મોક્ષ માટે લખેલું છે તે સઘળું સત્સંગ કરવામાં સમાઈ જાય છે. સત્સંગ ન હોય તો બ્રહ્મા જેવા પણ કંગાળ છે. એ વાત જ્યારે પૂર્ણ સમજાય ત્યારે **પાકો ભક્ત** ગણાય."

ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૦મા **વચનામૃત**માં કહે છે : "આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે, અને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે. અને સત્સંગ વિના તો બીજા કોટિ સાધન કરે તોપણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહીં.... જો નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે વિચારે તો મલિન ઘાટનો નાશ થાય છે, માટે સત્સંગનો પ્રતાપ તો અતિશય મોટો છે; અને બીજા સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહિ, કાંજે કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે, તે કારણપણા માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન-કર્મ-વચને નિષ્કપટપણે **સત્સંગ** કરવો તો સત્સંગના પ્રતાપથી એ ઘાટની નિવૃત્તિ થઈ જશે."

સ.ગુ. ભૂમાનંદ સ્વામી **સત્સંગનો મહિમા** લખતાં કહે છે :

**'ઘણા ઘોર કળિ છે આજ, જો કર્યા સત્સંગ તો રહે લાજ;**
**જાવું ન પડે જમને દ્વાર, ચોરાશીનો આવે પાર;**
**સરવે તારું સરશે કાજ...ઘણા૦**
**છછા છૂટ્યાનો ઉપાય, એકજ છે જો સત્સંગ થાય;**
**સત્સંગે થાય કિશોર વય, ત્યારે ટળે કાળનો ભય;**
**જીવન પર્યંત હરિજશ ગાય...છછા૦'**

શ્રીજીમહારાજ સારંગપુર પ્રકરણના ૯મા **વચનામૃત**માં કહે છે : "અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ **બ્રહ્મરૂપ** થઈ જાય."

પરમાત્માને પ્રસન્ન કરવાના અનેક સાધનો શાસ્ત્રમાં બતાવેલા છે, તેમાં **'સત્સંગ'** સર્વ સાધનના ફળરૂપ હોઈ - શિરમોર છે. પ્રકટ પરમાત્માની પ્રાપ્તિનું **પ્રથમ સોપાન** સત્સંગ છે. સત્સંગથી પરમાત્મા જેવા પ્રસન્ન થઈ વશ થાય છે તેવા બીજા કોઈ સાધનોથી પ્રસન્ન થઈ વશ થતા નથી.

અનેક જન્મની તપસ્યાથી કે કરોડો સાધનો કરવાથી જે શક્ય ન બને તે, આવા સત્સંગથી સિદ્ધ થાય છે ! અનંત જન્મોના તાપ ટળી જાય અને ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતન થાય એનાથી **મોટી સિદ્ધિ** કઈ હોઈ શકે ?

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સત્સંગ પર **ખૂબ ભાર** મૂકતાં કહ્યું છે : "ગમે તેવો વિદ્વાન હોય તોપણ ભક્તિ અને સત્સંગ વિના તે અધોગતિને પામે છે."

ગોસ્વામી તુલસીદાસજી 'શ્રીરામ ચરિત્ર માનસ - રામાયણ' ગ્રંથમાં **સત્સંગનો મહિમા** કહેતા લખે છે :**'શઠ સુધરહિ સતસંગતિ પાઈ, પારસ પરસિ કુધાતુ સુહાઈ.**

**બિધિબશ સુજન કુસંગતિ પરહીં, ફણીમણિસમ નિજગુણ અનુસરહીં. બડે ભાગ્ય પાઈય સતસંગા, બિનહી પ્રયાસ હોઈ ભવભંગા. પુણ્યપુંજ બિનુ મિલહિ ન સંતા, સત્સંગતિ સંસૃતિ કર અંતા. અસ બિચારી જોઈ કરે સતસંગા, હરિભક્તિ તેહિ સુલભ બિહંગા.'**

"સત્સંગ કરવાથી શઠ(ખરાબ) વ્યક્તિઓ પણ સુધરી જાય છે. જેમ પારસમણિના સ્પર્શથી લોખંડ સોનું બની જાય છે, તેમ સત્સંગ કરવાથી ખરાબ માણસો એકાંતિક ભક્તો બની જાય છે. કદાચ કોઈ સત્સંગી દૈવયોગે કરી કુસંગીઓના સંગમાં ભળી ગયા હોય તોપણ જેમ, સર્પનો મણિ પોતાના સ્વાભાવિક ગુણનો ત્યાગ કરતો નથી, તેમ સજ્જન પણ પોતાનો **સત્સંગ** છોડતો નથી.

જેનાં મોટાં ભાગ્ય હોય તેઓને જ સત્સંગની પ્રાપ્તિ થાય છે અને પ્રાપ્તિ થયા પછી, વિના પ્રયાસે જન્મ-મરણના ફેરા મટી જાય છે. તથા ઘણાં પુણ્યો હોય ત્યારે જ સત્સંગના અંગ એવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત **સાચા સંતો** મળે છે અને તેઓ સાથે સત્સંગ કરવાથી જન્મ-મરણ અને લખ-ચોરાશી ફેરાનો અંત આવી જાય છે. માટે આવો વિચાર કરી સત્સંગ કરવો તેથી ભક્તિ **સુલભ** થઈ જાય છે."

સત્સંગનો પ્રતાપ અપરિમિત છે. સત્સંગ પ્રાચીન પાપોના સમૂહને, સંચિત કર્મના ઢગલે ઢગલાને, અગ્નિ જેમ દારુને બાળી નાખે તેમ મૂળમાંથી બાળી નાખે છે. સૂર્ય ઉદય થાય કે રાત્રિ ક્યાં ગઈ તે દેખાય જ નહિ તેમ સત્સંગ થાય કે એ જીવના **પાપ માત્ર નાશ** પામી જાય છે.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી **'ઉપદેશામૃત'**ની ૮૦મી **વાત**માં કહે છે : "સત્સંગ વિના તો કામાદિક વૃદ્ધિ પામતા જાય છે. માટે સત્સંગ કરવો એજ જીવનું સાર્થક છે." અને ૩૩૪મી વાતમાં કહે છે : "ભીમનાથમાં રાંકા (ભિખારીઓ) ઘૂલું માગતા એવી **સત્સંગની ગરજ** હોય તો સત્સંગમાંથી પડાય નહિ." સત્સંગે કરીને બધું ખોટું થઈ જાય છે. પૂર્વજન્મનાં પુણ્યો ઉદય થાય છે, ત્યારે જ સત્સંગ પ્રત્યે **પ્રીતિ** જાગે છે. અને જીવને **બળ** પામવાનો **હેતુ** તો સત્સંગ જ છે.

**'પ્રથમ ભગતિ સંતન્હ કર સંગા । દૂસરિ રતિ મમ કથા પ્રસંગા ॥'** ઉપરોક્ત ત્રિવેણી સંગમનો યોગ અતિ બડભાગી જીવાત્માને પ્રાપ્ત થાય છે. **'અતિ હરિ કૃપા જાહિ પર હોઈ । પાँવ દેહિ એહિ મારગ સોઈ ॥'** તેમજ **'હળવે પુણ્યે હોય નહિ, વળી હરિકથાનો યોગ...'**

આ યોગ જીવાત્માને પરમાત્મા સુધી પહોંચાડશે, આ યોગ બ્રહ્મને પરબ્રહ્મ સુધી પહોંચાડશે, આ યોગ પતિતને પાવન કરશે, આ યોગ અશરણને હરિશરણ પમાડશે, આ યોગ કુસંગીને સત્સંગી બનાવશે, આ યોગ માયિક જીવને બ્રહ્મરૂપ બનાવશે. બ્રહ્મરૂપ બન્યા પછી પરબ્રહ્મને ભજવાની મસ્તી કંઈક અનેરી હશે.

'आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे । कुर्वन्त्यहैतुकीं भक्तिम् इत्थं भूतगुणो हरिः ।।' - મોટા મોટા આત્મારામ મુનિઓ પણ ભગવાન શ્રીહરિના સદ્‌ચરિત્ર ગુણોયુક્ત ધર્મશાસ્ત્રનું શ્રવણ કરતા ક્યારેય થાકતા નથી એવું પરમશાસ્ત્ર એટલે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો સૈદ્ધાંતિક મહાગ્રંથ 'શ્રીમદ્‌ સત્સંગિજીવન.' જે ગ્રંથના શ્લોકે-શ્લોકે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વનિરીક્ષણ - સહશ્રવણ કરી આશ્રિત ભક્તજનોના આત્યંતિક કલ્યાણને માટે સર્વોત્તમ મહાપુરાણના રૂપમાં આ ધર્મગ્રંથને સ્વતઃ સિદ્ધ પ્રમાણિત કર્યું છે.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત **શ્રીમદ્‌ સત્સંગિજીવન** ધર્મગ્રંથ સંપ્રદાયના પોષણ-પ્રચાર એવં સિદ્ધાંતો માટે **સર્વોપરી ગ્રંથ** છે. સંપ્રદાયના આશ્રિત તમામ ત્યાગી-ગૃહી ભક્તજનો માટે આ મહાન ગ્રંથ અમૂલ્ય અને અદ્‌ભુત અધ્યાત્મ ખજાનો છે. સ્વયં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી આ ગ્રંથરાજનું માહાત્મ્યગાન કરતા કહે છે : 'अत्यादरेण यैः पीतं सत्सङ्गिजीवनामृतम् । कालव्यालमहात्रासमुक्तास्ते यान्ति तत्पदम् ॥' - સપ્રેમ-સાદર આ ગ્રંથરાજનું જે શ્રોતા રસપાન કરે છે તે જીવાત્મા કાળસર્પના મહાત્રાસમાંથી સત્વરે મુક્તિને પામી ભગવાન શ્રીહરિના અનુગ્રહનો અધિકારી બને છે. એટલું જ નહિ, આ ગ્રંથરાજના વિષે શ્રી શતાનંદ સ્વામી ડિંડિમ **ઘોષણા** કરતા કહે છે : 'मुहूर्तं वा तदर्धं वा क्षणं वाऽस्य शुभां कथाम् । ये शृण्वन्ति नरा भक्त्या न तेषामस्ति दुर्गतिः ॥' - એક મુહૂર્ત, અર્ધમુહૂર્ત અથવા ક્ષણવાર પણ જે જીવાત્મા આ દિવ્ય ગ્રંથરાજનું શ્રદ્ધા અને ભક્તિપૂર્વક શ્રવણ કરે છે એવા જીવાત્માની ક્યારેય દુર્ગતિ થતી નથી.

અનંતકોટિ બ્રહ્માંડાધીશ્વર સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે આ **મહાન ગ્રંથરાજ**ને પોતાના શિરકમળ પર સોહાયમાન ત્રણ છોગલાવાળી પાઘ પર પધરાવી ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજના મંદિરેથી સંતો-હરિભક્તો સાથે લક્ષ્મીવાડી સુધી નાચતા-નાચતા ગયા

અને આ ગ્રંથરાજને ત્યાં સુંદર વેદિકા ઉપર પધરાવીને પ્રેમથી આરતી ઉતારી પછી પોતાના શ્રીમુખે આ શાસ્ત્રની પ્રશંસા કરતા થકા ગ્રંથકર્તા શતાનંદ સ્વામી પ્રત્યે કહ્યું : 'रमणीयमिदं शास्त्रं सर्वशास्त्रशिरोमणि:' હે શતાનંદ સ્વામી ! તમારા દ્વારા લખાયેલ આ રમણીય શાસ્ત્ર સર્વ શાસ્ત્રોમાં શિરોમણીરૂપ છે અને ભવિષ્યમાં પણ **શિરતાજ** બની રહેશે.

**શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ એટલે** સંપ્રદાયનો સૈદ્ધાંતિક પરિચય, શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ એટલે સત્યધર્મને ઉજાગર કરતું સોપાન, શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ એટલે અધ્યાત્મિક સુખ-શાંતિનું પથદર્શક જ્ઞાન, શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ એટલે શ્રીહરિ ચરણકમળમાં પ્રેમાનુરાગ પ્રગટાવનારું **ભક્તિવર્ધક રસપાન.**

આ શાસ્ત્ર સાંભળવાથી મનમાં રહેલા **અનેક સંશયો** દૂર થાય છે. મનમાં જે **નાસ્તિકતા** હોય તે દૂર થાય છે; કામ, ક્રોધ વગેરે અંત:શત્રુઓનો **ભય નાશ** પામે છે. કવિજનોના આભૂષણરૂપ આ શાસ્ત્ર ભૂમિ પર સર્વોત્કર્ષપણે વર્તે છે. અનેક પ્રકારના દ્રવ્યના ભંડારો છે, તેમાં **શેવધિ** નામે ભંડાર ઉત્તમ છે. અનેક પ્રકારનાં વૃક્ષોમાં **કલ્પવૃક્ષ** શ્રેષ્ઠ છે. સર્વ પ્રકારની ગાયોમાં **કામધેનુ** ઉત્તમ છે. તેમ સર્વ શાસ્ત્રોમાં આ "સત્સંગિજીવન" શાસ્ત્ર **સર્વોત્તમ** માનેલું છે. આ શાસ્ત્ર સાંભળનારાંઓ અને વાંચનાર એમ બંનેના ત્રિવિધ તાપોને શમાવે છે, કારણ કે આ શાસ્ત્ર ભગવાનના ચરિત્રરૂપી અમૃતથી ભરપૂર છે. ભગવાનના ચરણારવિંદની સેવા ભક્તિમાં અતિશય પ્રીતિ ઉપજાવે છે, માટે જ ભગવાનના ભક્તોને આ શાસ્ત્ર અધિકપ્રિય છે. આ શાસ્ત્ર સંસારરૂપ રોગને ટાળવામાં **રસાયણરૂપ** ઉત્તમ **ઔષધ** છે, કળિયુગના દોષને ભેદનારું છે. શરીરધારીઓના પુણ્યને વધારનારું છે; બ્રહ્મા, શંકર વગેરે દેવો પણ આ શાસ્ત્રને સાંભળવાની ઈચ્છા રાખે છે. અતિશય ભયાનક કાળ રૂપી મહાસર્પની ઘણી એવી દાઢોનાં દંશથી વારંવાર પીડાતા મનુષ્યોને આ શાસ્ત્ર **અમૃત સમાન** છે. કામરૂપી દાવાનળને શાન્ત કરવામાં આ શાસ્ત્ર મેઘની વૃષ્ટિ સમાન છે; તેમજ ભગવાનના ધામમાં જવા માટે આ શાસ્ત્ર **નિસરણીરૂપ** છે. (શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૧/૩૧-૩૫)

આપણી ભારતીય સંસ્કૃતિમાં **અનેક ધર્મો** છે. તેમના પોતાના **ધર્મગ્રંથો** પણ છે. જેમ કે, વૈષ્ણવ ધર્મના ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણ છે, તેમનો ધર્મગ્રંથ **'શ્રીમદ્ ભાગવત'** તથા 'ભગવદ્ ગીતા' છે. તેમ રામાનુજ ધર્મનો **'રામાયણ'** એ ધર્મગ્રંથ છે. ખ્રીસ્તી ધર્મનો **'બાઈબલ'**, તો મુસ્લિમ ધર્મનો 'કુરાને શરીફ' એ મુખ્ય ધર્મગ્રંથ છે. તેમ શ્રી સ્વામિનારાયણ ધર્મનો મુખ્ય ધર્મગ્રંથ **'શ્રીમદ્ સત્સંગિજીવન'** છે. આ બધા જ ધર્મો તથા તેમના ધર્મગ્રંથોને સરખાવીએ તો શ્રીમદ્ સત્સંગિજીવન **સૌમાં શ્રેષ્ઠ** સાબિત થાય. કારણ કે, અન્ય ધર્મગ્રંથોને તે તે ધર્મના ઈષ્ટદેવના આ ભૂમિ ઉપર અવતરણ પહેલા અથવા આ પૃથ્વી ઉપરથી વિદાય લીધા બાદ રચવામાં આવ્યા છે, જ્યારે શ્રીમદ્ સત્સંગિજીવન વિષે સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** લખે છે : 'अनुग्रहाद्धरेः शास्त्रं शुभमेतत्तदाज्ञया। तत्समीपनिवासेन कृतं क्षोणिपते ! मया ।।' આ શુભ "સત્સંગિજીવન શાસ્ત્ર" મેં ભગવાન શ્રીહરિના અનુગ્રહથી તેમજ એમની આજ્ઞાથી તેમની સમીપે નિવાસ કરીને લખેલું છે. (શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૧/૨૬)

'इतिहासपुराणानां वेदानां साङ्ख्ययोगयोः। स्मृतीनामपि सर्वासां वेदान्तस्य च भूपते ! ।। अस्ति रामायणादीनां सच्छास्त्राणामिदं श्रुतम् । साररूपमतिश्रेष्ठं भवभीतिनिवर्तनम् ।।' - ઈતિહાસ, પુરાણ, ચારવેદ, સાંખ્ય, યોગ, સ્મૃતિરૂપ ધર્મશાસ્ત્ર, વેદાંત તથા રામાયણાદિક સર્વ સત્શાસ્ત્રોના સારરૂપ, સર્વોત્તમ અને સંસારના ભયને ટળાવનારું એવું આ **'શ્રી સત્સંગિજીવન'** શાસ્ત્ર - કે જેના શ્રવણમાત્રથી પ્રતાપસિંહ રાજાને પ્રગટ ભગવાનના દર્શન થયા અને પોતે બ્રાહ્મીસ્થિતિને પામ્યા. (શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૧/૨૦-૨૧)

આ ગ્રંથનો મહિમા ગાતા સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** લખે છે : 'श्रीमद्धरितिरोधानानन्तरं त्वियमेव हि । वर्तते नौर्भवाम्भोधेस्तरणाय शरीरिणाम् ।।' - પ્રગટ ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા (પોતાની અવતરણલીલા સંકેલી - ધામમાં ગયા) પછી અત્યારે શરીરધારીઓને સંસારસાગર પાર કરવા માટે આ શાસ્ત્રજ **નૌકારૂપ** છે. (શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૧/૨૩)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજીમહારાજે **સત્સંગ**નો **મહિમા** ખૂબજ સમજાવ્યો છે. આ સત્સંગના વિકાસને અર્થે ભગવાન શ્રીહરિએ ભારતદેશના વિભાગ સહ બે ધર્મધુરા પ્રસ્થાપિત કરીને આચાર્યશ્રીને જવાબદારી સોંપી છે. તેમજ સંપ્રદાયના બહોળા **પ્રસાર-પ્રચાર** માટે પ.પૂ. ધ.ધુ.

**અનુસંધાન પેજ - ૩૬ પર...**



**શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મજબુત એવું થડ છે કે, 'તેને જો આશ્રિતજનો પકડીને ચાલશે તો ભવસાગર તરી જશે.'**

**પ.પૂ. ૧૦૮ શ્રી**

# ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

❖ આ **શ્રીમદ્ સત્સંગિજીવન કથા** ઘણી **દિવ્ય** અને **પવિત્ર** છે, જેના શ્રવણ માત્રથી જીવાત્માના અનંત જન્મોના પાપ બળીને ભસ્મ થાય છે. અને એમાં જો ભગવાનના સ્વરૂપની દંઢતા, નિષ્ઠા થઈ જાય તો આ સીડી છેક **અક્ષરધામ સુધી** પહોંચાડે એવી **સમર્થ** છે. એના ઉપર આપણે પગ માંડી દીધા છે. (ભુપગઢ)

❖ એમ કહેવામાં આવે છે કે, હિમાલયમાંથી **ગંગા** નીકળી છે અને **ગંગાસાગર** (કલકતા)માં આવીને વિલીન થઈ જાય છે ત્યારે માર્ગમાં જે જે સ્થાનોને તીર્થત્વ અને મુમુક્ષુઓને પાવન કરતી કરતી એકધારી વહેતી ધારા સમુદ્રને મળી જાય છે. આ જગન્નાથપુરી ગંગાસાગરની નીચેનો ભાગ છે. તેમ ભગવાન શ્રીહરિએ તીરોધાનલીલા ગઢપુરમાં કરી, પરંતુ **શ્રીમદ્ સત્સંગિજીવન રૂપી** ગંગા અનેક મુમુક્ષુ જીવાત્માઓને પાવન કરતી કરતી **જગન્નાથપુરી** પહોંચી છે. આ સત્સંગિજીવન રૂપી ધારા અહિંયાથી નીકળીને **સમગ્ર વિશ્વમાં** ગૂંજી છે અને ગુંજી રહી છે. (જગન્નાથપુરી)

❖ ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વધામગમન બાદ **શ્રીમદ્ સત્સંગિજીવન** ગ્રંથરૂપે ભવસાગરને પાર કરવા માટે **નૌકા સમાન** છે. કથા શ્રવણ કરનાર શ્રોતા અને કથા કહેનાર વકતા એ બંનેને પાવન કરનાર આ ગ્રંથ સર્વથા નિર્દોષ છે. આ ગ્રંથમાં કોઈ દોષ જ નથી, સંપૂર્ણ છે. મનુષ્યના પાપના પૂંજને પ્રજાળાવનાર છે. ભગવાને સ્થાપેલા સિદ્ધાંતો જીવનમાં પ્રવેશે પછી એમાં પાપનું સ્થાન રહેતું નથી, જીવાત્મા પવિત્ર થાય છે. તેમજ આ ગ્રંથ કળિના દોષોને દૂર કરનાર છે. અંતઃશત્રુઓ છે તે આભ્યંતર શત્રુઓ છે. તેના પ્રભાવમાં જીવાત્મા ખેંચાય, મોહમાયા, જગતના વિષયો એ બધા પૌરાણિક પરાપૂર્વથી ચાલ્યા આવતા દૂષણો છે. અને એમાં પણ વ્યસન ને ફેશનનો ઉમેરો થયો. તે પણ આ દૂષણોની જાનમાં જોડાયા. એવા દોષોને દૂર કરનાર આ ગ્રંથ છે.  આ ગ્રંથ જડતારૂપી અંધકારને દૂર કરનાર છે. (જગન્નાથપુરી)

❖ જેમ શતાનંદ મુનિના જીવનમાંથી આપણે જોયું કે ભગવાનને પામવાની અભિલાષાએ કેવું જીવન કર્યું, કેવા સંકલ્પ-વિકલ્પ થાય, કેવી વૃત્તિ હોવી જોઈએ, કેવુ વર્તન હોવું જોઈએ એનું દર્શન આ **શ્રીમદ્ સત્સંગિજીવન** શાસ્ત્રે કરાવ્યું છે. (જગન્નાથપુરી)

❖ સદ્‌માર્ગ પ્રકાશિત કરવા માટે અવસર આપનાર આ **શ્રીમદ્ સત્સંગિજીવન** ગ્રંથ છે. આ ગ્રંથમાં વર્ણાશ્રમ આદિક ધર્મોનો નિર્ણય અદ્‌ભુત કરવામાં આવ્યો છે. માન્યતા અને ધર્મ એ બંને અલગ વસ્તુ છે, એનું સુંદર રીતે નિરુપણ આ ગ્રંથમાં

શતાનંદ સ્વામી દ્વારા કરવામાં આવ્યું છે. માટે આ ગ્રંથની એક એક વાત આપણા સૌના જીવનમાં ચરિતાર્થ થાય તેવી ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં પ્રાર્થના...

(જગન્નાથપુરી)

❖ ભગવાનને પામવાની અભિલાષાએ કેવું જીવન હોવું જોઈએ, કેવા સંકલ્પ-વિકલ્પ થાય, કેવી વૃત્તિ હોવી જોઈએ, કેવુ વર્તન હોવું જોઈએ એનું દર્શન આ **શ્રીમદ્ સત્સંગિજીવન** શાસ્ત્રે કરાવ્યું છે.

(જગન્નાથપુરી)

❖ પાંચ પ્રકરણથી સભર મહાન સમ્રાટ ગ્રંથરાજ **શ્રીમદ્ સત્સંગિજીવન**ની એટલી **વિશાળતા** અને **ઊંડાણતા** છે કે એના શિખરને કે એના પાતાળને આંબવું ઘણું કઠીન છે. એટલા માટે નહિ કે આ શાસ્ત્ર ગહન કે અઘરું છે. પણ એટલા માટે કે આ ગ્રંથ અતિ સમૃદ્ધ છે. આ ગ્રંથમાં ભગવાન શ્રીહરિના દિવ્ય ચરિત્રો દ્વારા એમના સર્વોપરિપણાની, પ્રગટપણાની અને ઐશ્વર્યપણાની **અનેક લીલાઓ** સભર કરવામાં આવી છે કે, જેનું ગાન કરતા કરતા, વાંચન કરતા કરતા કે શ્રવણ કરતા કરતા આપણી ઝોળી આપણું પાત્ર છલકાઈ જાય તોપણ તે સમૃદ્ધપણાનો પાર આવે તેમ નથી.

(જગન્નાથપુરી)

❖ ભગવાન શ્રીહરિએ **સંપ્રદાયની સ્થાપના** કરીને **બે માર્ગ** મોક્ષના આપણને એવા બતાવ્યા કે જેની માન્યતા સનાતન વૈદિક પરંપરાએ કરી છે, પરંતુ અમો એમ કહીશું કે, એના શુદ્ધ સ્વરૂપમાં **પોષણ** ભગવાન શ્રી સ્વામિનારાયણે આ **શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ** દ્વારા આપ્યું છે, અને જરાપણ અતિશયોક્તિ નથી. અને બે માર્ગ છે **ઉપાસના** ને **ભક્તિ**ના.

(જગન્નાથપુરી)

❖ આ **શ્રીમદ્ સત્સંગિજીવન** ગ્રંથ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મજબુત એવું **થડ** છે કે, તેને જો આશ્રિતજનો પકડીને ચાલશે તો ભવસાગર તરી જશે. માટે આ ગ્રંથનું શ્રવણ કરીને તેમાંથી ખૂબ **સદ્ગુણની પ્રાપ્તિ** કરીને ભગવાન શ્રીહરિને પોતાના ભક્તિભાવ અર્પણ કરીશું ત્યારે આપણો આ મહોત્સવ **સાર્થક** થયો ગણાશે.

(હેરો-લંડન)

❖ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ **પરિપૂર્ણ ગ્રંથ** છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૫૮મા વચનામૃતમાં કહે છે : ''સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્ર કર્યા હોય અને જે જે આચરણ કર્યા હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવનાં જન્મથી દેહ મુક્યા પર્યંત ચરિત્રનું જે શાસ્ત્ર તેણે કરીને **સંપ્રદાયની પુષ્ટિ** થાય છે તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે... માટે પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર તે જ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે.''

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ વચનો જોતાં તેમની જ આજ્ઞાથી સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત આ **શ્રીમદ્ સત્સંગિજીવન** ગ્રંથ સંપ્રદાયના પોષણ, પ્રચાર અને પ્રસાર માટે **સર્વોપરી ગ્રંથ** છે. અને તમામ મુમુક્ષુ જીવાત્માઓ તથા સંપ્રદાયના આશ્રિત સર્વે સંતો-હરિભક્તો માટે અમૂલ્ય અને અનન્ય **દિવ્ય ખજાનો** છે. માટે દરેક મોક્ષભાગી જીવાત્માઓએ આ ગ્રંથનું **વાંચન-શ્રવણ-મનન** દરરોજ કરવું જોઈએ. ભગવાન શ્રીહરિના જીવન-કવનનું વર્ણન કરતો આ ગ્રંથ એ શ્રીજીમહારાજના હૃદયગત જે અભિપ્રાયો, પોતાના જે કરેલા ચરિત્રોને પ્રત્યક્ષપ્રમાણરૂપ આપણે અનુભવ કરી શકીએ છીએ. (હેરો-લંડન)

❖ વચનામૃતમાં **શ્રીજીમહારાજ** કહે છે કે, એકવખત ભગવાનનો **દૃઢ નિશ્ચય** થઈ જાય પછી જગત મિથ્યા લાગવા માંડે છે. એમાં ક્યારેય જીવાત્માની આસક્તિ થાય નહીં એવો **મહિમા** એવો **આત્મસંબંધ** આપણે આ કથાના માધ્યમથી માણ્યો છે. માટે આ માણેલું જીવંત કેમ રહે ? તો એને વાગોળતું રહેવું પડે. એનો નિદિધ્યાસ કરતો રહેવો પડે. શાસ્ત્ર એમ કહે છે કે, જેને શાસ્ત્રો ખોટા લાગે એને મોક્ષમાર્ગમાં આંખો જતી રહે, આંધળા થઈ જઈએ. શા માટે ? આ શાસ્ત્ર આપણને **વિવેક** શીખવે છે. **જીવતા શીખવે છે અને મરતા પણ શીખવે છે.** વ્યક્તિનું જીવન કેવું હોવું જોઈએ અને મૃત્યુ પછી કેવી ગતિને પામવી જોઈએ એ પણ આ **શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્ર** શીખવે છે. (હેરો-લંડન)

❖ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદમાં પણ **શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથનો સાર** આપણને **ત્રણ શબ્દો**માં સમજાવ્યો છે. એક **શ્રીહરિકૃષ્ણ મહારાજ** એ આપણા કલ્યાણના કર્તા છે. એનો દૃઢ વિશ્વાસ રાખજો. એ ભગવાનને રાજી કરવાને માટે મહારાજશ્રીએ બીજી વાત કરી કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને ધર્મ અને ઉપાસનાનો માર્ગ સમજાવ્યો છે. ભગવાનની સ્વરૂપનિષ્ઠા હૃદયમાં ઠસી ઠસીને દૃઢ કરીને રાખીએ. ભગવાન શ્રીહરિએ **આજ્ઞા અને**

**ઉપાસના માર્ગ** આપણને આપ્યો છે તેના પર નિરંતર ચાલજો. અને ત્રીજી વાત કે, એ માર્ગને **નિષ્કંટક** રાખવાની અને **નિર્વિઘ્ન** રાખવાની **જવાબદારી** પણ આપણી છે. એના માટે પણ સાવધાન થઈને વર્તજો. (હેરો-લંડન)

❖ **પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા વક્તા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીને આપેલ રૂડા આશીર્વાદ**

વક્તાશ્રી **નિત્યસ્વરૂપ સ્વામી**ની જેતપુરમાં **પહેલી કથા**માં જવાનો પ્રસંગ બન્યો હતો ને આજે એમની **૩૦૦મી કથા**માં અમારે ઉપસ્થિત રહીને સાથે **સંહિતાપાઠ** કરીને ખૂબ **આનંદ** માણ્યો છે. વક્તાશ્રી ભગવાનના ચરિત્રોમાં ક્યાંક ઊંડાણપૂર્વક અને ક્યાંક ટૂંકાણપૂર્વક ઉતરીને ન્યાય આપ્યો છે. આ તો **'ગાગરમાં સાગર સમાવવા જેવું'** એ રીતે **શ્રીમદ્ સત્સંગિજીવન**ના મહત્ત્વના કલ્યાણકારી ભગવાન શ્રીહરિના **ચરિત્ર-પ્રસંગોને ન્યાય** આપવાનો **પૂર્ણ પ્રયત્ન** કર્યો છે. જો કે સાધુની અને વક્તાની ફરજ છે કે, ભગવાનના **ગુણાનુવાદ** ગાવા. ભગવાનના ચરિત્રોથી કોઈને **લાભ** થાય એના કરતા વક્તા જે કહેનાર છે તેને થાય છે. આ વાતને બહુ સમજીને રાખવા જેવી છે. અમારો પોતાનો પણ અનુભવ છે કે, કોઈ અમને પ્રશ્ન પૂછે ને તેનો ઉત્તર આપતા હોઈએ ત્યારે સામેની વ્યક્તિને દૃઢતા થાય તેના કરતા અમો જેટલી વખત સમજાવીએ છીએ તેટલી વખત અમોને દૃઢતા વધે છે. ભગવાન શ્રીહરિની **સર્વોપરી ઉપાસના** બીજાને કહેતા હોઈએ એનું જેટલી વખત આપણે જાતે વાંચન કરીએ, ગાન કરીએ તેટલી વખત એની દૃઢતા આપણી વધુ સુદૃઢ બને છે. માટે વક્તા **નિત્યસ્વરૂપ સ્વામી**એ ખૂબ સુંદર રીતે **શ્રીમદ્ સત્સંગિજીવન**ની **કથા** સંભળાવી છે. તેને પણ અમારા ધર્મકુળ પરિવાર સહિત હૃદયના **ખૂબ ખૂબ આશીર્વાદ** છે. (જગન્નાથપુરી)

**અનુસંધાન પેજ ૩૩નું ચાલું...**

આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે સત્સંગ પ્રચારની પ્રવૃત્તિ કરવી એ સાધુધર્મમાં મહત્ત્વની યોગ્યતા છે. અને તે રીતે વર્તવું તે સાધુઓનું સાચું **લક્ષણ** છે.

ઉપરોક્ત સત્સંગ મહિમાયુક્ત જેમના ઉપર સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા અનેક સંતો-ભક્તોનો **પૂર્ણ રાજીપો** છે અને સંપ્રદાયમાં આજ સુધી **'શ્રીમદ્ સત્સંગિજીવન'** ગ્રંથની સૌથી વધારેમાં વધારે અને અતિ **તલસ્પર્શી** રીતે આ ગાથાને જેમણે અસ્ખલિતપણે પ્રવહાવી છે અને આજ ગ્રંથના માધ્યમથી લાખો ભક્તજનોને ભગવાન શ્રીહરિની **સર્વોપરી ઉપાસનાની દૃઢતા** કરાવી છે તેમજ અનેક **મુમુક્ષુ** જીવાત્માઓને સદુપદેશથી **સંસારનો ત્યાગ** કરાવી, શ્રીજીમહારાજના સાચા **પંચવર્તમાનયુક્ત સાધુ** બનાવી, દિવ્યજીવન જીવતા કર્યા છે એવા મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનના હૃદયગત સિદ્ધાંતને વરેલા, જેમની સચોટ અને આચરણ સુસંગત વાણીએ હજારો ભક્તોના જીવન **પરિવર્તિત** કર્યા છે તેમજ સંપ્રદાયના **મૂળભૂત સિદ્ધાંતો** સમજાવીને લાખો મુમુક્ષુ જીવાત્માઓને સાચી **આધ્યાત્મિક પ્રગતિનો માર્ગ** મોકળો કર્યો છે એવા સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની ૩૨૫મી **'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'** પ્રસંગે તીર્થસ્થાન દેવભૂમિ-તપોભૂમિ **હરિદ્વાર**ને આંગણે નૂતન નવલા દિવસોમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, **ભંડેરી ઈમ્પેક્ષ**ના યજમાનપદે **તા. ૨૯-૧૦-૨૦૧૪ કારતક સુદ - ૬ થી તા. ૬-૧૧-૨૦૧૪ કારતક સુદ - ૧૫ સુધી 'શ્રી હરિદ્વાર મહોત્સવ'**નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જનહિત, રાષ્ટ્ર કલ્યાણ એવં સંપ્રદાયના સુવિકાસ અર્થે પવિત્ર **૧૦૮ વિપ્રો** પોતાના કલ્યાણકારી શ્રીમુખે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની **૧૦૮ સંહિતા**નો પાઠ **અંતર્નાદ** કરી પાવન પર્વોત્સવને શોભાવશે.

ભગવાન શ્રીહરિના **અતિ પ્રસાદીભૂત તીર્થધામની** ગોદમાં કથા પારાયણ છાવણીની શીતળ અધ્યાત્મ છાયામાં કથા રસલહાણનો આસ્વાદ માણવા, **દેવદર્શન-ધર્મકુળ દર્શન-સંતદર્શન-ભજન-કથાવાર્તા** અને **તીર્થસ્થાનોના દર્શન**નો એક **અમૂલ્ય** અને **અલભ્ય લાભ** માણવા દેશ-વિદેશમાંથી હજારો ભક્તજનો ઉમટશે તેમાં આપને પણ **સ્નેહસભર** પધારવા માટે અમો હૃદયના પૂર્ણાહ્લાદ સાથે **નિમંત્રણ** પાઠવીએ છીએ...!! જો જો આ અમૂલ્ય અને અલભ્ય **અવસર** ચૂકાય ન જાય...!!!

અનુસંધાન પેજ ૨૯નું ચાલું...

પાછળ આવેલા સિપાહીઓને કહ્યું : "સુવર્ણના થાળમાં મેવા, મીઠાઈ, ફળ ઈત્યાદિ જે તૈયાર હોય તે તરત લાવો." સિપાહીઓ દોડ્યા અને થોડીવારમાં જ અપાર સામગ્રી ભરીને મેવા-મીઠાઈના થાળ લઈને આવી ગયા. નીલકંઠ વર્ણી તેમાંથી થોડું જમ્યા અને બીજા બધા થાળ પાછા મોકલાવી દીધા. રાજાને દર્શન કરતા તૃપ્તિ થતી જ ન હતી. બે હાથ જોડીને તેણે વર્ણીરાજને કહ્યું : "હે પ્રભુ ! આ રાજ્યપાટ સર્વે અનિત્ય છે. મારો દેહ પણ નાશવંત છે. અવિનાશી એક આપ છો. આપ જો મારા આત્મામાં નિવાસ કરીને રહો, તો જ મારા આત્માનું કલ્યાણ થાય, નહિ તો આત્મા જડ બનીને જન્મ-મરણના ચકરાવામાં ફર્યા જ કરશે. આપ નિર્બંધ યોગી છો. હું તો મહામોહની ગૂંચવણી ભરી જટિલ જાળમાં ફસાઈને બંધાઈ ગયો છું. મેં આપનું શરણ લીધું છે. હવે આપના નામનું જ રટણ કરું છું. અને આપને જ આધીન થયો છું. હવે તો આપ જેમ કરશો તેમ થાશે."

વર્ણીપ્રભુ નીલકંઠે તેમના માથે હાથ મૂક્યો. આ દિવ્ય સ્પર્શથી તેની બધી વૃત્તિઓ શાંત થઈ ગઈ. નીલકંઠ વર્ણીના દિવ્ય સ્વરૂપનું તેને જ્ઞાન થયું. નીલકંઠ વર્ણીએ રાજાને કહ્યું : "આ મૂર્તિથી પર કોઈ નથી. આ જ્ઞાન જો તમારા અંતરમાં સ્થિર થશે, તો રાજ્ય તમને બંધન નહિ કરે."

નત મસ્તકે વર્ણીરાજના આ **દિવ્ય અમૃતવચનોનું** તેમણે પાન કર્યું. તેનો ભાવ જોઈ નીલકંઠ વર્ણી તેની સાથે બે દિવસ રહ્યા. અને તેને ખૂબ જ હેતથી વાત કહી, જેને લીધે તેનો મોક્ષ થાય. વર્ણીરાજે કહ્યું : "જે મનુષ્ય ધર્મમાં ભાવના રાખે છે તેની લોકમાં બધે કીર્તિ થાય છે. તે ધર્મ તો અનંત પ્રકારનો છે. ગણતા ગણતા તેનો પાર આવતો નથી. જે ધર્મ માત્રનું મૂળ છે, એવા ધર્મને રાખવો જોઈએ. તે ધર્મ હું તમને કહું છું કે, જે ગુપ્તમાં પણ અતિ ગુપ્ત છે. આ દુનિયામાં જે રાજામાત્ર કહેવાય છે તે બધા ગ્રંથોમાં લખાયા છે. તે ગ્રંથોમાં જે ઘણા યશસ્વી રાજા થયા છે તેમની રીત લખી છે. અને જે રાજાઓ અપકીર્તિરૂપ થયા છે તે બધાની રીત પણ લખી છે. યશસ્વી અને અપકીર્તિવાળા એ બંને રાજાઓનો વિચાર કરીને અંતરમાં તપાસ કરવો જોઈએ. અને પછી જે યશસ્વી રાજાઓ થયા છે, તેનો માર્ગ ઉત્સાહથી સ્વીકારવો જોઈએ. જે કીર્તમાનને માર્ગે ચાલે તેની કીર્તિ વધે છે. અને તેની ક્યારેય અપકીર્તિ થતી નથી. જે અહિંસા ધર્મ કહેવાય છે તે સર્વે ધર્મોમાં મુખ્ય છે.

જે અત્યારના રાજાઓ છે તે બધા દાન અને પુણ્યનું કામ ઘણું જ કરે છે. તીર્થયાત્રા કરે છે, અનેક પ્રકારના વ્રતોને કરે છે કે જેની ઉપમા આપી શકાતી નથી. પણ તે રાજાઓ જ્યારે હિંસામાં રુચિ રાખે છે ત્યારે તેમણે કરેલા દાન, વ્રત, તીર્થ આદિ બધા પુણ્યકર્મ બળીને ભસ્મ થઈ જાય છે. તે રીતે જ કેટલાક વિપ્ર ભણી ગણીને સારા વિદ્વાન થાય છે પણ તેઓ દુરાચારી થઈ જાય છે. અને તે વિપ્રો હિંસા કરવામાં અનંત સુખ મનાવે છે. તેમજ હિંસા કરવાથી તેના ફળસ્વરૂપે જે દુ:ખ થાય છે તેને કહેતા નથી. અને રાજાઓ પણ પોતાની બુદ્ધિથી તેને વિચારીને જોતા નથી. પરંતુ જ્યારે સ્ત્રી અને ધનથી દૂર રહેનારા તથા જગતના સુખને નહિ ચાહનારા એવા શુદ્ધ સંત જીવને મળે છે ત્યારે તેને સંસારના બંધનથી છોડાવે છે. જેને પ્રગટ ભગવાનની દૃઢ ઉપાસના હોય છે તેઓ ક્યારેય ભગવાનને નિરાકાર માનીને ભજતા નથી. કેમ જે, તે ભગવાન સદા મૂર્તિમાન જ છે. જેવા હાલ અમે તમને દેખાઈએ છીએ તેવી જ તે ભગવાનની મૂર્તિ છે. અને જેવી અમારી વાત છે તેવી જ તેમની તે વાત છે.

**'હમ મિલે સો મિલ ચુકે તાઈ, ધ્યાન સો રખના ઉર સદાઈ;**
**યહ મૂર્તિ બિન અવર હિ જેતા, દેખે સુને મેં જો આવત તેતા.'**

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨/૨૨/૧૭)

અમે તમને મળ્યા તેથી તે પરમાત્મા તમને મળી જ ચૂક્યા છે. હવે આ મૂર્તિનું સદા અંતરમાં ધ્યાન કરતા રહેજો. આ મૂર્તિ સિવાયનું બીજું જેટલું કાંઈ જોવામાં કે સાંભળવામાં આવે તે બધું જ અંતે નાશ થઈ જશે. માટે તેની ક્યારેય આશા રાખવી નહિ. આ મૂર્તિ સિવાયની બીજી આશા કંઈ કામમાં આવવાની નથી. કેમ જે, ભગવાન સિવાયની બધી જ આશાઓ જીવને બંધન કરાવે છે. ભગવાનમાં જેવું સુખ છે તેવું સુખ ક્યારેય બીજા કોઈમાં લેશમાત્ર પણ નથી. બીજામાં જ્યાં સુધી સુખ મનાય છે ત્યાં સુધી ભવબંધન છૂટતું નથી."

વર્ણીરાજની વાત સાંભળી રાજા રણજીતસિંહને મનમાં અતિશય સુખ-શાંતિ થઈ. રણજીતસિંહ રાજાને મનમાં એવો ભાવ હતો કે આ વર્ણીને રાજ્ય સોંપી દેવું, નિવૃત્ત થઈ જવું અને વર્ણીપ્રભુના સાનિધ્યમાં રહીને ભક્તિ કરવી. પરંતુ વર્ણીરાજને રાજ્ય ખપતું ન હતું. તેમનું કાર્ય જ જુદું હતું. તે કાર્યક્ષેત્રની પુણ્યભૂમિ હજુ ઘણી દૂર હતી. નીલકંઠ વર્ણીએ રાજા તથા અન્ય જનોને આશીર્વાદ આપ્યા. હરિદ્વારથી નીકળી વર્ણીરાજ ફરતા ફરતા પુનઃ અયોધ્યા પધાર્યા.

(સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી રચિત 'શ્રીહરિચરિત્રામૃતસાગર'ના પુર : ૨, તરંગ : ૧૧ થી ૧૪ અને ૨૦ થી ૨૨ના આધારે સંકલિત...)



## બગસરાથી જૂનાગઢ પદયાત્રા




















પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીની શુભ માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ 'બગસરા થી જૂનાગઢ' પદયાત્રા








દહિસર (મુંબઈ)ને આંગણે આગામી શ્રી સ્વામિનારાયણ મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ 'શેલણ ઉત્સવ તથા સત્સંગ સભા'










ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી ગોપીનાથજી મહારાજનો યોજાયેલ ૧૮૫મો વાર્ષિક પાટોત્સવમાં ઠાકોરજીનો અભિષેક તથા સત્સંગ સભા






શ્રી રઘુવીરવાડી ખાતે દશેરાના શુભ દિવસે શ્રીજીમહારાજ તથા આચાર્ય પરંપરાના પ્રાસાદિક શસ્ત્રોનું પૂજન કરતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા બંને પૂ. બાળલાલજી મહારાજશ્રી.









શ્રી રઘુવીરવાડી (વડતાલ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ શરદોત્સવ.









સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી યોજાયેલ 'શરદોત્સવ'માં
સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા રાસોત્સવને માણતા સંતો-હરિભક્તો.


|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||

પધારો ગઢપુર... પધારો ગઢપુર...

## અક્ષરધામથી જાહેર આમંત્રણ

આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ૧૫૦૦ કરોડ લેખન મહોત્સવ - ૩ વડતાલના ઉપલક્ષમાં

ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના સાનિધ્યમાં પ.પૂ. અ.સૌ. ગાદિવાળા માતુશ્રીના દિવ્ય સંકલ્પથી

# દ્વિશતાબ્દી અન્નકૂટ મહોત્સવ – ગઢડા



**આયોજનો**

શ્રી દિપમાળા : તા. ૨૩-૧૦-૨૦૧૪, સાંજે ૭.૦૦ કલાકે
શ્રી અન્નકૂટ મહોત્સવ : તા. ૨૪-૧૦-૨૦૧૪, સવારે ૧૦ થી ૧
શ્રી ભક્ત ચિંતામણી ગાન કથા : તા. ૨૫ થી ૨૯-૧૦-૨૦૧૪
સમય : સવારે ૮.૩૦ થી ૧૧.૩૦, બપોરે ૩ થી ૬, રાત્રે ૮ થી ૧૧



**:: વક્તા ::**

પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી



**તારીખ :- ૨૪ થી ૨૯ -૧૦-૨૦૧૪**

|| આયોજક || શ્રી ગોપીનાથજી મંદિર ટ્રસ્ટી બોર્ડ, શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, ગઢડા

ફો.નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦ www.gopinathji.com

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

बृहद मुंबई पराविस्तार धर्मकुल आश्रित श्री स्वामिनारायण सत्संग समाज द्वारा आयोजीत दहिसर में



श्री स्वामिनारायण महोत्सव एवं

पू. सद्गुरु स्वामी श्री नित्यस्वरूपदासजी के श्रीमुखसे

॥ श्रीमद् सत्संगिजीवन ॥

कथा पारायण

दिनांक :- २२-१२ से २८-१२-२०१४ तक



श्री अजेन्द्रप्रसादजी महाराजश्री



श्री नृगेन्द्रप्रसादजी महाराजश्री

निमंत्रक

धर्मकुल आश्रित श्री स्वामिनारायण सत्संग मंडल - दहिसर

LIVE TELECAST ON लक्ष्य

संपर्क :- पू. प्रेम स्वामी - मो. ९१२२७ ५३०५२, मनसुखभाई प्रमुख - मो. ९८३३५९५१७२/६५

महोत्सव स्थल : दहिसर स्पोर्ट फाउन्डेशन ग्राउन्ड, छत्रपति शिवाजी रोड, दहिसर (ई) मुंबई



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર - પાણીદરવાજા આયોજીત

અમરેલી શહેરને આંગણે

શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

કથા પારાયણ

વક્તાશ્રી :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

તારીખ :- ૩૦ થી ૫-૧-૨૦૧૫

મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ ધામ' ગજેરાપરા, પટેલ વાડીની પાસે, અમરેલી.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે

સરધારને આંગણે

શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી 2014 સરધાર

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

તારીખ :- ૨૦ થી ૨૬ ૧૦-૨૦૧૪

સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર

તા.જી. રાજકોટ. સંપર્ક - ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૭૯૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી)

Live : www.sardharkatha.com

E-mail : sardharmandir@gmail.com

# હરિદ્વાર મહોત્સવ પૂર્વ તૈયારી



પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી નૂતન નવલા વર્ષમાં દેવભૂમિ-તપોભૂમિ હરિદ્વારને આંગણે  વિશાળ ફલક પર પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે ભંડેરી ઈમ્પેક્ષ-સુરત દ્વારા આયોજીત હરિદ્વાર મહોત્સવની થઈ રહેલ પૂર્વતૈયારી દર્શન

# હૃદયની અમીપ્રિતથી સસ્નેહ ભાવભર્યો આવકાર



परात्परं परब्रह्म पूर्णब्रह्म सनातनम् । सर्वावतारिनं स्वेष्टं स्वाश्रितजनतारकम् ।।
भक्तिधर्मात्मजं नित्यं स्वामिनारायणं प्रभुम् । वन्दे श्री सहजानंदं वेदवेदांगवंदितम् ।।

ઉત્તરાખંડ રાજ્યમાં ગંગા નદીના તટ પર દરિયાની સપાટીથી લગભગ એક હજાર ફૂટ ઊંચે વસેલું આ તીર્થ એટલે હરિદ્વાર. અહીંથી જ બદ્રિનાથ અને કેદારનાથ જવાના માર્ગ ઉપર હોઈ તેથી આ ધામનું મહત્ત્વ ઘણું છે. આ ધામનું વિશેષ માહાત્મ્ય તો એ છે કે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ નીલકંઠવર્ણી વેશે તીર્થોમાં વિચરણ કરતી વખતે અહિં પધાર્યા હતા અને આ સ્થાનમાં હરકી પૈડી પર ગંગાસ્નાન કર્યું હતું. કુંભના મેળાને લીધે અપાર ગિરદી હતી એટલે શિવજી બ્રાહ્મણનું રૂપ લઈ વર્ણીને મંદિરમાં લઈ આવ્યા. વર્ણી ભૂખ્યા હતા તેથી પાર્વતીજીએ રસોઈ કરી જમાડ્યા, આમ શિવજી અને પાર્વતીએ પોતાના પરિવાર સહિત શ્રીજીમહારાજની સેવા તથા દર્શનનો લાભ લીધો. પંજાબ કેસરી રણજીતસિંહની વર્ણીપ્રભુ સાથે ઐતિહાસિક મુલાકાત પણ આ જ તીર્થમાં થઈ હતી. આવા આ મહાન પ્રસાદીના તીર્થસ્થાન દેવભૂમિ-તપોભૂમિ **હરિદ્વાર**ને આંગણે નૂતન નવલા દિવસોમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, **ભંડેરી ઈમ્પેક્ષ**ના યજમાનપદે **તા. ૨૯-૧૦-૨૦૧૪ કારતક સુદ - ૬ થી તા. ૬-૧૧-૨૦૧૪ કારતક સુદ - ૧૫** સુધી **સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી** દ્વારા વિરચિત મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનના હૃદયગત સિદ્ધાંતને વરેલા, જેમની સચોટ અને આચરણ સુસંગત વાણીએ હજારો ભક્તોના જીવન **પરિવર્તિત** કર્યા છે તેમજ સંપ્રદાયના **મૂળભૂત સિદ્ધાંતો** સમજાવીને લાખો મુમુક્ષુ જીવાત્માઓને સાચી **આધ્યાત્મિક પ્રગતિ**નો **માર્ગ** મોકળો કર્યો છે એવા સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની **૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'** પ્રસંગે **તા. ૨૯-૧૦-૨૦૧૪ કારતક સુદ - ૬ થી તા. ૬-૧૧-૨૦૧૪ કારતક સુદ - ૧૫** સુધી **'શ્રી હરિદ્વાર મહોત્સવ'**નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જનહિત, રાષ્ટ્ર કલ્યાણ એવં સંપ્રદાયના સુવિકાસ અર્થે પવિત્ર **૧૦૮ વિપ્રો** પોતાના કલ્યાણકારી શ્રીમુખે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની **૧૦૮ સંહિતા**નો પાઠ **અંતર્નાદ** કરી પાવન પર્વોત્સવને શોભાવશે.

ભગવાન શ્રીહરિના **અતિ પ્રસાદીભૂત તીર્થધામ**ની ગોદમાં કથા પારાયણ છાવણીની શીતળ અધ્યાત્મ છાયામાં કથા રસલહાણનો આસ્વાદ માણવા, **દેવદર્શન-ધર્મકુળ દર્શન-સંતદર્શન-ભજન-કથાવાર્તા** અને **તીર્થસ્થાનોના દર્શન**નો એક **અમૂલ્ય** અને **અલભ્ય લાભ** માણવા દેશ-વિદેશમાંથી હજારો ભક્તજનો ઉમટશે તેમાં આપને પણ **સ્નેહસભર** પધારવા માટે અમો હૃદયના પૂર્ણાહ્લાદ સાથે **નિમંત્રણ** પાઠવીએ છીએ...!! જો જો આ અમૂલ્ય અને અલભ્ય **અવસર** ચૂકાય ન જાય...!!!

**લી. ભંડેરી ઈમ્પેક્ષ - સુરત** વતી પ.ભ. શ્રી મગનભાઈ ભંડેરી, ઘનશ્યામભાઈ ભંડેરી, પ્રકાશભાઈ ભંડેરી, નિલેશભાઈ કોઠીયા, શંભુભાઈ મોરડીયા, પ્રવિણભાઈ લખાણીના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ....

Bhanderi Impex

Swaminarayan Chintan, October - 2014 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 14/6/2014

# મહોત્સવના સોનેરી રૂડા અવસરો

**પોથીયાત્રા**
તા. ૨૯-૧૦-૨૦૧૪ કારતક સુદ - ૬,
બપોરે ૩.૦૦ કલાકે

**મહોત્સવ દિપ પ્રાગટ્ય**
તા. ૨૯-૧૦-૨૦૧૪ કારતક સુદ - ૬,
બપોરે ૪.૦૦ કલાકે

**કથા પ્રારંભ**
તા. ૨૯-૧૦-૨૦૧૪, કારતક સુદ - ૬
બપોરે ૫.૦૦ કલાકે

**શ્રી ઘનશ્યામ જન્મોત્સવ**
તા. ૩૦-૧૦-૨૦૧૪, કારતક સુદ - ૭
સાંજે ૬.૦૦ કલાકે

**ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવ**
તા. ૨-૧૧-૨૦૧૪, કારતક સુદ - ૧૦
બપોરે ૧૧.૩૦ કલાકે

**કથા અંતર્ગત મહામંત્ર પ્રાગટ્ય**
તા. ૩-૧૧-૨૦૧૪, કારતક સુદ -૧૧
સાંજે ૬.૦૦ કલાકે

**કથા અંતર્ગત અન્નકૂટ મહોત્સવ**
તા. ૪-૧૧-૨૦૧૪, કારતક સુદ - ૧૨
બપોરે ૧૧.૩૦ કલાકે

**ફૂલદોલોત્સવ**
તા. ૪-૧૧-૨૦૧૪, કારતક સુદ - ૧૨
સાંજે ૬.૦૦ કલાકે

**રાસોત્સવ**
તા. ૫-૧૧-૨૦૧૪, કારતક સુદ - ૧૪
બપોરે ૧૧.૩૦ કલાકે

**મહોત્સવ પૂર્ણાહુતિ**
તા. ૬-૧૧-૨૦૧૪, કારતક સુદ - ૧૫
બપોરે ૧૨.૦૦ કલાકે

**કથા સમય** - સવારે ૮.૩૦ થી ૧૧.૩૦, બપોરે ૩.૦૦ થી ૬.૦૦

તા. ક.:- આ કથા મહોત્સવમાં સમગ્ર ધર્મકુળ પરિવાર તથા અનેક બ્રહ્મનિષ્ઠ સંતો-મહંતો પધારી દર્શન-અમૃતવાણી લાભ આપશે.

**૧૦૮ શ્રીમદ્ સત્સંગિજીવન સંહિતાપાઠ આચાર્યશ્રી :** શાસ્ત્રી શ્રી રવીન્દ્રભાઈ જોષી તથા શાસ્ત્રી શ્રી મનિષભાઈ રાવળ - જૂનાગઢ

## :: રાત્રિ કાર્યક્રમ ::

તા. ૩૧-૧૦-૨૦૧૪
**ભજન ડાયરો**
શ્રી કીર્તદાન ગઢવી, ગોપાલ ભરવાડ

તા. ૨-૧૧-૨૦૧૪
**લોકસાહિત્ય - હાસ્ય**
શ્રી માયાભાઈ આહિર

તા. ૪-૧૧-૨૦૧૪
**ભજન સંધ્યા - હાસ્ય**
શ્રી ઓસમાણ મીર, હરદેવ આહિર

તા. ૫-૧૧-૨૦૧૪
**કીર્તન-ભક્તિ સંધ્યા**
પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી, અનમોલ ખત્રી, હેંમત જોષી
સંગીત :- રવિ વ્યાસ - રાજકોટ

## ॥ મહોત્સવ પ્રસારણ ॥

હમારા લક્ષ્ય ચેનલ પર થશે **online :** www.lakshyatv.com

**વેબસાઈટ ઓનલાઈન :** www.sardharkatha.com / www.svg.org

તા. ક. :- બહારગામથી પધારેલ ભક્તજનો માટે ઉતારા તેમજ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007